
કુમાર



૫ મો અંક

પોષ '૮૭

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

લેખકોઃ જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

કુમાર

વર્ષ આઠમું · અંક પહેલો

પોષ
૧૯૮૭

શહીદોને

· પૃથ્વી ·

તજી જડ શરીરબંધ, દૃઢ કીર્તિબંધો ગ્રહ્યા,
તજી ક્ષણિક સૃષ્ટિ આ, અમર ધામમાં રાજતા;
તજી સ્વજન સ્નેહને જગતના બન્યા વ્હાલુડા,
તમે અજબ રીત જીવન મહાન વિસ્તારિયું.

લડી વિજય પામશું, પ્રબળ શત્રુને હાંકતો
ભગાડી, નિજ ધર્મરાજ્ય ભર હિંદમાં સ્થાપશું;
ઊઠંતી પ્રતિ યોધચિત્ત વિજયોર્મિઓ ત્યાગીને,
ઉદાર ચરિતાવલી જગતમાં બહાવી તમે.

ધરી ચરણ માતને કુસુમ શાં તમે ખીલતાં,
બલિષ્ટ, નવયૌવને ઊછળતાં, રૂડાં જીવનાં;
ધર્યાં પ્રથમ પાય મુક્તિ ગમ પંથ દેખાડિયો,
સુવર્ણ ઇતિહાસપૃષ્ઠ ભરિયાં હતાં ખાલી જે.

ક્ષુધા જન ગરીબની, ભરતભૂમિની મુક્તિની
તૃષા શમવવા તમે રૂધિર દેહથી દોહિયાં;
અહા, રૂધિરદુગ્ધ સિંચન કરી હર્યાં તાપ એ,
શરીર જડ ઓસર્યાં યશશરીર મોટાં થયાં


પ્રભાત ઊગશે, ઝગે કળશ મુક્તિના ધામના,
નિનાદ જયઘંટના, દરશને જનો આવશે;
તમે તહીં વિરાજશો જનની સોડમાં રાજતા,
યશોધન થકી, પ્રસન્નમુખ, આદિ પૂજારીઓ.

ન કેવલ શિલા મહીં જડ, સુરમ્ય કે કાવ્યમાં,
ન કે પ્રકટ થૈ વિરામ ગ્રહતા યશોગાનમાં,
પરંતુ રજની મુખે જનની પાસથી આ કથા,
અવાક થઈ સૂણતાં શિશુદિલે સદાં રાજશો.

અસંકુચિત ઇન્દ્રિયાર્થ જડ દેહસીમા તજી,
વિદેહ થઈ પ્રાણથી પરમ પ્રાણ પેટાવતા,
તમે વદન ચક્ષુ હીણ પણ બોલતા દેખતા,
સદા જગતકર્ણમાં વિમલ મુક્તિમંત્રો ભરો.

કહો, અયિ શહીદ ! મુક્ત જન કોણ આજે ખરા ?
સજીવન તમે, ગુલામ મૃતતુલ્ય આ જીવતા.

'સુન્દરમ્'





હિંદની જનતા સામે એક મોટી આંધી ચડી છે. છેલ્લા નવ માસમાં તો પ્રજાએ કેટલા ય અનુભવો લઇ લીધા, કેટલા યનાં પાણી મપાઇ ગયાં અને કેટલા ય ખેલ મંડાયા, છતાં પ્રજાની લડતની અવધિ કોઇ આંકી શકે એમ નથી. જીવન જીવતી દરેક પ્રજા માટે લડત હમેશને માટે સરજાએલી છે; તો પછી કેવળ નવો અવતાર પામતી પ્રજાની લડતને અવધિ શાની હોય?

ઈંગ્લંડની ચક્કર પરિષદે હિંદના ભવિષ્ય ઉપર ચકરડું વાળ્યું છે. કોંગ્રેસના હાથપગ ઉપર સરકારી અંકુશનાં સીલ થયાં છે, પ્રજાના ભદ્રમુખ સમા દેશનેતાઓ જેલની ભીંતો પાછળ ભીંસાય છે અને સ્વતંત્રતાના વારસદાર જુવાનો લોહી નીતારી રહ્યા છે, છતાં આ ભીષણ કાર્યક્રમનો અંત દેખાતો નથી. એનો જવાબ ક્યાંથી મળશે?

એનો જવાબ ઇંગ્લંડના પ્રપંચકુશળ મુત્સદ્દીઓ પાસેથી નહિ જ મળી શકે. એમને તો એમનો પરિવાર અને સત્તા સાચવી રાખવાં છે. એમનું ચાલશે ત્યાં સુધી એકેએક સાંકળ તેઓ હાથમાં રાખશે. હિંદના ખરા નેતાઓને તેઓ અવગણે છે, કારણકે તેમણે એ સાંકળો છુટાવવા–તોડવા યત્ન આદર્યો છે. એમના એ પ્રયત્નની સફળતા એકેએક હિંદવાસીના વ્યક્તિગત પ્રયત્ન ઉપર અંકાએલી છે. તેમણે આંકેલા કાર્યક્રમની સિદ્ધિ થઇ છે? સ્વદેશી માલ અને દેશના ગૃહઉદ્યોગને ટેકો આપવા કેટલો પ્રયાસ થયો છે? ઘેરેઘેર દેશની પરિસ્થિતિનું સાચું જ્ઞાન કેટલે અંશે પહોંચ્યું છે? દેશની મનોદશા વિકૃત કરનાર કેળવણી સામે વિરોધ કરવાને કેટલી તૈયારી થઇ છે?

હિંદમાં ઇંગ્લંડ કરતાં સાત કે આઠ

ગિરિશિખરને ભલે કૂદું ના
આભગાભને ભલે વીંધું ના
નાનું પણ કંઇ કરું કરું હું
આશાવાન જુવાન!
(રમણલાલ સોની)

ગણી વસ્તી હોવા છતાં એ નાનકડો ટાપુ કામનો જથ્થો કાઢવામાં હિંદને સૈકાઓ પાછળ નાખી શકે છે તેનાં ઘણાં કારણોમાં હિંદી જનતાની નિરક્ષરતા, અજ્ઞાન, પરંપરાની સામાજિક કુરૂઢિઓ, ધર્મના ઝગડાઓ અને નૈતિક હિંમતની ખોટ એ આગળપડતાં કારણો છે. તેને જ લીધે કેટલા ય હિંદી જુવાનો આગળ વધી શક્તા નથી અને આજે બીજા દેશોને મુકાબલે પ્રગતિના દરેક ક્ષેત્રમાં તદ્દન નીચા નંબરે રહી ગયા છે. એક મનુષ્ય હિંદમાં જન્મ લે અને બીજો યુરોપ અથવા અમેરિકામાં જન્મે ત્યારથી બંનેના શરૂઆતના આંકમાં જ મોટો ફરક પડે છે. બાળ ઊછેરમાં સુશિક્ષિત માતાને હાથે તાલીમ પામતો, રમતગમતથી દેહ જમાવતો, શિક્ષણના સિદ્ધ પ્રયોગોના લાભ લઇ કળાહુન્નર કે મનપસંદ દિશામાં વિકાસ સાધતો સ્વતંત્ર યુરોપ–અમેરિકાનો વિદ્યાર્થી હિંદના પૂજનપંથમાં રોકાઇ રહેલાં, વહેમોથી ડરતાં માબાપોને પેટે જન્મેલા, ટીપાતા, માર ખાતા, ગંદા મેલા, જ્ઞાતિના વાડામાં ગૂંગળાતા જુવાનની દયા ખાય અને તેને પોતાથી કોઇ ઊતરતી જાતનું પ્રાણી માની લે એમાં નવાઇ નથી.

જે દોષો અને અપલક્ષણો સમાજ પોતે દૂર કરવાની તાકાત ધરાવે છે તેને માટે તે બહારથી ઇલાજ શોધે અથવા પારકી સત્તા વચમાં પડે એવી સ્થિતિ ઊભી કરે ત્યાં સુધી સાર્વભૌમ સત્તાને પકડમાં લેવી સહેલી નથી. બાળલગ્નો, ધંધાની બિનઆવડત, શારીરિક અશક્તિ અને ખોટાં ખર્ચો દેશના જુવાનોનું લોહી પી જાય છે. હિંદુસ્તાનની યુનિવર્સિટીઓની તાલીમ તેમને માત્ર પોપટિયા જ્ઞાન આપે છે. વકીલો અને માસ્તરો જોઇએ તે કરતાં વધી પડ્યા છે. સ્વરાજની ઇચ્છાવાળા દેશને તો જુદી જ જાતનાં માણસો જોઇએ. એવાં જાતઆવડત, હૈયાઉકલત અને ક્રિયાશક્તિવાળાં માણસો ઉત્પન્ન કરવાને આપણી યુનિવર્સિટીઓએ શું કર્યું છે? આજે તો એ બધાં ભણતરનો ખર્ચ માબાપો ઉપર એક મોટો બોજો બની રહ્યો છે. આજે બીજા દેશોના જુવાનો પોતાની વિદ્યાથી ખેતી, કારખાનાં, વેપાર અને બાહોશી તેમજ સાહસના માર્ગો સર કરી રહ્યા છે તે વખતે હિંદુસ્તાનના ગ્રેજ્યુએટોને નોકરી મેળવવાનાં પણ ફાંફાં છે.

પૈસા અને શક્તિ બરબાદ કરનારી યુનિવર્સિટી પર આધાર રાખી હવે ક્યાં સુધી બેસી રહીશું? ગામો અને શહેરોનાં માબાપો, શ્રીમંતો અને યુવાનો મળી પોતપોતાની જરૂરિયાત પ્રમાણે શાળાઓ અને કારખાનાં ઊભાં કરી ઊગતી પ્રજાની યોગ્ય વ્યવહાર તાલીમ હાથમાં ન લે ત્યાં સુધી દેશનું દારિદ્રય ફીટાવવાનો કોઇ પણ માર્ગ નહિ થાય. એ દારિદ્રયને લીધે જ રોગ, દુઃખ, વ્યસન અને ઇર્ષ્યા આપણા દેશવાસીઓને ખાઇ રહ્યાં છે. કેટલાકનો તો જીવવાનો પણ હક્ક જોખમાયો છે. એવા આ સમયમાં દરેકને માટે ઉત્પાદક કામ અને તે પૂરતો નિર્વાહ મળે એવી નાની યોજના, કે નાનાંનાનાં કામ માટે યુવાન ઇજનેરો, રસાયણીઓ, અમલદારો, વેપારીઓ અને શ્રીમાનો સંગઠન આદરે તો હજુ યે મોડું નહિ ગણાય.



ઊ . ગ . તી . પ્ર . જા

સુરતની વાનર પરિષદ

વાનરોની તે પરિષદ! હિંદની ગુલામ પ્રજાનાં ગુલામ બાળકો પરિષદ ભરીને શું કરવાનાં? એ દયામણા ભુલકાંઓનું શું ગજું? —છતાં ય સુંદર પરિષદ ભરાઈ.

૨૯મી ડિસેમ્બરે પ્રાતઃકાળથી જ સુરત ધમધમતું હતું. જ્યાં જુઓ ત્યાં વાનર જ વાનર. હનુમાનજીના ચેલાઓએ 'હૂપાહૂપ'થી વાતાવરણ ગજાવી મૂક્યું. સ્ટેશન પર જાણે લંકા જીતીને આવેલા વાનરોનાં ટોળેટોળાં 'ગાંધીજીકી જય' 'હંસા બહેનકી જય'ના પોકારો વડે કાન બંધ કરાવતાં. સૌ વાનરોએ કુતૂહલથી ઊંચી ડોકે હંસાબહેનને નિહાળ્યાં. સરઘસમાં શિસ્તથી અને કવાયતી પગલે ચાલતા એ વાનરો જાણે ધરતી ડોલાવશે એમ ઘડીભર લાગતું.

'જમવાનું ક્યાં? જમવાનું ક્યાં?'

'માળવીની વાડી.'

ભોજન વખતે ૧૫૦૦ બાળકોનો શંભુમેળો થતો. જાતેજાતનાં બાળકો વાનરભાવથી જોડાજોડ બેસતાં, જમતાં ને આનંદ કરતાં. આડઆડ વાડીના ઉતારામાંથી બાળકો આવતાં.



સ્વાગતમંડળના પ્રમુખ ભાઇ વસંત પારેખ



[પરિષદમાં પ્રમુખ હંસાબહેન મહેતા]

ધાર્યા કરતાં સંખ્યા ત્રણગણી થઇ ગઇ. કાર્યકર્તાઓ મુંઝાતા, પણ ભોજનની અવ્યવસ્થા માટે ટીકા મૂક મોઢે સહતા. ન મળે આવવા માટે કાગળ, ન મળે કાંઇ પણ જાતની ખબર, ને ટોળેટોળાં ઊતર્યાં જ આવે, ઊતર્યાં જ આવે. ગમે એટલી મૂંઝવણ કરે તો યે એ તો આગણે આવેલાં મહેમાનો. પરાણે વહાલાં લાગે.

પરિષદ ભરાઈ. સ્વાગતગીત કેવું? 'આવો ગુલામો— આવો પીડિતો . . .' સુરતના વાનરોને મહેમાનોને પણ ગુલામો કહેવા પડ્યા! બીચારૂં હિંદ! ભાઇ વસંત પારેખે સ્વાગતમંડળના પ્રમુખપદેથી ભાષણ કર્યું. 'બાવલાનાં પરાક્રમો' લખનાર પ્રમુખની ઓળખાણ અપાઇ. હંસાબહેનનું ભાષણ થયું. વસંતે બાળમિત્રોને કાર્યદિશા સૂચવી. હંસાબહેને એમના અનુભવને અને એમને શોભતી ગંભીરતાથી વાનરોને શિખામણ આપી. સાંજે વ્યાયામ-કવાયત. પવનવેગે ફરતી લાઠી ને બનેટીનું પ્રદર્શન થયું. 'ઓહોહો' થઇ જાય એવા તાજુબીભર્યા પ્રયોગો દાખવી ગુજરાતનાં બાળકોએ પોતાનું બળ સાબિત કર્યું, ચાપલ્યની પ્રતીતિ આપી. પહેલો દિવસ ખલાસ.

બીજો દિવસ ઊગ્યો.

સવારથી જ એની એ દોડાદોડ. મંડપ આગળ વાનરોનાં તો ટોળેટોળાં. આગલા દિવસે મંડપમાં અશાંતિ હતી. બીજે દિવસે સ્થાનિક બાળકસંઘ સિવાયના વાનરો નિરાશ થઇ પાછા ગયા. જગ્યા ન હતી. મોટેરાંઓના ભાષણો થયાં. બુઝર્ગ નેતા ઇમામસાહેબે યુવકને પણ શરમાવે એવું જોશીલું ને પ્રેરણાત્મક ભાષણ કર્યું. બીજા તો ઘણાં યે બોલ્યાં. બાળકોના વહાલા ગિજુભાઇએ વાર્તા કહી. પછી સંદેશાઓ વંચાયા. બધામાં 'વાનર ધારે તે કરી શકે' એ નો એ ધ્વનિ.

શારદાબહેને ભાષણમાં કહ્યું કે મોટેરાંઓને શિખામણ આપવાનો વ્યાધિ હોય છે. પરિષદમાં ય એમ બન્યું. ૨૭ મીએ રાત્રે સૌ મોટાંઓ ભેગાં થયાં, બોલ્યાં, સાંભળ્યું, વિચાર્યું અને બાર ભલામણો વાનરો માટે તૈયાર કરી. સૌ સાદી અને સહેલી, માર્ગદર્શક. [અનુસંધાન આગળ પાન ૨૯મે]



ખુલાસો

¶. નિવૃત્તિના વખતમાં આપણા વિદ્યાર્થીઓ માટે નાટ્યકલાને શિક્ષણની ઊંચી પદવીએ મૂકવાની અભિલાષાનું આ પરિણામ છે. શેક્સપિયરે કહ્યું છે કે 'નૃત્યકલાનો હેતુ કુદરતની સામે અરીસો ધરવાનો છે.' એ પ્રમાણે અરીસો ધરવાની શક્તિ બાળકોની કેળવણીમાં મદદ કરે છે એવી માન્યતા વિલાયતના કેળવણી આપનારાઓની હોવાથી તે દેશમાં કેળવણી-નાં સ્થળોમાં તેને યોગ્ય સ્થાન અપાય છે. આ 'સિંહગઢ' પ્રથમ કૉલેજના વિદ્યાર્થીઓ માટે સરળ અંગ્રેજીમાં રચાયું હતું. આપણી કૉલેજના કેટલાક પ્રોફેસરો અને વિદ્યાર્થીઓની ઇચ્છાથી તે હવે ગુજરાતીમાં ઉતારાયું છે.

¶. જેમને ઐતિહાસિક વૃત્તિ નથી કે જેઓમાં ઇતિહાસ ઉપરથી સામાજિક આદર્શો ગ્રહણ કરવાની શક્તિ નથી તેઓએ આ વાંચવાનું ન હોય. ઇતિહાસગાત્ર મનુષ્યજાતિની અંદર વસેલ સ્વાભાવિક સુંદરતા, ધર્મવૃત્તિ, સહનશીલતા, કૃતજ્ઞતા, સ્વાર્થ તેમજ ક્રૂરતાનું વર્ણન છે. જુદાજુદા યુગોમાં આ સ્વભાવો જુદીજુદી રીતે વ્યક્ત થતા દેખાય છે. બસો વરસ અગાઉ આપણા લડાઇમય દેશમાં તે કેવા સ્વરૂપમાં પ્રચલિત હતા તેનો આદર્શ દેખાડવા આમાં પ્રયત્ન થયો છે. માટે જેઓ તે સમયથી સારીરીતે વાકેફ ન હોય તેમને, વખતે, આ નાનું લખાણ રસ નહિ આપે. તેમાં કેટલીક અપૂર્ણતાઓ છે; પરતુ તે મૂળ હેતુને આડી આવતી નથી. 'સિંહગઢ'માં મોટી ફીલસૂફી મૂકવામાં આવી નથી. તેમાં એક પણ વ્યક્તિ કે પ્રસંગ ખાસ ઐતિહાસિક નથી. પરંતુ ઇતિહાસમાં એવા પ્રસંગોની ખોટ નથી; તે અસંભવિત કલ્પના નથી. પાત્રો કલ્પિત છે પણ માણસો ખરાં છે. અને તેઓને જેમ બને તેમ સ્વાભાવિક રીતે બોલતાંચાલતાં કરી વિદ્યાર્થીવર્ગ અને વિદ્યાર્થીઓમાં રસ લેનારા સજ્જનોને દોઢેક કલાક આનંદ આપવાની ખાતર એ રચાયું છે.

—લેખક

પાત્રો

[આવવાના ક્રમ પ્રમાણે]

મોહનસિંહ	:	સિંહગઢના ત્રીજા નંબરના અમલદાર
તાનાજી	:	સિંહગઢના પહેલા નંબરના અમલદાર
કરણસિંહ	:	સિંહગઢના કિલ્લેદાર; મૂળરાજજીના જમાઇ
જેઠીજી	:	દરબારના નાના ભાઇ; કરણસિંહના હાથ નીચે કામ શીખતા.
જમાદાર	:	સિંહગઢના બીજા નંબરના અમલદાર
કુમાર	:	દરબારના કુંવર
મૂળરાજ	:	દરબારના મુખ્ય સેનાપતિ
જેસિંહ	:	મૂળરાજજીના મદદનીશ અમલદાર

એ ઉપરાંત કોટવાળ, ફિરંગી, તોપચી, સિપાઈ, જાસુસો વગેરે

અંક પહેલો

પ્રવેશ પહેલો

વરસ : સંવત ૧૭૯૩ અથવા અઢારમી સદીની આખરનું કોઇ પણ વરસ

સમય : સોમવારની સાંજ

દૃશ્ય

[સિંહગઢના દરબારગઢનો એક ઓરડો. સામી ભીંતમાં જમણી તરફ એક બારણું અને ડાબી તરફ બારી છે. બારી બંધ છે, બારણું ફુલ્લું છે. જમણી તરફની દીવાલને અડીને નાનાં ગાદીતકિયો પડ્યાં છે. ડાબી તરફની દીવાલમાં એક બારણું છે અને તેની નજીક એક ઢાળિયું મેજ છે. તેની ઉપર લેખણ ખડિયો અને રેતિયું પડ્યાં છે. તેની નીચે નાની એવી જૂની એક સાદડી પાથરેલી છે અને પાસે લખનાર કારકુનને બેસવા માટે મેલી, શાહીના ડાઘવાળી ગાદી છે. જમણી અને ડાબી દીવાલ ઉપર જૂના રિવાજ પ્રમાણે ચાકળા ટાંગેલા છે. સામી દીવાલના બારણાની પાસેના ખૂણામાં બેચાર બરછી પડી છે. બારી પાસેના ખૂણામાં એક નિમાજ પઢવાની દળી પડી છે અને તેના ઉપર ભીંતમાં એક ખીંટી છે આખા ઓરડાનો દેખાવ જાણે કે તેને બહુ સાફ રાખવાની મહેનત કોઇએ કરી ન હોય એવો છે. જમણી બાજુની ગાદી ઉપર સિંહગઢના મુખ્ય કિલ્લેદાર કરણસિંહ અને તેમની સામે તેમના ત્રણ અમલદારો તાનાજી, જેઠીજી અને મોહનસિંહ વાતો કરતા દેખાય છે. કરણસિંહ કાંઈક વાત સમજાવે છે; તાનાજી અને જેઠીજી ધ્યાનપૂર્વક તેમાં ભાગ લે છે. મોહનસિંહ બેચેન છે.
પડદો ઉપડ્યા પછી એકાદ મિનિટ કરણસિંહની વાત પૂરી થાય છે એટલે—]

મોહનસિંહ: પણ હું કહું છું કે એ નહિ થાય, નહિ થાય!

તાનાજી: જ્યારથી આ કામમાં આમને ભેળવ્યા ત્યારથી એમની સ્થિતિ દિવસેદિવસે ખરાબ થતી જાય છે.

મોહનસિંહ: કેમ ન થાય? હું જાણું છું કે તમે મને નામર્દ ગણશો. પહેલાં મને આશા હતી કે તમે સફળ થશો; પણ હવે તો મને ખાતરી છે કે આપણે નિષ્ફળ જ થશું.

કરણસિંહ: તમે મને સમજાવો તો ખરા કે નિષ્ફળ કેવી રીતે થશું? મેં તમને બધી વાત સમજાવી છે. એમાં જે કાંઇ ખામી હોય તે જણાવો. દરબાર અને મૂળરાજજી ચાળીસ ગાઉ દૂર છે. મરાઠાઓનું લશ્કર આપણાથી મોટું છે. ઉપરાંત આપણાં કેટલાંક માણસો માંદાં પડ્યાં છે. દુશ્મનોની સાથે કરારો નક્કી થાય તો કાલ સવારે કામ પૂરૂં થાય તેમ છે.

મોહનસિંહ: એ બધી વાત હું ન સમજું. હું તો એટલું જ જાણું છું—મારૂં અંતર મને કહે છે—કે આપણે નિષ્ફળ થશું. દરબાર બધી વાત જાણશે, આપણે પકડાશું અને પછી આપણાં નામની ખરાબ



મોહનસિંહ



જેઠીજી



કરણસિંહ



તાનાજી

આજરની પાયમાલી. . . . .ઓ પ્રભુ !

જેઠીજી: આમને તે આપણી સાથે કયાંથી ભેળવ્યા?

તાનાજી: મને ખબર ન હતી કે તમે આટલા બીકણ છો.

મોહનસિંહ: મને મોતનો ડર નથી. તેની ખાતરી મારા શરીર ઉપરના ઘાની નિશાનીઓથી ન થતી હોય તો દુશ્મન નજીક છે. તમે કહો તે સાહસ ખેડવા હું એકલો તૈયાર છું. પણ કોણ જાણે શું છે કે આ કામથી હું ડરવા માંડયો છું. કાં તો તે બંધ કરો ને કાં તો મને છૂટો કરો. હું મૂળરાજજી અથવા દરબાર પાસે જઇ સેવા કરીશ.

કરણસિંહ: હું તમારૂં કહેવું બરાબર સમજું છું. બે દિવસથી આ જ વાત અવારનવાર થાય છે. મેં કહ્યું છે અને તમારે સમજવું પણ જોઇએ કે હવે પાછું પગલું ભરી શકાય તેમ નથી. દુશ્મનો પાસે આપણા કાગળો છે, આપણાં નામ છે. તેઓને જરાપણ શક આવશે તો તેઓ બધી હકીકત દરબારને પહોંચાડયા વગર રહેશે નહિ. વળી તમે બીજે નોકરી ઉપર જાઓ તો આ તાનાજી અને જેઠીજીને કેવું લાગે? તમે જ દરબારને વાત કરશો એવી શંકા તેમને થયા વગર રહે નહિ. તમને આમાં સામેલ ન કર્યા હત તો વધારે સારૂં હતું તે હું હવે બરાબર સમજું છું. પણ તમારા ગરાસની પાયમાલી, તમારૂં કુટુંબ અમારાં કુટુંબોની જેમ દુશ્મનોના હાથમાં, એ બધા વિચારથી તમારા ભલા માટે તમને ભેળવ્યા. પહેલાં તો તમને પણ વાત પસંદ પડી હતી. તમે ભળ્યા તેથી તમને તમારાં છોકરાંઓના કાગળો પણ આવે છે; તેમની સ્થિતિ હવે પહેલાં કરતા ઘણી સારી છે એવા પણ ખબર આવ્યા છે. હું વધારે શું કહું? તમે જ વિચાર કરી જુઓ. કાંઇ પણ ઉતાવળું પગલું ભરવામાં ફાયદો નથી.

મોહનસિંહ: આપની વાત સાચી છે. મારા હૃદયની શંકા મટે એટલું જ હું માગું છું. તે વારંવાર વધી જાય છે અને હું સહન કરી શકતો નથી.

કરણસિંહ: તમારૂં મન એ જ વાત ઉપર ન ભમ્યા કરે એટલા માટે તમને એક કામ સોંપું. દુશ્મન એકાએક ફરી જાય તો આપણે તેના ઉપર અણધાર્યો ધસારો કરી તેને હરાવ્યા વગર, અને તે ન થાય તો મર્યા વગર, છૂટકો નથી. આ દેખીતું છે. તે પ્રસંગ ગમે ત્યારે ઊભો થાય. તેને પહોંચી વળવા મેં કેટલીએક ખાનગી તપાસ અને તૈયારી રાખવાનું કામ તાનાજી મારફત હાથમાં લીધું છે. તો આજ રાતે કોઇને પણ ખબર ન પડે તેમ, તમે તાનાજીને મદદ કરવા દરબારગઢને છૂપે રસ્તેથી જજો. તાનાજી બધી હકીકત જાણે છે અને તમને સમજાવશે. હવે જાઓ. અને જુઓ, બહુ વિચાર કર્યા કરવામા ફાયદો નથી.

મોહનસિંહ: એ કામ મને ગમશે;—પણ ઓ મારાં ચિત્ત! તારે માથે કેટલો બોજો છે?

તાનાજી: ચાલો તેનો રસ્તો હું તમને દેખાડું. ગમે તે ક્ષણે ગઢ બહાર લડાઇ કરવાની તજવીજમાં પડશો એટલે તમે તે ભૂલી જશો.

મોહનસિંહ: હું એ જ ઇચ્છું છું. મારા કામમાં ખામી નહિ આવે.

જેઠીજી: શાબાશ, એમ હિંમત રાખો. બધું એકબે દિવસમાં તો પતી જશે અને આપણે આપણાં બાળબચ્ચાંઓને મળશું.

કરણસિંહ: (મોહનસિંહનો વાંસો હોવાથી) તાનાજી, એમને બરાબર સમજાવજો, કાંઈ ખામી ન આવે.

[જમણા હાથની આંગળી પોતાને ગળે ફેરવે છે.]

તાનાજી: આપનો હુકમ બરાબર બજાવીશ. મોહનસિંહ ખામી કાઢે તો કહેવું.

[ડાબી તરફના બારણામાંથી મોહનસિંહ અને તાનાજી જાય છે.]

જેઠીજી: આ પણ એક પાપ છે. એનો તોડ કાઢયો તે સારૂં કર્યું. હવે અહીં જે કરવાનું હોય તે કહો એટલે હું કરવા માંડું.

કરણસિંહ: જમાદાર આવે તો કેટલુંક કામ તેમની મારફત કરવાનું છે. તમે રાજકુટુંબને આવતી કાલે નવે ગામ જવાનો બંદોબસ્ત કરાવો. માવરોનાં ત્રણ શાગરામ પાંચસો સવાર સાથે જાય. બધાને માટે એક માસ સુધી ચાલે તેટલો મોદીખાનાનો સામાન વગેરે તમામ ચીજ ગાડામાં ભરી આજ સાંજના રવાના થાય તેવો હુકમ થઇ ગયો છે. તમે જઇ તેમાં તાકીદ કરાવો. માવરો કાલે સવારમાં નીકળશે.

જેઠીજી: ભલે.

[જાય છે. એવામાં કંઇક યાદ આવતાં બારણા પાસે. ફરીને]

અને હાં, પેલો ફીરંગી તોપચી પશ્ચિમ કોઠામાં

સારી તોપો ગોઠવવા માટે તાણ કર્યા કરે છે. દેખાવની ખાતર પણ તેનું કાંઈક થાય તો સારૂં.

કરણસિંહ: મેં તેને પૂર્વ કોઠાની તોપો ત્યાં લાવવા રજા આપી છે, અને નવી તોપો ઢાળવાનું કામ પણ કાલ શરૂ થશે. એ તમારા ફીરંગીને સાથે લેવો હોય તો તેની કિંમત દસ હજાર છે. એ ફીરંગીઓ તો ગમે તેને વેચાય છે. પણ મેં વિચાર માંડી વાળ્યો.

જેઠીજી: વેચવાની વાત આપણાથી ન થાય.

કરણસિંહ: જેઠીજી!?!

જેઠીજી: કાંઇ બેઅદબી થઈ હોય તો માફ કરજો.

કરણસિંહ: બસ જાઓ!

[જમાદારને સામા બારણામાં આવતા દેખી તેને ચેતાવે છે.]

શીટ્ શીટ્—જમાદાર.

જેઠીજી: આવો આવો, જમાદાર.

[કરણસિંહ એકદમ જમાદાર પાસે જાય છે.]

કરણસિંહ: કેમ કાંઇ લાવ્યા?

જમાદાર: જી હા, એક કાગળ છે. પરમ દિવસે રાત્રે દુશ્મનો ચાલ્યા જશે.

[પોતાનો એક જોડો કાઢી સગતળી ઊંચી કરી તેમાંથી એક કાગળ કાઢી આપે છે.]

આ કાગળ.

જેઠીજી: બહુ સારૂં કર્યું હો જમાદાર; આ કામ તમારા સિવાય બીજું કોઇ ન કરી શકત.

જમાદાર: નોકરી છે ને સાહેબ. વળી દરબાર પહોંચી જાય ત્યાં સુધી પણ દુશ્મનોને દૂર રાખવાનું કામ મારે હાથે થતું હોય તો મારા જેવો બીજો ભાગ્યશાળી કોણ?

જેઠીજી: ખરી વાત છે. અને હવે તમે કહો છો તેમ દુશ્મનો ચાલ્યા જાય તો તમારી સારી કદર જરૂર થવાની. હું પોતે અને કરણસિંહ પણ દરબારને જાતે વાત કરશું. પણ મને આ મરાઠાઓનો કાંઇ વિશ્વાસ નથી. તેઓ કહે કાં'ક અને કરે કાં'ક. બોલો! તેમની છાવણીના દેખાવ ઉપરથી કાંઇ લાગ્યું કે તેઓ પડાવ ઉપાડી જવાના હોય?

જમાદાર: હા જી, ત્યાં તો બહુ મોટી હીલચાલ થઇ રહી છે. મને મારાં આંખ અને કાન ઉઘાડાં રાખવાની ટેવ છે. એકબે વાતો ઉપરથી, તેમજ આજે મને પહેલાં કરતાં માન ઓછું મળ્યું તે ઉપરથી લાગ્યું કે આ કિલ્લો જીતવો એ તો તેમને મન બહુ જ સામાન્ય વાત છે.

કરણસિંહ: જેઠીજી, જમાદારની વાત સાચી છે. ખંડેરાવ આપણી માગણીઓ કબૂલ રાખે છે અને બુધવારની રાતેઃ તેમનું લશ્કર ઊપડશે. જમાદાર, આ કાગળ બીજા કાગળોની સાથે મૂકી દ્યો.

[જમાદાર કાગળ લઇ મેજ ખેસવી નીચેની સાદડી ઊંચી કરી એક છીપર પોતાને જમૈયેથી ઉપાડી ખાડામાં કાગળ મૂકે છે અને પછી સાદડી ને મેજ હતાં તેમ કરી દે છે.]

અને જેઠીજી, તમારી માફક ખંડેરાવ ઉપર મને પણ વિશ્વાસ નથી. તમે જાઓ અને માવરોને રવાના થવાની ગોઠવણ એકદમ કરાવો. અત્યારે ગામના દરવાજા બંધ થયા અગાઉ ગાડાં રવાના થઇ જાય. કાલે પાંચસો સવાર જવાના છે તેના ઉપરી તરીકે જમાદાર જશે. મારે પેલા ફીરંગી તોપચી સાથે કામ છે એટલે હું જાઉં છું. તમે ગઢનો પહેરો બદલાવી આવશોને?

જેઠીજી: જી હા.

[કરણસિંહ સામી ભીંતના બારણામાંથી જાય છે.]

લ્યો જમાદાર, હું પણ જાઉં. તમારે કાલે સવારે માવરો સાથે જવાનું છે તો ઘેર આંટો મારી આવવો હોય તો અહીં કામ નથી. જાઓ ત્યારે આ ઓરડાનું તાળું દેજો.

જમાદાર: બહુ સારૂં. આ કાગળો તો અહીં જ રહેવા દેવાના છે ને? કે કારકુનને સોંપી દઉં?

જેઠીજી: ના અહીં જ રાખવાના. એ તો દુશ્મન કરાર પ્રમાણે વર્તે તો જ કોઇને દેખાડવાના છે. ત્યાં સુધી કોઇને વાત પણ કરવાની નથી.

જમાદાર: બહુ સારૂં.

[જેઠીજી સામા બારણામાં જાય છે. જમાદાર પોતાની તલવાર છોડી ખીંટીએ ટાંગે છે. જોડા કાઢી ખૂણામાં મૂકે છે. પછી કારકુનની ગાદી ઉપર બેસી, ભેટમાંથી નાનો બટવો કાઢી પાન સોપારી લે છે; ત્યાં ડાબી બાજુના બારણા-માંથી ઉતાવળા અને આતુર મોઢે મોહનસિંહ આવે છે.]

કેમ મોહનસિંહ આમ ઉતાવળા ક્યાં ચાલ્યા?

મોહનસિંહ: જમાદાર, હું તમને જ ગોતતો હતો. મેં સાંભળ્યું કે તમે ડેલે છો કે તરત હું આવ્યો. મારે તમને વાત કરવી છે. તમારા જેવા સીધા માણસ પાસે મારૂં હૈયું નહિ ખોલું તો હું ગાંડો થઈ જઇશ. મારાથી હવે સહ્યું જતું નથી.

જમાદાર: કેમ ભાઇ, શું છે? કહેવું હોય તે કહો. હું મારાથી બનતી મદદ કરીશ. કાંઈ ગુનાહમાં તો નથી આવ્યા ને?

મોહનસિંહ: ગુનોહ? ગુનોહ? ગુનોહ તે કેવડો! અહીં શું ચાલે છે તે કાંઇ તમે જાણો છો? પણ તમે ક્યાંથી જાણો? તમને ક્યાં લખતાંવાંચતાં આવડે છે? અમે બધા શું કરીએ છીએ!

જમાદાર: તમે બધા એટલે કોણ? જરા શાંત થાઓ અને સરખી વાત કરો.

મોહનસિંહ: મારે વખત થોડો છે. હું તાનાજીને મૂકીને આવ્યો છું, અને તે ક્યારે મારી પાછળ આવશે તેની ખાતરી નથી. ટુંકામાં કહી દઉં. અહીં મોટો રાજદ્રોહ ચાલે છે. આ ગઢ—આ રાજધાની વેચાય છે. દુશ્મનોને ખબર જાય છે. થોડા દિવસમાં જ બધું વેચાઇ જશે.

[જમાદાર રાજદ્રોહની વાત સાંભળી ઊભા થઇ જાય છે.]

જમાદાર: આ શી વાત કરો છો?! આ બધું કોણ કરે છે?

મોહનસિંહ: આપણે બધા. કરણસિંહ, જેઠીજી, તાનાજી, હું, તમે,—બધા!

જમાદાર: હું?!—

મોહનસિંહ: આ કાગળો લઇ જાઓ છો અને લાવો છો તેમાં શું છે તેની તમને ખબર નથી.

જમાદાર: એ તો સંધિની વાત છે!

મોહનસિંહ: ના ના. આ તો અમારા ગરાસ અને અમારાં બાળબચ્ચાંઓને છોડાવવા આ રાજધાની વેચવાની મોટી ખટપટ છે. તમે કાંઈ જાણતા નથી. તમને સંધિની ખોટી વાત કહેવામાં આવી છે. તમારી આબરૂ સારી છે. તમે દરબારના વિશ્વાસપાત્ર માનીતા નોકર છો. તમે લખીવાંચી શકતા નથી એટલે તમારી બુદ્ધિ ને બહાદુરીનો ઉપયોગ થાય છે. તમારા સિવાય ખંડેરાવની છાવણીમાં છૂપી રીતે એકલો બીજો કોણ જાય?

જમાદાર: મોહનસિંહ, તમે આ શી વાત કરો છો? શું કરણસિંહ અને જેઠીજી આવું કરે? હોઇ શકે જ નહિ. હું હમણાં જ ખંડેરાવ પાસેથી આવું છું અને મને ખબર છે કે આ બુધવારની રાતે તેમનું લશ્કર ઊપડી જવાનું છે.

મોહનસિંહ: તમે 'એ' ખબર લાવ્યા? તો થયું.

જમાદાર: શું 'થયું?'

મોહનસિંહ: એ છૂપો સંદેશો છે. બુધવારે રાતના આ કિલ્લા ઉપર ચડાઇ થશે!

[તાનાજી મોહનસિંહને બોલાવતા હોય તેવો અંદરથી અવાજ આવે છે]

તાનાજી આવે છે; હું જાઉં. એને કહેશો મા હો, કે મેં તમને વાત કરી છે! 'બુધવારે રાતે'!—ઓ પ્રભુ!! જમાદાર કાંઇક રસ્તો કાઢો. આ પાપમાંથી બચીએ એવું કાંઇક કરો.

જમાદાર: આ બધી વાત સાચી છે, કે તમે ગાંડા થઇ ગયા છો? મને ખાતરી શી?

મોહનસિંહ: શું હું ખોટું બોલું છું? વખત હત તો બધા કાગળો તમને વાંચી સંભળાવત.

[તાનાજી અંદરથી—'અરે મોહનસિંહ!']

જુઓ મને બોલાવે! હું જાઉં. તે જો મને તમારી સાથે દેખશે તો શક જશે કે મેં તમને વાત કરી દીધી. પણ હું કહું છું તે સાચું છે. બુધવારે મધરાતે ખૂટેલા માણસો પહેરા ઉપર ચડશે અને દુશ્મનો ચડાઇ કરે ત્યારે આપણે તો તેમની સામે માત્ર લડાઇનો દેખાવ જ કરવાનો છે! ચાલો હવે હું જાઉં.'

જમાદાર: તમે અહીં રહો, હું તેમને બોલાવું.

મોહનસિંહ: ના, ના!

જમાદાર:

[મોઢા આડી આંગળી દઈ ચૂપ રહેવાનો સિસકારો બોલાવી ડાબી બાજુના બારણાને ઉઘાડી]

તાનાજી, મોહનસિંહ અહીં છે.

[તાનાજી આવે છે.]

તાનાજી: તમે અહીં શું ચાલ્યા આવ્યા? હું તો તમારી વાટ જોઉં છું. આપણે ઘણું કામ છે, ચાલો!

જમાદાર: એમને તો મેં રોક્યા હતા. મારે કાલે નવે ગામ જવાનું છે, એટલે હું પૂછતો હતો કે એમની ટુકડીમાંથી ક્યા ક્યા સારા સવારો આપી શકશે.

તાનાજી: એ તો બધો બંદોબસ્ત થઇ ગયો છે; અને મારે ઉતાવળનું કામ છે.

જમાદાર: શું કામ છે?

તાનાજી: આપણે ગમે ત્યારે દુશ્મન સામે ચડાઇ કરી શકીએ તેની મોહનસિંહ અને હું આજ રાતે તપાસ કરવા જવાના છીએ.

મોહનસિંહ: દુશ્મનો તો બુધવારે રાત્રે ચાલ્યા

જાય છે, તો પછી આ કામની કાંઇ જરૂર છે?

જમાદાર: એ કરાર વિરૂદ્ધ નહિ થાય?

તાનાજી: મને જેઠીજીએ વાત કરી અને સેનાધિપતિનો હુકમ છે કે દુશ્મન છાવણી ઉપાડતો હોય ત્યારે જ આપણે એમના ઉપર એકાએક તૂટી પડીએ તો થઈ શકે કે કેમ એની તપાસ કરવી.

જમાદાર: પણ ખંડેરાવ ચાલ્યા જવાના હોય તો તે દગો નહિ થાય?

તાનાજી: અરે ખંડેરાવનો ભરોસો શો? પણ અહીં વાતોમાં વખત જાય છે. ચાલો. કરણસિંહે પણ તમને બોલાવ્યા છે.

જમાદાર: તો ભલે, જાઓ. મોહનસિંહ, કરણસિંહ રજા આપે તો કહેજો કે આવતી કાલે મારી સાથે તમને લઇ જવાની મેં માગણી કરી છે.

મોહનસિંહ: હું વાત કરીશ. પણ જો અહીં લડાઇનું થતું હોય તો મારે તમારી સાથે નથી આવવું.

[તાનાજી અને મોહનસિંહ ડાબી બાજુથી જાય છે.]

જમાદાર: મને છેતર્યો અને દુશ્મનોને વેચાયા! આ મોહનસિંહ જો હિંમત ન હાર્યો હત તો મને ખબર પણ પડત નહિ. પણ હવે ખબર પડયા તો ઇલાજ શો લેવો? ગામ વચ્ચે જઈ બધાને ઉઘાડા પાડું? તો તો મને ખોટા ઠરાવી મારી નાખે. જેઠીજી ભાઈ થઇને દરબારની રાજધાની વેચવા બેઠા છે તેમાં મારા જેવાનો શો હિસાબ? એ રસ્તો નકામો છે. મરવાને અડચણ નથી, પણ નકામું નથી મરવું. કરણસિંહે દુશ્મનો ઉપર જે કાગળો લખ્યા છે તેનો નાશ થઇ શકે? એ થાય તો આખી ખટપટ કાયમ માટે રદ થાય. ખંડેરાવ માને તો કરણસિંહ અને જેઠીજીને તો ધમકાવી દઉં. એ મરાઠો કોઇ રીતે કાગળો વેચે? વખત થોડો છે.

રાજ્યકુટુંબને આવતી કાલે લઇ જવાનું છે અને પરમ દિવસે તો દુશ્મન આવે છે. હું રાજકુટુંબ સાથે જાઉં કે તે કામ બીજાને સોંપાવું? હું અહીં વધારે ઉપયોગી થઇશ કે રાજકુટુંબ સાથે? આ રાજધાની વેચાય ત્યારે તો અહીં રહી મરવું બહેતર છે; પણ રાજકુમાર આવતી કાલે માત્ર પાંચસો માણસ સાથે જ નવાગામ તરફ જવાના છે. અને એ ખબર દુશ્મનોને અપાયા હોય તો?! અભણની આ દશા! હું વાંચીને આટલું પણ જાણી શકું તેમ નથી. રાજકુટુંબ અહીં રહે તો તો કિલ્લા સાથે તેઓ જરૂર પકડાવાના. જો જાય તો પણ રસ્તામાં પકડાવાનો સંભવ છે. શું કરૂં? કોની સલાહ લઉં? અલ્લાહ! મને રસ્તો બતાવ. અલ્લાહ! અલ્લાહ!

[ખૂણામાં દળી પડી છે, તે લઇ પાથરીને નમાઝ પઢે છે.]

પડદો

[એક મિનિટ પછી.]

પ્રવેશ રજો

દૃશ્ય

[એ જ જમાદાર નમાઝ પઢી જાજમ ઉપર વિચાર કરતા બેઠા છે. કાંઈ નિશ્ચય ઉપર આવ્યા હોય તેમ ઊઠી જાજમ પાછી ખૂણામાં મૂકે છે. ખીંટી ઉપરથી પોતાની તલવાર લઈ કેડે બાંધે છે. પછી મેજ નીચેના કાગળો કાઢવા જાય છે. મેજ ખસેડે છે ત્યાં ઓરડાની બારી ધીમેથી ઊઘડે છે. અને એક છોકરો છાનોમાનો અંદર જુએ છે. જમાદારને જોઇ સીટી મારી તરત બારી બંધ કરી દે છે. જમાદારનું કાગળો અરધા બહાર કાઢવાનું અને છોકરાને સીટી મારવાનું એકસાથે થાય છે. જમાદાર સીટી સાંભળી ગભરાઇને કાગળો ખાડામાં ફેંકી દઇ એકદમ ઊભા થઇ જાય છે અને બારણાં તથા બારી તરફ નજર કરે છે. કોઇને દેખતા નથી એટલે એકદમ ઉતાવળે ખાડો બંધ કરી સાદડી અને મેજ પાછાં હતાં તેમ મૂકી બારી અને બારણાં વચ્ચે દીવાલનો ભાગ છે ત્યાં છુપાઇ જાય છે અને બારી તથા બારણાં તરફ નજર કરે છે. ત્યાં બારણાં પાસે પોતે પગલું સાંભળ્યું હોય તેમ અવાજ સાંભળવાથી ભીંત સાથે વધારે દબાઇ જે કોઇ આવે તેના ઉપર એકાએક તરાપ મારવા તૈયાર થાય છે. ધીમેધીમે એક બાળકનું માથું બારણામાંથી અંદર આવે છે. જમાદારને માથાના વાળ દેખાય છે કે તરત ઝડપ મારી તેને ગળા પજ્વાડેથી પકડી અંદર ખેંચી લે છે. છોકરો નાની સરખી રાડ પાડે છે અને જમાદાર તેને તરત ઓળખે છે અને છોડી દે છે.]

જમાદાર: ઓહ! આ તો તમે!

કુમાર: (દાંત કાઢીને) મેં તમને કેવા બીવડાવ્યા!

[કિશોરની ઉમર ચૌદેક વરસની છે. પોતે કાંઇક તોફાન કરીને આવ્યો હોય તેમ વાળ વિખરાઈ ગયા છે. લૂગડાં ઉપર છાતીએ અને જમણા પગે લોહીના ડાઘ છે.]

જમાદાર: કુમાર, આ લોહી શું? શું તમને વાગ્યું છે?

[એકદમ કુમારને પોતાની પાસે લઇ લે છે.]

કુમારઃ ના, ના, મને વાગ્યું નથી. આ મારૂં લોહી નથી.

જમાદારઃ તમારૂં નહિ ત્યારે કોનું ?

કુમારઃ તમે ભડકશો નહિને ?

જમાદારઃ તમે શું કોઇને મારી આવ્યા છો ? આ તમારા હાલ તો જુઓ ! આ મેલાં કપડાં, આ લોહી; તમે વાત તો કરો કે શું તોફાન કર્યું છે ?

કુમારઃ તમે એમ ભડકો તો કહેવું ન ગમે.

જમાદારઃ (જરા તપીને) મને ન કહેવું હોય તો ચાલો માજી પાસે.

કુમારઃ ના, ના; ત્યાં નહિ. જુઓ, હું કહું. આજ બપોરે એક મોટું હરણ સાવ મારી બારી નજીક આવ્યું. તે એવું સરસ હતું કે એને મારવાનું મને મન થયું; અને હું એની પાછળ ગયો.

જમાદારઃ તમને ગઢ બહાર જવાની મનાઇ છે તોય ? અને એકલા ?

કુમારઃ ના, મેરૂ મારી સાથે હતો. એને તમારે ભડકવાનું નથી, હો; અને કોઇને કહેશો પણ નહિ. મેં હુકમ કર્યો તે એ બીચારો શું કરે ? હરણ નજીક હતું એટલે મને થયું કે સહેલાઇથી મળી જશે. પણ એમ કાંઇ થયું નહિ. હું ધીમેધીમે તેની પાસે પહોંચ્યો. પણ જ્યાં બાણ ખેંચું છું ત્યાં મારા પગની નીચેથી એક છુટ્ટો પથ્થર ગબડી પડ્યો અને તેના અવાજથી હરણ જરા દૂર ભાગી ગયું.

જમાદારઃ પછી ?

કુમારઃ હું પાછળ ગયો. હું નજીક જતો જાઉં તેમ તેમ હરણ આગળ જતું જાય. આમ હું લગભગ અરધોક ગાઉ ચાલ્યો ગયો.

જમાદારઃ અને મેરૂએ તમને ના ન પાડી !

કુમારઃ એણે ના તો પાડી, પણ મેં તેને એક કોર બેસાડી દીધો. મારૂં મન હરણ ઉપર હતું અને એ તો બોલ્યા કરતો'તો.

જમાદારઃ શું તમે એકલા ગયા?

કુમારઃ હા.

જમાદારઃ ઠીક, તમારી વાત પૂરી કરો.

કુમારઃ છેવટે હરણ તો ચાલ્યું ગયું અને હું આપણા દક્ષિણ રસ્તે પહોંચ્યો. મને વિચાર થયો કે મેરૂ નથી ને હું એકલો કેમ ઘેર પહોંચીશ ? ત્યાં એક સવાર મેં જોયો. તેણે મારી પાસે આવી કહ્યું કે પોતે મને લેવા જ આવેલ છે. એ બહુ ગભરાએલો લાગતો હતો. એણે તેની સાથે ઘોડા ઉપર બેસી જલદી આવવાનું મને કહ્યું. હું તેને બાણ આપી તેની સાથે ઘોડા ઉપર બેઠો ત્યારે મને ખબર પડી કે એ તો દુશ્મનનો એક સવાર હતો.

જમાદારઃ આ તમે શી વાત કરો છો ?

કુમારઃ હું જે બન્યું તે કહું છું. પણ તમે કોઇને કહેશો મા, હો; નહિ તો મા અને બાપુ બહુ ધખશે.

જમાદારઃ એ તો હું પછી વિચાર કરીશ. તમે અહીં કેવી રીતે આવી પહોંચ્યા તે વાત કરો. એ દુશ્મન છે તેમ જાણ્યું ત્યારે તમે ગભરાયા નહિ ?

કુમારઃ ના; એની ઉતાવળમાં એ ભૂલી ગયો કે મારી કટાર મારી કેડે હતી. એણે મને પોતાની છાતી સાથે આમ દાબી રાખ્યો હતો, એટલે મેં કટાર કાઢીને એને મારી.

જમાદારઃ (ઉત્સાહથી) શાબાશ. ક્યાં ને કેમ મારી ?



કુમારઃ તમે શીખવ્યું છે તેમ; ત્રીજી પાંસળીની નીચે; [પોતાને હાથે જમાદારની ડાબી છાતીને અડે છે] —આમ.

જમાદારઃ શાબાશ, શાબાશ, એ ખરો ઘા. એ

ધાને માટે જ હું તમને કદાચ માફ કરૂં.

કુમાર: માફ કરવું જ જોશે. હું કોઈ દિવસ ફરી એવું નહિ કરૂં. તમે કહેશો તેમ કરીશ. માજી જાણશે તો બહુ વઢશે.

જમાદાર: પણ આવે વેશે તમે ઘરમાં જશો કે તરત ખબર તો પડી જવાની.

કુમાર: એ માટે તો હું તમારી પાસે આવ્યો. તમે કાં'ક રસ્તો કાઢો.

જમાદાર: એ ઠીક! મને પૂછ્યા વિના ગમે તેમ કરવું અને ગુનાહમાં આવો એટલે મારી પાસે આવવું એ વ્યાજબી ન કહેવાય.

કુમાર: પણ હું કોઇ દિવસ ફરી નહિ કરૂં હો, જમાદાર.

જમાદાર: વચન આપો છો?

કુમાર: હા, તમે કહો તેમ.

જમાદાર: આ છેલ્લી વખતને માટે જવા દઉં છું. આ મારી પછેડી વીંટીને તમારા ઓરડામાં જાઓ. ત્યાં માણસને કહી ગોસળ તૈયાર કરાવો. ગોસળના ઓરડામાં જ નહાઇધોઇ કપડાં બદલી આ કપડાંનું મારી પછેડીમાં પોટકું બાંધી મને આપી જાઓ. મારે એ કપડાંને બાળી દેવાં જોશે. લોહીના ડાઘ કોઈ રીતે નીકળશે નહિ. ચાલો, ઝટ કરો.

[પોતાની પછેડી કાઢી કુમારને વીંટવા માંડે છે.]

કુમાર: આ હું કોઈ દિવસ નહિ ભૂલું (પછેડી વીંટાઇ રહી એટલે) કાલ મારો પોપટ જોવા આવજો. એ હવે બોલતાં શીખ્યો છે.

જમાદાર: કાલ નહિ અવાય. કાલે માવરો અને તમને લઇને નવેગામ જવાનું છે.

કુમાર: કેમ?

જમાદાર: એ બધી વાત રસ્તામાં કરશું, હમણાં તો તમે જાઓ.

કુમાર: હા, લ્યો.

[જાય છે. બારણા પાસે પહોંચી પાછો ફરે છે.]

પણ હું જાઉં તે અગાઉ એક વાત કહો. તમે જમીનમાં કાગળિયાં શું જોતા હતા?

જમાદાર: તમે તે જોઇ ગયા?

કુમાર: મેં આ બારીમાંથી પહેલાં નજર કરી ત્યારે તમે મેજ નીચેથી કાંઇક કાગળિયાં કાઢતા હતા. એટલે મેં સીટી મારી. (હસીને) તમે ચમક્યા બહુ, ખરી વાત?

જમાદાર: જુઓ કુમાર, છોકરાઓ રાજનાં કામમાં પડે તો તેમાંથી નુકસાન થાય. એ કાગળો બહુ ખાનગી છે.

કુમાર: કેવી મજા? હું ખાનગી કાગળ સંતાડવાની જગ્યા જાણી ગયો.

જમાદાર: અને જો તમારી વાત છાની રાખવી હોય તો તમારે આ પણ ખાનગી રાખવું જોઇશે.

કુમાર: જરૂર; હું ખબર નહિ પડવા દઉં. કહોને કે એ શું છે?

જમાદાર: મૂળ વાત કોઇને કહેવાય તેવી નથી; પણ આટલું તમને કહું. કેટલીએક ગફલતો થઇ છે તેને અંગેની હકીકતના એ કાગળો છે. એના ખબર જો દરબારને પડે તો ઘણાને સજા થાય.

કુમાર: સજા! કોને? તમને?

જમાદાર: હા! મને સજા થાય, અને કેટલાએક અમલદારોને પણ સજા થાય.

કુમાર: તમને સજા? 'તમે' ગુનોહ કરો, જમાદાર?

જમાદાર: મેં ગુનોહ નથી કર્યો, પણ ગુનોહ કરનારાને જાણું છું અને બનતાં સુધી મારે આડી નથી ખાવી.

કુમાર: તમે ગુનોહ નથી કર્યો ને? તો ઠીક.

જમાદાર: પણ હવે તમે જાઓ. અને આને માટે ચૂપ!

કુમાર: હું નહિ કહું. ફીકર રાખો મા.

જમાદાર: તો બસ.

[કુમારને ડાબી દીવાલના બારણા સુધી મૂકી આવે છે. કુમાર જાય છે. તેના ગયા પછી જમાદાર તાણીને તેમને કહે છે]

પોટલું ઝટ પાછું લાવજો!

કુમાર: (અંદરથી) હો.

જમાદાર: અત્યારે તો આ કાગળો મારે ઘેર લઇ જાઉં.

[મેજ ખસેડવા કરે છે ત્યાં અંદરથી માણસોનો અવાજ આવે છે, એટલે મેજ હતું તેમ કરી દે છે. કરણસિંહ અને જેઠીજી એકબીજા સાથે વાત કરતા સામે બારણેથી અંદર આવે છે.]

કરણસિંહ: કાંઇ પણ ખબર દીધા વિના, એકાએક —(જમાદારને દેખે છે) શું તમે હજી ઘેર નથી ગયા?

જેઠીજી: જાઓ જાઓ, જમાદાર! મૂળરાજજી દસ હજાર માણસો સાથે આવ્યા છે, સામા જઇને

મળો. અમે આવીએ છીએ.

જમાદાર: (આકાશ તરફ હાથ ઊંચા કરી ઇશ્વરનો ઉપકાર માનતા હોય તેમ) મૂળરાજજી અને દસ હજાર સવાર! શુકર અલ્લાહ!!

કરણસિંહ: હા હા, શુકર અલ્લાહ. પણ તમે જાઓ.

જમાદાર: હું એમ નથી જવાનો. આ કાગળોની ખરી વાત હું જાણું છું.

કરણસિંહ: તમે જાણો છો?

જમાદાર: હા, હું જાણું છું. હવે તમારે શું કરવું છે?

[જેઠીજીને પોતાની પાછળ જતા જોઇને]

જેઠીજી એમ મારી પાછળ જાઓ મા. મને મારી નાખવાથી તમે કોઇ છૂટો તેમ નથી. અત્યારે આખી ખટપટનું નામનિશાન કાઢી નાખવાનો વખત છે, તે મને મારવાથી નહિ નીકળે. મૂળરાજજી આવી ગયા છે એટલે બુધવાર રાતની ચડાઇ નહિ અટકાવો તો ખંડેરાવ જરૂર હારશે; અને તેનું વેર લેવા તે તમારા કાગળો દરબારને મોકલ્યા વગર રહેશે નહિ. તમારી શી દશા થવાની તેનો વિચાર કરો.

જેઠીજી: એ વાત સાચી છે. આપણે શું કરશું?

જમાદાર: તાનાજી ને મોહનસિંહ ક્યાં છે?

જેઠીજી: મને ખબર નથી, હું તપાસ કરૂં?

જમાદાર: તાનાજીનું કાંઇ નહિ, પણ મોહનસિંહને સંતાડો. એ મોઢું બંધ રાખી શકે તેમ નથી.

કરણસિંહ: એ તો કરાવી દઇએ. જેઠીજી તમે જાઓ.

જમાદાર: જુઓ, ધ્યાન રાખજો! એને ઇજા થઇ તો હું તમારા ઉપર દયા નહિ રાખું.

કરણસિંહ: પણ તમારૂં પોતાનું શું થશે?

જમાદાર: મારૂં તો ગમે તે થાય, પણ ખબરદાર, જો તમે કોઇના પણ ઉપર હાથ ઉપાડ્યો તો!

[જેઠીજી જાય છે]

હવે, કરણસિંહ મારે તમારૂં શું કરવું? મને દગો દીધો તેનો બદલો શો આપું?

કરણસિંહ: અત્યારે શું તકરાર કરવાનો વખત છે? શું તમે જેઠીજીને અને મને ઉઘાડા પાડશો? મૂળરાજજીનો કે દરબારનો કાંઈ વિચાર કર્યો?

જમાદાર: તમે મૂળરાજજીના જમાઇ છો અને જેઠીજી દરબારના ભાઇ છે એ જ મને આડું આવે છે; નહિ તો મારા આ બે હાથે જ તમને મારી નાખું.

કરણસિંહ: તો હવે વાતોમાં નકામો વખત જાય છે. આપણે ખંડેરાવને એકદમ ખબર આપવા જોઇએ, કે મૂળરાજજી અચાનક આવી ગયા છે એટલે આપણે કાંઇ કરી શકીએ તેમ નથી. તમારે એક આંટાનું જોખમ ખેડવું જોઇશે.

જમાદાર: ખંડેરાવ પોતાની પાસે જે કાગળો છે તે મને બાળી નાખવા દે એવી તમે ગોઠવણ કરી શકતા હો તો જોખમ ખેડું. તે કાગળો ન સોંપે તો મારે જવું નકામું છે. માત્ર મૂળરાજજી આવી ગયાના ખબર તેને દેવાથી તમે છૂટતા નથી. કાગળોનો નાશ થાય તે જ જરૂરનું છે.

કરણસિંહ: હું વિગતવાર કાગળ લખીશ અને ખંડેરાવ જરૂર માનશે. એમની ઇચ્છા હશે તો તેમને સારી રકમ પણ આપીશ. માત્ર બધી વાતનો આધાર તમારા જોખમ ખેડવા ઉપર છે.

જમાદાર: જો કાગળો મળતા હોય તો તમારી ખાતર નહિ, પણ દરબાર અને મૂળરાજજીની ખાતર ખેડીશ.

[અંદરથી માણસોનો અવાજ આવે છે.]

કરણસિંહ: કાં તો મૂળરાજજી આવે છે. રાતને બીજે પહોરે મારે ઘેર આવજો.

[તાનાજી અને જેઠીજી અંદર આવે છે.]

તાનાજી: મોહનસિંહ મારે ઘેર છે. મૂળરાજજી અહીં પધારે છે, તૈયાર થાઓ.

[મૂળરાજજીનાં બે માણસો આગળ આવે છે તેમની પાછળ મૂળરાજજી આવે છે, તેમની પછવાડે જેસિંહ આવે છે અને તેની પાછળ આવતાં બીજાં માણસો બારણાની બહાર જ ઊભાં રહે છે. કરણસિંહ વગેરે પ્રણામ કરે છે અને મૂળરાજજી, જેઠીજીને તથા કરણસિંહને ભેટે છે. જેસિંહ જમાદાર પાસે જઇ આ ઓરડો શું છે તેમ ખબર પૂછે છે અને અમલદારોને સામાન્ય કામ કરવાનો છે એમ જવાબ મળતાં પ્રથમ આવેલા પોતાના બે અમલદારોમાંથી એકને બોલાવી એ જ ઓરડામાં તેને રહેવાનું કહેતા હોય તેમ નિશાની કરે છે]

[પડદો]

• • • આ નાટકનો બહુ જ રસભર્યો આકર્ષક અને અસરકારક બાકીનો છેલ્લો ભાગ આવતા અંકમાં • • •

હિંદના ઇતિહાસના પોતાના તલસ્પર્શી ગ્રંથોથી જગજાણીતા થએલા સમર્થ વિદ્વાન

વામનદાસ વસુ

[મેજર બી. ડી. બસુ I. M. S.]

માત્ર ઇતિહાસના જ નહિ, પણ વૈદ્યક અને વનસ્પતિવિદ્યા,
આરોગ્ય ને અર્થશાસ્ત્ર, ધર્મ ને તત્ત્વજ્ઞાન સાહિત્ય ને કળા,—એમ અનેકવિધ વિષયોના
ઊંડા અભ્યાસી, મર્મજ્ઞ ને લેખક હતા. અંગ્રેજી ઇતર-વાચનના શોખી અને હિંદના ઇતિહાસના અભ્યાસી
યુવાનોને એમનું નામ અજાણ્યું નથી, બલ્કે ઘણાને પ્રિય છે. હિંદી સરકારમાંની લશ્કરી દાક્તર અને અફસર તરીકેની
ઉજળી કારકીર્દિ ઉપરાંત, નોકરી દરમ્યાન અને તે પછી જીવનના અંત સુધી ગાળેલા સાહિત્યજીવનમાં એમણે જ્ઞાનનાં
અનેક ક્ષેત્રોમાં અખંડ વિદ્યોપાસના કરી છે, અને એ બહોળા વાચન તથા મર્મગ્રાહી અભ્યાસના ફળરૂપ વિદ્યાની
અવિરત ધારા જેવાં લખાણો ને ગ્રંથો પોતાની લેખિનીમાંથી સતત વહેવડાવ્યા છે. એવા ઉદ્યમી,
અભ્યાસી ને ઉપાસનામય જીવન વિષે એમના નિકટના મિત્ર અને 'મૉડર્ન રિવ્યુ'ના તંત્રી

શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય

નો લખેલો આ પરિચય જુવાન વાચકોને રસોત્તેજના આપશે.

સંસ્કૃતમાં એક કથન છે: 'दारिद्र्यदोषो गुणराशि नाशी.' એમાં બહુ કડવું સત્ય સમાએલું છે. એક દારિદ્રયના દોષને કારણે ભલા ગુણિયલ ને ચારિત્ર્યવાન માણસના ગુણો પણ ઢંકાઈ જાય છે અને તેની કદર થતી નથી. આ કથન આપણને—પરાધીન હિંદને બીજી રીતે પણ બરોબર લાગુ પડે છે. પરતંત્ર દેશ ભલે ચાહે તેવા સામર્થ્યવાન નરરત્નો પેદા કરે, છતાં બીજા સ્વતંત્ર ને સંસ્કારી ગણાતા દેશો તેમની બૂજ ન



સ્વર્ગસ્થ વાગનદાસ વસુ

જાણે ત્યાં સુધી જગતની નજરમાં તેનું કશું મૂલ નથી. હિંદ પરાધીન છે એટલા જ કારણથી આજે એના પ્રખર બુદ્ધિસામર્થ્યવાળા વિદ્વાન પુત્રોની પશ્ચિમના સ્વતંત્ર દેશોના પુત્રો જેટલી કદર નથી બુઝાતી. અને પછી તો એ પરાધીન પ્રજાનું માનસ પણ આપ-હીણું થઇ જાય છે, અને પોતાના ગમે તેવા પ્રતિભાશાળી પુત્રોને પારકે માપે જ તે આંકવા માંડે છે. આપણા કવિઓની પ્રતિભાનું સ્વતંત્ર ગૌરવ કરવાને બદલે એમને ગુજરાતના ટેનિસન, ગુજરાતના શેલી કે કીટ્સ કહીને પિછાનવામાં એ આપહીણા માનસ (inferiority complex)ની પામરતા જ છે. એવું જ આપણાં શક્તિસંપન્ન માણસોની કદર બૂજવામાં બને છે. પશ્ચિમનો કોઈ વિદ્વાન આપણા કોઇ લેખક કે વિદ્વાનની કદર ન કરે ત્યાંસુધી આપણે આપણા વિદ્વાનોને પૂરા પિછાનતા પણ નથી.

બંગાળના વિખ્યાત લેખક મેજર બી.ડી. બાસુ–વામનદાસ વસુ–(આઇ. એમ. એસ.)નાં ઐતિહાસિક અને બીજાં લખાણો પહેલવહેલાં પ્રગટ થવા લાગ્યાં ત્યારે મિત્રોમાં અને વર્તમાનપત્રોમાં તો તે ઠીક પ્રશંસા પામ્યાં, પણ હિંદ સમસ્તની ને જગતની આંખે તો તેનો સાચો પ્રકાશ ત્યારે જ પડ્યો કે જ્યારે એમના સમર્થ પુસ્તક 'રાઇઝ ઑફ ધ ક્રિશ્ચિયન પાવર ઇન ઇન્ડિયા' વિષે અમેરિકાના વિદ્વાન ડૉ. જે. ટી. સંડરલૅંડે, લખ્યું કે 'હિંદમાંની બ્રિટિશ હકુમતનો ને સત્ય અગત્યની માહિતીઓવાળો ખ્યાલ આપનારૂં આ પુસ્તક હિંદી ઇતિહાસના અભ્યાસીને માટે અનિવાર્ય છે.'

બાબુ શ્યામચરણ વસુના એ સૌથી નાના પુત્ર વામનદાસનો જન્મ ૧૮૬૭ની ૨૪મી માર્ચે લાહોરમાં થએલો. બંગાળના ખુલના પરગણામાં આવેલું ટાંગ્રા–ભવાનીપુર એ બાબુ શ્યામચરણનું મૂળ વતન. બંગાળામાં રેવ. ડૉ. ઍલેક્ઝાન્ડર ડફ નામના પાદરીને

હાથે તે ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામેલા. અંગ્રેજોએ પંજાબ ખાલસા કર્યા પછી થોડે જ વખતે શ્યામચરણ બાબુ લાહોર ગએલા અને પછી ત્યાં જ કાયમી વસવાટ કર્યો. રેલવેના પાટાઓએ હજી હિંદ પર જાળગૂંથણીની શરૂઆત પણ કરી નહોતી એ જમાનામાં બળદગાડીની હાડમારીભરી મુસાફરી કરતા કેટલેક મહિને તે બંગાળથી પંજાબ પહોંચેલા. ત્યાં બેએક વરસ એક અમેરિકન મિશન સ્કુલમાં હેડમાસ્તર તરીકે નોકરી કર્યા પછી નવી સ્થપાએલી અંગ્રેજ સરકારની નોકરીમાં દાખલ થયા, અને જ્યારે પંજાબ પ્રાંતમાં પહેલવહેલું સરકારી કેળવણીખાતું સ્થાપવામાં આવ્યું ત્યારે તેના હેડ કલાર્કની જવાબદારીભરી જગ્યા એમને મળી. અનુભવી અને શક્તિશાળી હોવાથી આખા પંજાબ પ્રાંતના કેળવણીખાતાની વ્યવસ્થા એમને જ હાથ હતી. અને પોતાને મળેલી આવી જવાબદારીવાળી જગ્યાનો પૂરો સદુપયોગ કરી એમણે પંજાબમાં કેળવણીના પ્રચાર અર્થે તનતોડ જહેમત લીધી. એમની કાર્યકુશળતા, બુદ્ધિમત્તા અને ચારિત્ર્યશુદ્ધિએ પંજાબના અંગ્રેજ અમલદારવર્ગ તથા લેફ્ટેનન્ટ ગવર્નર સર રૉબર્ટ મૉન્ટગૉમરી જેવાને પણ મુગ્ધ કર્યા હતા. તે વેદાંતી ધર્મ પાળતા તથા અંગ્રેજી સાહિત્યના સારા અભ્યાસી ને ભાષાપંડિત હતા.

૪૦ વરસની ઉમરે ૧૮૬૦માં એમનું અકાળ અવસાન થયું તે સમયે પાંચ મહિનાના વામનદાસ પારણે ઝુલતા હતા. એને મન પિતૃહીન થવાનો શોક કે સુખ બંને સરખાં હતાં. સંયુક્ત પ્રાંતમાં ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજના ઉચ્ચ દરજ્જા સુધી પહોંચનાર રાય બહાદુર શ્રીશચંદ્ર વસુ વિદ્યાર્ણવ વામનદાસના મોટા ભાઇ થાય. તે પછીની બે બહેનો, અને સૌથી નાના વામનદાસ. બે ભાઇઓ વચ્ચે છ વરસ અને ચાર દિવસનું અંતર. તેમના પિતા શ્યામચરણને પગાર બહુ ભારે ન મળતો. પણ એ કાળ સોંઘવારીનો હતો એટલે એટલી રકમમાં કુટુંબનો નિભાવ સારી રીતે થતો અને તે સુખી ગણાતું. મરણસમયે પિતા ઠીક ધન મૂકતા ગએલા, પણ કેટલાક કહેવાતા મિત્રોએ એ કુટુંબને પૈસેટકે પાયમાલ કરી નાખ્યું. પતિવિયોગના શોકને હૃદયમાં જ શમાવી દઇ માતા ભુવનેશ્વરીદેવીએ ચાર અનાથ સંતાનોને એકલે પંડે સનાથ બનાવવા ખૂબ મથન તથા મહેનત કરી. રહ્યુંસહ્યું ઘરેણુંગાંઠું વેચી નાખી તેણે બાલકોનું પાલનપોષણ કરવા માંડયું. આ આપત્તિકાળમાં કમ્મુ નામના એક જૂના નિમકહલાલ નોકરે બહુ સહાય આપી. એક વખત સારા કુશાદે મકાનમાં રહેનાર એ કુટુંબે માસિક બાર આનાના ભાડાંનું ઝુંપડા જેવું ઘર રાખ્યું. એ ખોબા જેવડા ઘરમાં કલ્લોલતાં બાળકોને ઊછેરતી માતાએ ખરો કસોટીનો કાળ ગાળ્યો. છેવટે શ્રીશચંદ્રે મોટા થઇ મૅટ્રિક પસાર કરી અને તેને રૂા. ૧૫ની શિષ્યવૃત્તિ મળતી થઇ ત્યારે એ ઘોલકી જેવું ઘર ત્યજી તેથી કંઇક વધુ સારા—એટલે કે મહિને રૂા. દોઢના ભાડાવાળાં મકાનમાં એમણે વાસ કર્યો. જગતની ઘણી પ્રતિભા અને સામર્થ્યના મૂળમાં માતાના પ્રાણ અને પ્રેરણાનું સિંચન છે. ભુવનેશ્વરીદેવી શિક્ષણ તો અક્ષરજ્ઞાન જેટલું જ પામેલાં હતાં પણ ભારે સુશીલ, અસાધારણ તર્કબુદ્ધિવાળાં અને બાળકો પ્રત્યે પોતાની ફરજ બરાબર સમજનાર ગુણિયલ ને ધર્મવૃત્તિવાળાં સન્નારી હતાં. શ્રીશબાબુ અને વામનદાસે મોટપણે જે મહત્તા મેળવી તેનાં બીજ એ આદર્શ માતાએ જ નાખેલાં. ૮૬ વરસનું લાંબુ જીવન તેમણે બાળકો ઉપર પ્રેમ અને પ્રેરણાનું અખંડ છત્ર ધરી રાખવામાં વ્યતિત કર્યું.

૧૮૮૨માં મૅટ્રિક પસાર કરીને વામનદાસ લાહોરની મેડિકલ કૉલેજમાં દાખલ થયા. શરૂઆતમાં તો સારો અભ્યાસ ચાલ્યો, પણ '૮૭માં કૉલેજના આખરી વરસમાં પ્રસૂતિવિદ્યાની પરીક્ષામાં તે નાપાસ થયા. આથી હતાશ થઇ તેમણે આગળ વધવાનો વિચાર માંડી વાળ્યો. પણ મોટાભાઇ શ્રીશચંદ્ર અને બનેવી (બહેન જગતમોહિનીના પતિ) બાબુ તારણચંદ્ર દાસ તરફથી વૈદકના આગળ અભ્યાસ માટે ઇંગ્લંડ જવાનું ઉત્તેજન મળતાં તે ઇંગ્લંડ જવા તૈયાર થયા. જતાં પહેલાં અલ્લાહાબાદના બાબુ હરિમોહન દેનાં પુત્રી શ્રીમતી સુકુમારીદેવી સાથે તે લગ્નગાંઠથી જોડાયા.

૧૮૮૮ના ઑગસ્ટમાં તે ઇંગ્લંડ પહોંચ્યા અને ત્યાં L. S. A., M. R. C. S. અને I. M. S. ની પરીક્ષાઓ સહેલાઇથી પાસ કરી. ઉપરાંત લશ્કરની અફસરી તાલીમ લઇને જાન્યુઆરી ૧૮૯૧માં 'કિંગ્સ કમિશન'નું માન પણ મેળવ્યું. ૧૮૯૧ના એપ્રિલમાં તે મુંબાઇ પાછા ફર્યા કે તરત જ ત્યાં ને ત્યાં મુંબાઇ



મેજર બી. ડી. બસુ : કિંગ્ઝ કમિશન મળ્યું તે વખતે

ઇલાકામાં જ સરકારે તેમની નિમણૂક કરી. ૧૬ વરસ સુધી, છેક ૧૯૦૭માં તે નિવૃત્ત થયા ત્યાં સુધી, એ નોકરીમાં રહ્યા. નોકરી દરમ્યાન ઘણોખરો ભાગ તેમણે ચાલુ લડાઇમાં—ખાસ કરીને સુદાન અને ચિત્રલમાં—સૈનિકદળની સાથે જ ગાળેલો. સિવિલ સર્જન તરીકે તો માત્ર નોકરીના છેવટના ભાગમાં તેમણે પૂના, અહમદનગર ને બેલગામમાં કામ કરેલું, અને ત્યાંથી અંતે નરમ તબિયતને અંગે નોકરી છોડી.

બલુચિસ્તાન અને મલકંદમાં તેમણે ઉઠાવેલા અવિરત પરિશ્રમને લીધે તેમની તબિયત ભાગી પડી અને તેમને સ્કર્વી તથા મધુપ્રમેહના રોગ લાગુ પડ્યા જે ૧૯૩૦ના સપ્ટેમ્બર તા ૨૩મીએ જીવલેણ નીવડ્યા.

૧૬ વરસની ટૂંકી મુદતમાં નોકરી છોડવાનું કારણ એકલું નાદુરસ્ત તબિયતનું જ નહોતું. ચોવીસે કલાક સામ્રાજ્યસત્તાની ખુમારીવાળા લશ્કરી માણસો સાથે ગાળવાના હોવાથી તેમને પોતાનું વ્યક્તિગત તેમજ દેશનું સ્વમાન જાળવવાના ઘણા આકરા પ્રસંગો આવતા. તેમની સ્વમાન તથા સ્વદેશાભિમાનની લાગણી કેટલી તીવ્ર હતી તે નીચે આપેલા દાખલા ઉપરથી સમજાશે. એક વાર બાદશાહ જ્યૉર્જના જન્મદિવસની ખુશાલીના લશ્કરી ખાણા વખતે બાદશાહની તંદુરસ્તી ઇચ્છિનારૂં પીણું (દારૂ) પીવાનો પ્રસંગ આવ્યો. જીવન-પર્યંત બીડી કે ચા સરખીને પણ ન અડકનાર ચુસ્ત નિર્વ્યસની વામનદાસે તે પીવાની બધાની વચ્ચે દૃઢતા-પૂર્વક સાફ ના પાડી. આ ઉપરથી તેમને બાદશાહ તરફ લૂણહરામ થવાનો ટોણો મારવામાં આવતાં તેમણે ભારે ગૌરવ અને મગરૂરીપૂર્વક સ્પષ્ટ સંભળાવી દીધું કે 'હું લૂણ તો મારા દેશનું ખાઉ છું,—એટલે કે દેશની મહેસુલી આવકમાં થી જ મને પગાર મળે છે. અને મારા દેશને તો હું પૂરેપૂરો નિમકહલાલ છું.'

એમણે પોતાના જીવન દરમ્યાન બનેલા અવનવા પ્રસંગોની તથા નોકરી દરમ્યાન સંસર્ગમાં આવેલા ભિન્નભિન્ન માણસો અને જોએલાં સ્થળો સંબંધે 'સંસ્મરણો'ના નામથી ઓગણીસેક પ્રકરણો લખી રાખેલાં, પણ કમનસીબે તેમની આખરી માંદગી વેળા તેમાંનાં સત્તર પ્રકરણો અકલિત રીતે ગૂમ થઇ ગયાં. એટલે છેલ્લા ૧૯૨૯–૩૦ના બે વર્ષનાં તથા તેઓ ઈંગ્લંડમાં હતા તે વેળા ટપકાવેલાં એટલાં જ હાલ હાથ લાગ્યાં છે. એ ખોવાએલાં પ્રકરણો જો કદિ પણ હાથ નહિ જ લાગે તો એક અતિ રસમય અને બોધપ્રદ જીવનની કથાથી દુનિયા વંચિત રહી જવાની.

૧૮૯૯ના જુલાઇમાં શ્રીમતી સુકુમારી દેવીએ તેમના એકના એક સંતાન અને પુત્રને જન્મ આપ્યો. પણ ત્યારથી એમનું શરીર કથળ્યું ને ત્રણ વરસ સુધી ક્ષયથી પીડાયા પછી ૧૯૦૨માં તેમણે દેહ છોડ્યો. જીવનસહચરીના વિયોગે વિધુર વામનદાસે તે પછીનું બાકીનું અટૂલું જીવન બહુ જ સાદું અને સાધુવૃત્તિથી ગાળ્યું. સાધારણરીતે બંગાળીઓને માંસમચ્છીનો બાધ નથી હોતો. વામનદાસ પ્રસંગોપાત એ લેતા, પણ પત્નીના અવસાન પછી તેમણે એ આહારનો હમેશને માટે ત્યાગ કર્યો. સામાન્ય વ્યસનોથી તો તે મૂળથી મુક્ત હતા એ હકીકત ઉપર જ આવી ગઇ છે. ચા તો તે પીતા જ નહિ. બીડીનો સ્વાદ માત્ર એકવાર એમણે ઇંગ્લંડમાં લઇ જોએલો. પણ એ તો એટલો કપરો નીવડેલો કે તેની અસરથી તે બેશુદ્ધ થઇ પડેલા.

નોકરીમાંથી નિવૃત્તિ મેળવી મેજર વસુએ કુટુંબ સાથે અલ્લાહાબાદમાં કાયમી વસવાટ કર્યો. ત્યાં પહોંચતાં જ ત્યાંના કેટલાક અગ્રણી ધંધાદારી ડૉકટરોએ, આવા કુશળ દાકતર પોતાના શહેરમાં આવવાથી પોતાની કમાણી જશે એ બીકે એમને અલ્લાહાબાદમાં ડૉકટર તરીકે ધંધો નહિ માંડવા વિનંતિ કરી. પણ સાહિત્ય-સેવા કરવાની આકાંક્ષાવાળા અને સાધુ જીવન

ગાળતા વામનદાસને પૈસેટકે સમૃદ્ધ બનવાનો લેશ પણ લોભ કે લાલસા હવે રહ્યાં નહોતાં. વળી તેમને મળતું પેન્શન પોતાના બે જણ—બાપ-દીકરા—ના સાદા જીવનના નિર્વાહ માટે પૂરતું હતું. એટલે એમણે તે જ ક્ષણે એ વિનંતિને માન આપ્યું અને સદાને માટે ડૉક્ટરી ધંધો છોડ્યો. તેમના આ નિરધારથી દાક્તરી ધંધાને ભારે હાનિ થઇ કહેવાય; પણ બીજી બાજુએ દેશના ઇતિહાસ અને બીજા સાહિત્યના ક્ષેત્ર-માં તથા વિદ્યાવિકાસમાં જે લાભ થયો તે નાનો-સૂનો નથી; બલ્કે અનન્ય છે.

નિવૃત્તજીવનની એમની સાહિત્ય પ્રવૃત્તિની વાત કરતાં તરત જ પહેલી અને અચૂક યાદ, એમણે જેને માટે બાકીનું જીવન અવિશ્રાંત પરિશ્રમ ખેડ્યો તે—અલ્લાહાબાદની પેલી વિખ્યાત 'પાણિની ઑફિસ' ની આવે છે. એ બંને બાંધવની જોડી—શ્રીશચંદ્ર અને વામનદાસ—નાં નામ એ સંસ્થાના નામ સાથે ચિરકાળ અંકિત રહેશે. એ જબરી સંસ્થા વિષે વિગતવાર લખવાનું આ સ્થળ નથી, પણ અહીં એટલું બસ થશે કે એ સંસ્થાએ પ્રગટ કરેલાં પુસ્તકોમાંથી હિંદુ-ધર્મ વિષયક ગ્રંથમાળાનાં ઘણાંખરાં પુસ્તકોના સંપાદક મેજર વસુ હતા; સંસ્કૃત વ્યાકરણ 'સિદ્ધાંત કૌમુદી'ના તે પોતાના મોટા ભાઇના સહઅનુવાદક હતા; અને છેક છેલ્લી ભયંકર માંદગીને બિછાને પડ્યા ત્યાં સુધી, મોતીઆને લીધે આંખોનું નૂર ખોએલું છતાં, જીવનની અંતઘડી પર્યંત એ સંસ્થાની સેવા તેમણે અવિશ્રાંત પરિશ્રમ અને અનન્ય ભાવપૂર્વક એકધારી કર્યા કરી. એ બંને ભાઇઓમાં જે પરસ્પર પ્રેમભાવ, નિષ્ઠા અને ભક્તિ એ સંસ્થાના કાર્યમાં તેમજ પોતાના ખાનગી જીવનમાં ઝળકી રહ્યાં છે તે માત્ર આજે જ નહિ, પણ સદાકાળને માટે વિરલ આદર્શસમ રહેશે.

શી અદ્ભુત એમની સ્મરણશક્તિ! ૩૦, ૪૦ કે ૫૦ વરસ પહેલાં બનેલા બનાવનાં ચોકસ તારીખ-વાર તે સ્મૃતિમાંથી તરત કહી આપતા અને પોતાના શોખનાં પુસ્તકોમાંના તો તે ફકરાના ફકરા ગમે તે સમયે મોઢેથી બોલી જઇ શકતા. 'મૉડર્ન રિવ્યુ' અને 'પ્રવાસી' શરૂ થયાં ત્યારથી જોકે હું તેનો તંત્રી છું છતાં જ્યારેજ્યારે તેમાંથી વર્ષો પહેલાં આવી ગએલી કોઇ વસ્તુ હું સહેલાઇથી શોધી ન શકતો ત્યારે તેની માહિતી માટે હું તરત એમને અલ્લાહાબાદ તે બાબત લખી પૂછાવતો, ને વળતી જ ટપાલે મને તેની વિગત-વાર ચોક્કસ માહિતી મળી જ જતી! તેમના અ-ભ્યાસના વિષયો અતિ ભિન્નભિન્ન હતા, અને છતાં એ બધામાં તેમનો અભ્યાસ ઘણો બહોળો અને ઊંડો તથા જ્ઞાન અગાધ હતું. જ્યારે પણ, તેમના એ વિવિધ-જ્ઞાનના ગમે તે કોઇ વિષય સંબંધે મને જોઇતી માહિતી માટે હું પૂછું કે તરત જ મને તે અચૂક મળે.

એમનામાં પત્રકારિત્વની પણ જબરી પ્રતિભા હતી, અને ધાર્યું હોત તો પોતે સમર્થ પત્રકાર બની શક્યા હોત. ઇંગ્લંડમાં દાક્તરી અભ્યાસ કરતા ત્યારે ત્યાંથી નીકળતા હિંદી કૉંગ્રેસના મુખપત્ર 'ઇંડિયા'ના (મે ૧૮૯૦ના) અંકમાં 'ઇન્ડિયન મેડિકલ સર્વિસ માટે લેવાતી પરીક્ષાઓ વિષે ગંભીર તહોમતનામું' નામનો લેખ લખેલો. તે પછી છેક ૧૯૦૮ સુધી એમણે એક વૈદ્યકીય પત્રમાં 'હિંદના વિખ્યાત વૈદ્યો' નામની એક ચાલુ ચરિત્રમાળા આપ્યા કરેલી. 'મારો ઈંગ્લંડ-વાસ' નામનું એમનું પુસ્તક પહેલવહેલું ગઇ સદીના છેલ્લા દશકામાં લાહોરના 'ટ્રિબ્યૂન' પત્રમાં કકડેકકડે પ્રકટ થએલું. જોકે બંગાળી માસિક 'પ્રવાસી' અને અંગ્રેજી પત્ર 'વેલફેર'માં આવતા એમના લેખો તો એમની સહીથી જ છપાતા પણ 'મૉડર્નરિવ્યુ'માં ઘણુંખરૂં એ નામ આપ્યા વિના જ વખતા. અને એ ફાળો કાંઇ નાનોસૂનો નથી. એની માત્ર યાદી જ બે અઢી કોલમ જેટલી લાંબી થવા જાય છે.

મને એમનો પ્રથમ પરિચય ૧૯૨૦માં થયો. ૧૯૦૬ના સપ્ટેમ્બરમાં મેં અલ્લાહાબાદની કાયસ્થ પાઠશાળામાંથી, શિક્ષણ વિષયક બાબતોમાં એ સંસ્થા-ના ચાલકો સાથે મતભેદ પાડવાને કારણે રાજીનામું આપ્યું અને એક અંગ્રેજી માસિક કાઢવાનો મનોરથ ઘડ્યો. એ વેળા બંગાળી 'પ્રવાસી' માસિક તો હું કાઢતો જ હતો. મારા એ મનોરથમાં તે દિનથી તે છેક એમના અવસાનની ઘડી સુધી વામનદાસ વસુએ પોતાથી બની તેટલી સહાય છુટે હાથે કરી છે. એને માટે તો હું એમનો સદા ઋણી અને આભારવશ રહીશ.

લંડનમાં વિદ્યાર્થીજીવન ગાળતા વામનદાસનો શોખ જૂની ચોપડીઓની દુકાનો શોધી કાઢી ત્યાંથી સારા-સારા લેખકોનાં ઉપયોગી જૂનાં પુસ્તકો અને છાપાં

ખરીદી લેવાનો હતો. જ્યારે તે હિંદ પાછા ફર્યા ત્યારે એવાં ઘણાં કિંમતી પુસ્તકોનો મોટો સંગ્રહ સાથે લાવેલા. એ તથા એમના મોટા ભાઇનાં ખરીદેલાં પુસ્તકો એકઠાં કરીને એમણે ખાનગી પુસ્તકાલયની રચના કરી પોતાની માતાનું નામ કાયમ રાખવા એનું નામ 'ભુવનેશ્વરી ગ્રંથભંડાર' રાખ્યું તેમાં નવી ખરીદીઓ, 'પાણિની' ઑફિસનાં પ્રકાશનોના બદલામાં મળતાં પુસ્તકો, મિત્રો તરફથી મળતી ભેટો તથા સરકારી અને ખાનગી વ્યક્તિઓ તરફથી આવતાં પુસ્તકોના ઉમેરાથી તે ઉત્તરોત્તર વધતું જઇને એવડું તો મોટું થયું કે આજે તે હિંદભરના સારામાં સારાં પુસ્તકાલયોમાંનું એક ગણાય છે અને તેમાં સંસ્કૃત, પુરાતત્ત્વ અને ઇતિહાસવિષયક પુસ્તકોનો ઘણો જ કિંમતી સંગ્રહ છે.

૧૯૧૪માં લેફ્ટેનન્ટ કર્નલ કે. આર. કીર્તિકર અલ્લાહાબાદ ગયા ત્યારે આ સમૃદ્ધ ગ્રંથભંડાર જોઈ એટલા તો પ્રસન્ન થઇ ગયા કે વનસ્પતિવિદ્યાનાં બેમૂલ પુસ્તકો તથા ચોપાનિયાંઓનો પોતાનો સંગ્રહ અને અપુષ્પ છોડવાઓના પોતે સ્વહસ્તે દોરેલાં કિંમતી ચિત્રો તથા ફોટોગ્રાફો વગેરે બધી અભ્યાસસામગ્રી-વાળી લાયબ્રેરી પોતાની પાછળ શ્રી વસુને મળે એવું વિલ કરતા ગયા. મેજર વસુએ એનો બદલો બહુ જ ગૌરવભરી સુજનતાથી વાળ્યો. ડૉ. કીર્તિકરના વનસ્પતિશાસ્ત્રના મોંઘા અભ્યાસની બેમૂલ સામગ્રીનો એ મોંઘો સંગ્રહ એમણે ૧૯૨૦માં કલકત્તા યૂનિવર્સિટીને એ શરતે ભેટ આપ્યો કે યૂનિવર્સિટીએ અભ્યાસીઓને માટે એક 'વનસ્પતિ સંગ્રહસ્થાન'ની સ્થાપના કરી તેને 'ડૉ. કીર્તિકર વનસ્પતિ સંગ્રહસ્થાન'નું નામ આપવું તથા હિંદની 'અપુષ્પ વનસ્પતિ' વિષે એક ગ્રંથ પ્રકટ કરી તેમાં ડૉ. કીર્તિકરે કરેલી શોધો સંબંધના લેખો તથા ચિત્રોનો સમાવેશ કરવો. એ ઉપરાંત મેજર વસુએ પોતે લે. કર્નલ ડૉ. કીર્તિકર સાથે મળીને 'હિંદના વૈદકીય રોપા' નામની રૂા. ૨૭૫ની કિંમતની ગ્રંથમાળા પ્રકટ કરેલી તેના ૧૦૦ સેટ એ યૂનિવર્સિટીને એ શરતે ભેટ આપ્યા કે તેના વેચાણની આવકમાંથી મુંબાઇની વનસ્પતિઓ વિષેનો 'કીર્તિકર સ્મારક-ગ્રંથ' પ્રકટ થાય, 'કીર્તિકર વનસ્પતિ સંગ્રહ'ના વિકાસમાં સહાય મળે તથા હિંદની અપુષ્પ વનસ્પતિ વિષે વધુ શોધખોળ કરવામાં આવે. ઉપરાંત સંગ્રહમાંનાં થોડાં પુસ્તકો એમણે અલ્લાહાબાદની સ્ત્રી-શિક્ષાલય નામની મહિલાવિદ્યાપીઠને ભેટ આપ્યાં.

માત્ર જૂનાં પુસ્તકોનો જ નહિં પણ જૂનાં સામયિક પત્રોના સંગ્રહનો પણ એમને ઘણો શોખ હતો અને તેવાંમાંથી કાપી તથા તારવી કાઢીને એકઠી કરેલી કાપલીઓ ચોંટાડેલી અસંખ્ય ફાઇલોનો એવો ઉપયોગી સંગ્રહ એમણે કરેલો કે એ જોઇને ભલભલા પત્રકારને પણ અદેખાઇ થાય. નોકરી દરમ્યાન એક વેળા લશ્કરી છાવણીમાંના પોતાના સાથી અમલદારો અને મિત્રો પાસેથી એમણે ૨૦ મણ જેટલાં જૂનાં છાપાં ખરીદી લીધેલાં ને એમાંથી વાંચીવાંચીને કાપલીઓ તારવી કાઢેલી. એ સ્થળેથી જ્યારે એમની બદલી થઇ ત્યારે એમના સામાનમાં માત્ર એ કાપલીઓનું જ વજન અઢી મણ થએલું !

એમણે લખેલાં પુસ્તકો પૈકી નીચેનાં પ્રકટ થયાં છે: (૧) હિંદમાં ખ્રિસ્તી સત્તાનો ઉગમ–પાંચ ગ્રંથમાં (૨) મધુપ્રમેહ અને તેના આહારવિષયક ઉપચારો (૩) સંસ્કારિતા (૪) સતારાની કથા (૫) ઇસ્ટઇન્ડિયા કંપનીના કારભાર હેઠળ હિંદમાં અપાએલા શિક્ષણનો ઇતિહાસ (૬) હિંદી વેપાર–ઉદ્યોગનો નાશ (૭) હિંદમાં ખ્રિસ્તી સત્તાની જમાવટ (૮) મારો ઈંગ્લંડવાસ (૯) હિંદમાં યૂરોપીઅનોનો વસવાટ અને (૧૦) હિંદી વૈદકીય રોપા—ડૉ. કીર્તિકરની સાથે મળીને લખેલું. એ ઉપરાંત નીચેનાં હજી અપ્રકટ પડયાં છે: (૧) ૧૮૭૯–૮૦નો બીજો અફઘાન વિગ્રહ (૨) નિષ્ફળ ગએલું કાવતરૂં (નવલકથા) (૩) હિંદના ઔસદ તથા આહારશાસ્ત્ર (૪) માનવજીવતરનું તત્ત્વજ્ઞાન (૫) હિંદની આર્થિક ભૂગોળ (૬) વિખ્યાત હિંદી વૈદ્યો (૭) હિંદનાં આરોગ્યસ્થાનો (૮) માનવતાનો ઉદ્ધાર.

એમની ઐતિહાસિક કૃતિઓ તો બ્રિટિશ રાજ્ય-અમલની સાચી કથા જાણવા તથાં કહેવાની એમની તીવ્ર અભિલાષાનું ફળ છે. એ ઉપરાંત એમણે ઘણી ઇતિહાસવિષયક શોધોમાં તથા ગ્રંથસૂચિઓના કાર્યમાં સહાય કરી છે,—કેટલીક વાર તો પોતાની પાસેની અમુક સામગ્રીઓ આપી દઇને. અંગ્રેજોએ લખેલા અપ્રાપ્ય એવા કેટલાક ઐતિહાસિક ગ્રંથો અને લેખો પણ એમણે ફરી પ્રકટ કર્યા છે. પોતે વૈદકના ધંધાના રહ્યા એટલે એ ક્ષેત્ર પણ વણખેડયું નથી રાખ્યું.

હિંદની દેશી વનસ્પતિઓની શોધખોળ કરી તેનો પણ એમણે સારો મોટો અને મહામૂલો સંગ્રહ ભેગો કરેલો. (અને તે પરથી જ બે મિત્રોના સાથમાં પેલું પુસ્તક લખેલું.) એ આખો સંગ્રહ ૧૯૧૦-૧૧માં સંયુક્તપ્રાંતોમાં ભરાએલા પ્રદર્શનમાં તેમની દેખરેખ નીચે ખોલવામાં આવેલા વનસ્પતિ અને પ્રાણીવિદ્યા વિભાગમાં ગોઠવવામાં આવેલો. વનસ્પતિશાસ્ત્રનું તેમનું બહોળું જ્ઞાન અને હિંદી ઔષધોના સંશોધનમાં આવો અપૂર્વ રસ જોઇ લાહોરમાં ભરાએલી નવમી અખિલ ભારતવર્ષીય આયુર્વેદિક મહાસભાના પ્રમુખ તરીકે તેમને ચૂંટવામાં આવેલા. એમનો એ વનસ્પતિ-સંગ્રહ એમણે અલ્લાહાબાદની મ્યુનિસિપાલિટી જે થોડા જ વખતમાં એક સંગ્રહસ્થાન ખોલવાની છે તેને ભેટ કર્યો છે.

આ ઉપરાંત કળાનો પ્રેમ પણ જેવોતેવો નહોતો. વાયવ્ય સરહદના પ્રાંતોની નોકરી વેળા ત્યાંની જમીનના પેટાળમાંથી ગાંધાર શિલ્પની ઘણી કિંમતી ને દુષ્પ્રાપ્ય મૂર્તિઓ ઘણા શ્રમપૂર્વક ખોદકામ કરીને એમણે મેળવેલી, તે પણ ઉપર જણાવેલા પ્રદર્શનમાં મૂકી હતી. હિંદી શિલ્પના વિખ્યાત અભ્યાસી અને કલામર્મજ્ઞ વિદ્વાન શ્રી રાખાલદાસ બૅનરજીએ એ સંગ્રહ વિષે લખ્યું છે કે યુરોપમાં ઘણાં ખાનગી અને જાહેર પ્રદર્શનોમાં ઉત્તમ ગાંધાર શિલ્પનો સંગ્રહ છે, પણ હિંદમાં તો માત્ર મેજર વામનદાસ વસુના ખાનગી સંગ્રહમાં જ તે જોવા મળે તેમ છે.' હિંદના જુદાજુદા ભાગોનાં સંગ્રહસ્થાનોમાંથી તેનાં મોંમાગ્યાં દામ આપ ખરીદી લેવાની માગણીઓ થએલી, પણ એમણે એ સ્વીકારી નહોતી. તેમનો ઇરાદો તો તે પોતાના શહેર અલ્લાહાબાદને જ (ભવિષ્યમાં સંગ્રહસ્થાન ખોલવામાં આવે તો) તે ભેટ આપવાનો હતો.

બૌદ્ધ નગરી કૌસંબીની યાત્રા દરમ્યાન કોઇ ગાંધીની ઝૂંપડીનાં પગથિયાંમાં જડેલી એક જૂના લેખવાળી પત્થરની પાટ નજરે ચડતાં થોડાએક આનામાં એમણે તે ખરીદી લીધી. શ્રી રાખાલદાસ બૅનરજીને આ વાતની જાણ થતાં તે તરત તેમની પાસે અલ્લાહાબાદ પહોંચ્યા. તેના ઉપરનું લખાણ વાંચતાં તે ઇ.સ.ના પહેલા સૈકા લગભગની નીકળી! રાખાલબાબુએ તે સો રૂપિયે માગી, પણ વામનદાસને તે વેચવી જ નહોતી. હાલમાં પણ તે તેમના ઘરમાં જ છે. આ ઉપરાંત તેમણે હિંદના જુદાજુદા ભાગમાં ચાલતા જૂના સિક્કાઓનો પણ સારો સંગ્રહ કરેલો; પણ કમનસીબે બનારસમાં તે ૧૮૯૯માં રહેતા તે વેળા તેમના ઘરમાંથી તે ચોરાઇ ગયો.

સંયુક્ત પ્રાંતના પ્રદર્શનની સાથે બે બાબતો યાદ છે. એક તો તેમનો ઉદાર અતિથિસત્કાર. એ વેળા શુમારે સોએક જેટલાં માણસો એમને ઘેર મહેમાન હશે. એમની આર્થિક સ્થિતિ બહુ સારી ન કહેવાય, છતાં એમણે ઓળખીતા કે અજાણ્યા જે આવ્યા તેમની સરખા જ આદરભાવથી મોટા મનથી પરોણાગત કરેલી. અને બંને ભાઇઓનો વિવેક પણ કેવો? નાના બાળક સાથે પણ અતિશય માનપૂર્વક 'આપ' સંબોધનથી જ વાત કરે. બીજું સ્મરણ એમણે પ્રદર્શનની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકેના અધિકારનો ઉપયોગ કરીને લખનૌના સંગ્રહસ્થાનમાંથી 'હિંદી હાથવણાટના નમૂના'ઓનાં દુષ્પ્રાપ્ય પુસ્તકો પ્રદર્શન માટે કઢાવ્યાં તે. કોઇને પણ ખબર નહોતી કે એ પુસ્તકો કયા ઉદ્દેશથી તૈયાર થએલાં. જૂના હિંદી હાથવણાટના ૭૦૦ નમૂનાના ટુકડાઓનો એમાં મોંઘો સંગ્રહ છે ને તે ૧૮ ગ્રંથમાં વહેંચાએલો છે. હિંદને ભોગે બ્રિટિશ બનાવટને આગળ વધારવાના હેતુથી એ સંગ્રહના એવા વીસ સેટ તૈયાર કરવામાં આવેલા; એમાંના ૧૩ ઇંગ્લંડમાં ને ૭ હિંદુસ્તાનમાં રાખેલા છે.

અલ્લાહાબાદ જાહેર લાયબ્રેરીના તે અંતકાળ સુધી સભ્ય રહ્યા હતા. એના માનદ મંત્રી તરીકેના પોતાના અધિકાર દરમ્યાન એમણે એ સંસ્થા માટે હિંદને લગતી 'પાર્લામેન્ટરી બ્લુ બુક્સ'નો આખો સેટ ખરીદાવેલો. એ માળામાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અમલ વેળાના હિંદનું વિગતવાર વર્ણન છે. હિંદના બીજા કોઈ પણ પુસ્તકાલયમાં ભાગ્યે જ એ સંગ્રહ હશે. એનો જેટલો બની શકે તેટલો ઉપયોગ તેમણે કરી લીધો. હિંદના ઊગતા ઇતિહાસવેત્તાઓ ઇતિહાસના ક્ષેત્રમાં જોઇએ તેવો અભ્યાસ અને વિકાસ તથા શોધખોળ નથી કરતા એ વિષે તેઓ હમેશાં ખેદ બતાવતા. એવી શોધખોળની એકાદ સંસ્થા ઊભી થાય તો તે માટે તેમણે પોતાના તરફથી કેટલાક હજાર રૂપિયા અને પોતાનું આખું પુસ્તકાલય આપી દેવા સુધીની ઇચ્છા બતાવેલી, પણ

ટેકાને અભાવે એ વિચાર સંગીન સ્વરૂપ પામ્યો નહિ.

અર્થશાસ્ત્રનો વિષય પણ એમણે છોડયો નથી. બંગાળાની 'બંગીય ધન-વિજ્ઞાન પરિષદ'—બૅંગાલ ઍકૅડેમી ઑફ ઇકૉનૉમિક રીસર્ચ—ના તે પ્રમુખ હતા. એ સંસ્થાને આર્થિક મદદ ઉપરાંત અર્થશાસ્ત્ર વિષેના પોતાના વિશાળ વાંચનનાં તારણ–ટિપ્પણની નોંધનો મોટો સંગ્રહ તેમણે ભેટ કર્યો છે. તે એકલા ભારે વાચક જ નહિ, પણ વાચન પરથી સાર તારવી કાઢી તેની શ્રમપૂર્વક અગત્યની નોંધો લેનારા પણ બહુ જબરા હતા; અને આ ટેવ તેમણે છેવટ સુધી—મહામુશીબતે દેખી શકાતું ત્યાં સુધી–ચાલુ રાખેલી.

વામનદાસ વસુ સાચેસાચા 'હિંદી' હતા;—એવા કે ભાગ્યે જ કોઈ એમના જેવા હોવાનો દાવો કરી શકે. કુળે અને જાતિએ એ બંગાળી, એમનો જન્મ અને ઉછેર પંજાબમાં, અને જિંદગીનાં ઘણાં વર્ષો મહારાષ્ટ્ર, ગુજરાત, સિંધ, બલુચિસ્તાન એમ જુદાજુદા પ્રાંતોમાં ગાળ્યા પછી નિવૃત્તિનિવાસ એમણે સંયુક્ત પ્રાંતોમાં અલ્લાહાબાદમાં લીધો. માતૃભાષા બંગાળી ઉપરાંત અરબ્બી, ફારસી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ઉર્દુ, સિંધી, પંજાબી, કાશ્મીરી, પુશ્તુ, નેપાળી, ગુજરાતી અને મરાઠી ભાષાઓ તે જાણતા અને એમાંની દરેક બોલાતી ભાષામાં સરળતાથી વાતચીત કરી શકતા.

વાયવ્ય સરહદના પ્રાંતોની નોકરી દરમ્યાન ઘણીવાર તે પઠાણોનાં ગામડાંઓમાં જઈ એ લોકો સાથે તેમની ભાષામાં છૂટથી વાર્તાલાપ કરતા. કેટલાંક બ્રિટિશ અમલદારો તેમને ઘણીવાર ચેતવતા કે એ લોકો કોઈવાર તમારા જીવને હાનિ કરી બેસશે. આ ભય સાંભળીને તે માત્ર મીઠું હસતા. તે પુશ્તુ ભાષા જાણતા હોવાથી ઘણીવાર તેમને લશ્કરી પરીક્ષાઓ કે એવા પ્રસંગે પુશ્તુ ભાષાના પરીક્ષક નીમવામાં આવતા. એકવાર એક જુવાન બ્રિટિશ અફસરની પરીક્ષા લેતાં તેમણે એને પુશ્તુ ભાષાના એક સાદા શબ્દનો અર્થ પૂછ્યો. એનો અર્થ માત્ર 'માણસ' થતો હતો. પણ પરીક્ષકનું અપમાન કરવાના ઇરાદાથી પેલાએ તોછડાઇથી જવાબ આપ્યો કે 'એનો અર્થ નીગર (Nigger)—'કાળો માણસ!' શાંતચિત્તે એનો ઉત્તર સુધારતાં મેજર વસુ બોલ્યા, 'ના, સફેદ ઢગ.' (White Cad) પેલાએ ચીડાઇને જનરલ કમાંડિંગ ઑફિસરને પોતાનું અપમાન થયાની ફરિયાદ કરી, પણ શિક્ષક–પરીક્ષકને બરાબર સાંભળી ન્યાય તોળતાં અફસરે પેલાને કહ્યું કે 'તને બરોબર ચપકો ચોડાયો છે.'

સ્વદેશભક્તિ પણ એમની સાચેસાચી હતી, પણ સ્વદેશાભિમાનની મર્યાદાઓ અને ત્રુટીઓથી તે પૂરતા જાણકાર હતા. સમસ્ત માનવજાત પ્રત્યે તેમનો પ્રેમ સવિશેષ હતો અને તેના સમર્થનમાં તેમણે ઘણા સુંદર લેખો લખ્યા છે. પણ આથી એમ ન સમજવું કે પોતાના સ્વદેશ બાંધવોને તે ઓછા ચાહતા. એકજ દાખલો: જલિયાંવાલા બાગની કતલના સમાચાર સાંભળીને તેમને એટલો આઘાત થએલો કે એમણે રાતોની રાતો આંખનું મટકું સરખું માર્યા વિના પરિતાપમાં ગાળેલી, અને મને લખેલું કે આવી અનિદ્રાની મારી સ્થિતિ ચાલુ રહેશે તો મને ભય છે કે કદાચ હું ગાંડો થઇ જઇશ. રાજકીય ચળવળમાં તે જાહેર કે ખાનગી કોઇ રીતે ભાગ લેતા નહિ; તેમ છતાં ક્યારે શું પરિણામ આવશે તેની આગાહી તર્કબુદ્ધિથી બરોબર આંકી શકતા. દાખલા તરીકે એમની નવલકથા 'નિષ્ફળ ગએલું કાવત્રું' (જોકે ૧૯૨૯માં 'વેલફેર' અઠવાડિકમાં છપાતી છતાં) ૧૯૦૩માં લખાએલી. તેમાં એમણે ગુપ્ત મંડળો હિંદમાં પ્રગટી નીકળવા વિષે આગાહી કરેલી છે. બીજો એક લેખ ૧૯૨૧ના 'મૉડર્ન રિવ્યુ'માં આવેલો તે પણ એમણે છેક ૧૯૦૩માં લખેલો. તેમાં એમણે ખેડૂતોના અસહકાર વિષે આગાહી કરી છે.

એમનાં પત્નીના મરણ પછી એ જે સાત્ત્વિક સાધુજીવન ગાળતા તેનો ઉપર ઉલ્લેખ આવી ગયો. સરહદના પ્રાંતોની નોકરી વેળાએ એમને મધુપ્રમેહના દરદની શરૂઆત થઇ. તે પરથી એમણે આહારના ફેરફારો કરીને એ દરદ મટાડવાના પ્રયોગો પોતાની જાત પર કરવા માંડ્યા અને ઘણા વરસના અનુભવને અંતે 'મધુપ્રમેહ અને આહાર–નિયમનથી તેના ઉપાયો' નામનું પુસ્તક બહાર પાડ્યું, જેમાંના આજે એ વિષયની શોધખોળ કરનારા ઘણા જણે લાભ લઇ પોતાના કામમાં ઉપયોગ કર્યો છે. અવસાન પહેલાં ત્રણ વરસથી તે એક જ વખત ભોજન લેતા. એથી, એ કહેતા કે, શરીરમાં કામની સ્ફૂર્તિ ને તબિયતમાં ચેનન ઠીક રહેતાં.

અલબત્ત, નોકરી દરમ્યાન એમને નિયમાધીન

થઇને લશ્કરી પોષાક પહેરવો પડતો, પણ નિવૃત્ત થયા પછી તે માત્ર ધોતિયું, પહેરણ અને ઉપર ચાદર જ ઓઢતા. બપોરના થોડી ઊંઘ સિવાય આખો દહાડો ને રાત્રે પણ તે વાંચન લેખનમાં જ મશગૂલ રહેતા. એવડા વિદ્વાન અને અભ્યાસી હોવા છતાં અદનામાં અદનો માણસ એમને મળી શકતો. વરસાદની ઋતુ કે ઉનાળાના સખત બપોર સિવાય તે આખું વર્ષ ખુલ્લામાં જ સૂતા.

જીવનભર તે ધર્મે સ-નાતની રહ્યા છે. જ્ઞાતિઓના તે જબરા વિરોધી હતા અને કહેતા કે એ પ્રથાએ હિંદુ સમાજને ભારે નુકસાન પહોંચાડ્યું છે અને હિંદની પડતી તથા પરાધીનતાનાં ઘણાં કારણોમાંનું એક તે પણ છે. ઉત્તર હિંદ અને બંગાળમાં પ્રચલિત બાળવિવાહ અને ઓઝલ–પડદાના રિવાજના તે કટ્ટા વિરોધી હતા, અને કન્યા-કેળવણીના બહુ ઉત્સાહી હિમાયતી હતા. પોતાના નમાયા પુત્રને ઉછેરનાર પોતાની નાની બહેન જગતમોહિની ને પોતાને ઇંગ્લંડ જવામાં સહાયભૂત થનાર તેના પતિ–પોતાના બનેવી —તારણચરણદાસ પ્રત્યેનું ઋણમોચન એમણે અલ્લાહાબાદમાં એ બહેન–બનેવીનું નામ કાયમ રાખતી 'જગત–તારણ કન્યા હાઇસ્કૂલ' સ્થાપીને તથા તેને આર્થિક ટેકો આપીને કર્યું. આજે તે સંસ્થા સરકારી ગ્રાન્ટ અને સાર્વજનિક સહાયથી હજી ચાલે છે.

પોતે ચુસ્ત સનાતની હોવા છતાં ધાર્મિક વિચારણાઓમાં તે બહુ ઉદાર હતા. એમના પિતા વેદાંતી, મોટા ભાઇ થીઓસોફિસ્ટ અને બહેન–બનેવી બ્રહ્મોસમાજી હતાં. સ્વ. બ્રહ્મો સંગીતકાર ઇન્દુભૂષણરાય અલ્લાહાબાદમાં હતા તે દરમ્યાન તે ઘણી વાર એમની પાસે પોતાને ત્યાં બ્રહ્મોકીર્તન અને સંગીત કરાવતા. શીખ ધર્મ પ્રત્યે એમને ઘણો ભાવ હતો અને વાતવાતમાં તે શીખોની પેઠે 'વાહ ગુરુ!' બોલ્યા કરતા. જોકે એ ધર્મની તે દીક્ષા નહોતા પામ્યા, પણ એક રેજીમેન્ટની નોકરી દરમ્યાન પોતાના હાથ નીચેના એક સિપાઇને એમણે ગુરુ બનાવ્યો હતો. એ સિપાઇ એટલો ધર્માચરણી હતો કે એક વખત લડાઇ પછી મળેલી લૂટનો ભાગ પાડતાં તેણે એમાંથી તલમાત્રને અડવાંની ના પાડેલી. એક અદના સિપાઇને એમણે પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યો એ વાત જ સ્પષ્ટ બતાવે છે કે એમની નિખાલસ ધર્મદૃષ્ટિને અધિકારના ગુમાને રૂંધી નાખી નહોતી. સ્વાતંત્ર્યના તો એ જબરા પ્રેમી હતા, એ તો એમનાં લખાણો અને જીવન વાંચનારાઓથી અજાણ્યું ન હોય.

ભાવિ હિંદનું એમનું સ્વપ્ન બહુ ભવ્ય હતું. એમણે જીવનભર સ્વતંત્ર હિંદ —ધાર્મિક, રાજકીય, આર્થિક અને સામાજિક, સર્વદેશીય સ્વાતંત્ર્ય પામેલા ઉન્નત અને પ્રભાવશાળી હિંદ–ની સ્વપ્નઝંખા કર્યા જ કરી છે. એમાંનું કોઇપણ સ્વપ્ન ફલિભૂત થએલું જોવા એ ભલે જીવ્યા નથી, પણ વિદેહ થએલા આત્માઓ આ જગતની પાર્થિવ ઉન્નતિને માટે જો ચિંતન અને કાર્ય કરી શકતા હશે તો, વામનદાસ વસુનો આત્મા આજે જ્યાં હશે ત્યાં અવશ્ય આ આપણી માતૃભૂમિના કલ્યાણ માટે જ મંથન કરી રહ્યો હશે એ નિ:સંદેહ છે.

(મૉડર્ન રિવ્યૂ ઉપરથી) રામાનંદ ચટ્ટોપાધ્યાય

તારા-ગીત

સંધ્યા આવી પૂરે કોડિયાં,
આભઅટારી શણગારે;
વિભાવરી શરમાતી આવી
નવલખ જ્યોતિ પ્રકટાવે:

ચાર દિશાના વાયુ વાય,
થથરે પણ નવ બૂઝી જાય.

અંબર–ગરબો માથે મેલી
આદ્યા જગમાં રાસ રમે;
તારા નવલખ છિદ્રો એનાં
ગીઠાં મહીંથી તેજ ઝમે:

વ્યોમ તણે યે પેલે પાર!
જ્યોત ઝબૂકે જગઆધાર!

કૃષ્ણલાલ શ્રીધરાણી

['વડલો' નામક અપ્રસિદ્ધ નાટકમાંથી]



આજથી લગભગ સો વરસ પહેલાંનાં ચંદ્રાવતીનાં ખંડેરો; ૧૮૨૪ની સાલનું એક ચિત્ર.

પરમારોની કુલપ્રતિષ્ઠા ચંદ્રાવતી

લેખક તથા ફોટો લેનાર
હરિનારાયણ આચાર્ય

'પેઢી પેલ પરમાર પૃથવી પરમારાં તણી,
ધરાં ઉજણીધાર બીજો અરબુદગઢ બેસણો'.

લોકકથા કહે છે: પરશુધારીએ ક્ષાત્રતેજનો ધ્વંસ કર્યો ત્યારે જગત્પાલનનો ભાર બ્રાહ્મણોને માથે મૂક્યો. પણ દંડ-કમંડલુધારી દ્વિજવરો એ ભાર ઝીલી શક્યા નહિ. તેથી પુરોધા વસિષ્ઠને આગળ કરી પૃથ્વીપાલક અર્થે યજ્ઞ આરંભ્યો. અર્બુદાચળ એમની વેદી અને બ્રહ્મા એમના ઇષ્ટદેવ હતા. સત્રાન્તે યજ્ઞકુંડમાંથી સુવર્ણાભરણમંડિત અને અશોકનાં નવપલ્લવ જેવી દેહલતાવાળો વરપુરુષ ઉત્પન્ન થયો. લોકને ઉપદ્રવ કરનાર પર—શત્રુને મારનાર નીવડ્યો, તેથી એ પરમાર કહેવાયો. આબુમાં એની શાસનપ્રણાલિ શરૂ થઈ. કાળાંતરે એના વંશજોએ આબુ નજી તળેટીમાં દસેક ગાઉ દક્ષિણમાં ચંદ્રાવતી સ્થાપી ત્યાં પ્રજાપાલન ચલાવ્યું. ત્યાં એમનો વંશવેલો ફાલ્યો, ફૂલ્યો અને સમય જતાં વિશીર્ણ થઇ ગયો. વચ્ચે ઉજ્જેણી ગએલા પરમારોમાંના એકે નગરઠઠ્ઠે અને ત્યાંથી ઉત્તર ગુજરાતના દાંતરપટામાં એરાળુની ઉત્તરે તરસંગમામાં, ને ત્યાંથી તેના વંશજોએ દાંતામાં ગાદી સ્થાપી. ઇતિહાસ એટલી સાક્ષી પૂરે છે કે અણહિલવાડમાં કુમારપાળ સાર્વભૌમ હતો તે વખતે આબુમાં યશોધવલ પરમાર રાજ કરતો હતો. તેના પુત્ર ચારુકીર્તિ, ધારાવર્ષદેવ અને પ્રહ્લાદનદેવ. ધારાવર્ષદેવનો પાટવી અને ક્રમાનુયાયી સોમસિંહદેવ ગુજરાતના રાજા ભીમનો મહામાણ્ડલિક હતો. એના વંશજોને મારી ચહુઆણો ચંદ્રાવતી જથાવી પડ્યા.

પૃથ્વી પહેલી પરમારોની! કેટલું ગૌરવ–ગર્વભર્યું વચન! અને અત્યારે? એમનાં નામનિશાને ક્યાં છે? પરમારો પહેલાઃ પછી ચહુઆણો. એમનાથી યે ચંદ્રાવતી ન સચવાઇ. આખરે આવ્યા મુસલમાનો. અને



માવળના રસ્તે નદી ઊતરી કેડીએ કેડીએ ઉત્તર-પૂર્વમાં જતાં જમણા હાથે પહેલો ટેકરો આવે તે ચંદ્રાવતીનો પ્રથમ અસ્થિ-સમૂહ. એ ટેકરા પર અમે માટીમાંથી ખોદી કાઢી સાફ કરીને ઊભી કરેલી આ પ્રતિમા ચંદ્રાવતીના શિલ્પની ઝાંખી કરાવે છે.



જ્યાં ચંદ્રાવતીનું મધ્ય સ્થાન હશે ત્યાંના એક ટેકરા ઉપરના અસંખ્ય ભગ્નાવશેષમાંથી અમે મહામહેનતે ઊભી કરી શક્યા તે પ્રતિમા. આવા તો કેટલા ય અસ્થિખંડો વેરાએલા પડ્યા છે.

છેવટે? ઈંટ, રોડાં, પથ્થરના ઢગલા અને ઘાસ કે જાળાંઝાંખરાંનાં જૂથ અત્યારે તો ચંદ્રાવતીની–પરમારોના ગૌરવની—સાક્ષી પૂરે છે!

'નામ પહેલે સુન રહા થા—'

ચંદ્રાવતીનું નામ કોણે નથી સાંભળ્યું? ચંદ્રાવતી ગુજરાતનું નાક. એણે તો સીમાડો સાચવ્યો. ગુજરાતની રત્નગર્ભા એ. એના રજપૂતો ને જૈનોએ ગુજરાતના ઇતિહાસમાં અનેક ખેલ ખેલ્યા હતા. ચંદ્રાવતીની સત્તા અણહિલપુર પાટણના દરબારમાં ચાલતી. ગુજરાતનો ઇતિહાસ ચંદ્રાવતીમાં ઘડાતો. અહીં ગુર્જર સામ્રાજ્યનાં સ્વપ્નાં સેવાતાં. વીરશાસનની અહિંસાવૃત્તિનો ઉપદેશ કરનારા અહીંથી ગુજરાતની સત્તાનાં હાડ ભાંગવા મથતા. આ ચંદ્રાવતી. એની કીર્તિ ઘણા વખતથી સાંભળેલી. એના દર્શનનો લાભ આજે મળ્યો.

'નામ પહેલે સુન રહા થા, આજ સૂરત દેખ લી—'


પણ કેવી સૂરત! આબુથી દક્ષિણમાં રેલના પાટે-પાટે પાંચેક માઇલ ચાલીએ તો ઊગમણે ઝાડની ઘીચ ઘટામાં ઢંકાએલું ચંદ્રાવતીનું સ્થાન આવે છે.

વચ્ચેવચ્ચે ગુલમહોર, આંબા, ખાખરા કે જાંબુડાનાં ઝાડ, ફૂલના ભારે નમી જતી વેલ ને લતાનાં ઝૂંડ, સૂર્યદેવનાં સાતરંગી કિરણોનાં જાળાં જેવી અસંખ્ય પતંગિયાંની પાંખોના વીજળી જેવા ઝબકારા, માથે ટટુંબી રહેલો મેઘ, શીતળ અને જળભીના વાયુના મંદમંદ હલકારા, તળાવડી કે ખાબોચિયાંમાં તરતાં જળકુકડી ને બતકબગલાંના કઠોર નિનાદ–આ બધું જોતા, અનુભવતા અને સાંભળતા શેવાલણના કિનારે-કિનારે ચાલીએ તો ચંદ્રાવતી પહોંચાય છે.

પણ અહીં સદેહ ચંદ્રાવતી નથી. અહીં તો સ્થળે સ્થળે ટેકરામાં કે નદીનાં નીરમાં ઢંકાએલાં એનાં હાડકાં પાંસળાંમાં ચંદ્રાવતીને શોધવી પડે છે. પાસેના પહાડ ૫૨ દહેરી અને દહેરીના શિખર પર ચડીએ તો ત્યાંથી પશ્ચિમમાં ક્ષિતિજ સુધી પથરાએલું ચંદ્રાવતીનું કબ્રસ્થાન જોઇ શકાય છે. આ, પણે, પેલું, આઘે,—એમ ગણતાં થાકી જવાય એટલાં મંદિરોના ભગ્નાવશેષ, અને બધાં યે નાનીનાની ટેકરીઓ પર. કહીંક દેવમૂર્તિના આરસખંડ, ક્વચિત્ નૃત્યભંગીદર્શક નારીદેહના અંગવિભાવ, કદીકદી મુખદ્વારના કાંગરા પરની હાથીની મસ્તકમાળાના થોકેથોક, વિવિધ દશાવાળાં

મિથુન વિશેષ સૌ સાક્ષી પૂરે છે કે આ સ્થળે પ્રાચીન સમયમાં અત્યંત સમૃદ્ધ નગર હતું. એના પગને પલાળતી શેવાલણ વહેતી હતી. અત્યારે પણ એના કિનારા તીરણીએ તો પાણીમાંથી ડોકિયાં કરતા ચંદ્રાવતીના કોટના ભાંગ્યાતૂટ્યા અવશેષો નજરે પડે છે. ચંદ્રાવતીનો વિસ્તાર બાર માઇલનો કહેવાતો. એની વચ્ચે સ્થળેસ્થળે જૈન અને શૈવ પ્રાસાદો હતા. એમની ઘટના આરાસણના લોકપ્રસિદ્ધ આરસમાંથી કરેલી હતી. એનાં સ્થાપત્ય અને શિલ્પ ગુજરાતની કલાસામગ્રીને સમૃદ્ધ કરતાં હતાં. એનાં વાણિજ્ય અને ક્ષાત્રતેજ ગુજરાતની જનતાનો આધાર ગણાતાં હતાં. ચંદ્રાવતીનું ગૌરવ પાટણની લક્ષ્મીનો માનભંગ કરતું હતું.

અત્યારે એમાંનું કશું ય નથી. યાદી આપવા પથ્થરના ઢગલા પૂરતા છે. ટેકરેટેકરે મંદિર અને વચ્ચે વચ્ચે તળાવો પાર વિનાનાં દેખાય છે. આ બધું ફરવાને, પથ્થરેપથ્થર ઉથલાવી શિલ્પના સુંદર નમૂના જોવાને કેટલા ય દિવસ થાય. કારણકે અહીં તો ડગલે ને પગલે પગ તળે દેવપ્રતિમા ચંપાય છે. આખી ચીજમાં માત્ર એક જીર્ણ શૈવમંદિરનો તોરણસ્તંભ છે. નિર્જન વનમાં એકલોઅટુલો પ્રાચીનતાની નિશાની જેવો એ ઊભો છે. પાસે અષ્ટકોણ વિશાળ વેદી પર પાંચ ઉપમંદિરોના પાયા દેખાય છે. ખોળામાં સતી સાથે





ઉત્તર ગુજરાતનાં પ્રાચીન સ્થળો બતાવતો નકશો

મહાદેવ, બે બાજુ બે યક્ષિણીઓ, નૃત્ય કરતી સેવિકાઓ અને આ બધાની વચ્ચે તેમને દબાવવા મથતાં હોય તેવાં ખજૂરી અને વગદાનાં ઝાડ. એના આરસના ઓપ નીતરી ગયા છે અને રેતી કાંકરાનાં ખરબચડાં કલેવર ડોકિયાં કરે છે. માનવીનાં ધરાવેલાં ધોળાં ચીર ક્યાં ય ગયાં. અત્યારે તો વનવગડાની લીલી વેલ પાંદડાં કે જાળાંઝાંખરાંનાં આભૂષણ રૂડાપો રાખી રહ્યાં છે. જીર્ણ અંગની વિકળતા ભલે ઉપરચોટી અલ્પજીવિતતા દેખાડે, પણ એની સુદૃઢ શિલાઓ એના ગૌરવને ઢાંક્યું રહેવા દેતી નથી.

ભાંગ્યાંતૂટ્યાં હાડપીંજર બાંધનારનું નામરખોપું યે કરતાં નથી. બાંધનાર ગયા, બંધાવનારે ગયા. અત્યારે તો એના જોનારે રડ્યાખડ્યા નીકળે છે. પછી એના ગૌરવના વિચારનાર તો ક્યાંથી મળવાના હતા? કામ ભૂંસાયાં, નામ ભૂંસાયાં અને નામવાળાની વંશવેલીઓ પણ ભૂંસાઇ ગઇ. એમનો સાથસથવારો યે ક્યાં ય ગયો. એમનાં હાડકાંની રાખે ય રખડતી રહી છે. કાશી કે ગયા પહોંચાડનાર ક્યાં ખોળવા?

ઊંચા કંધ પર ચડીને જોતાં કેટલું વિચિત્ર વાતાવરણ નજરે પડે છે! લીલાંછમ ખેતરો, ગાઢ ઝાડી, વનેવન ભમતાં પંખીગણ અને ધોળી–લાલ રેતીમાં

રમતી સરિતા. અહીં સામ્રાજ્યનાં મૂળ રોપાયાં. એની હેમવરણી કાયા યે અહીં ચોળાણી, રોળાણી, રગદોળાઇ. આટલું જોયું; હજુ કેટલું યે જોવાનું હશે! છતાં જોતાંજોતાં જરાયે થાક્યા વિના વહેતી શેવાલણનાં નીર ચંદ્રાવતીના શોકનાં આંસુની યાદ આપે ખરી ? પેલો સુવર્ણપૃષ્ઠ લક્કડફોડ એની સહચરી સાથે થડે થડે ને ડાળે ડાળે ઊડ્યા કરે છે. પંખીનાં સંગીતની વિવિધરંગી ધૂન આંબા વડ ને ખાખરાની લીલીછમ ઝાડીમાં પથરાઇ જાય છે. ઊડતાં ગાતાં એ પંખીઓના અવાજમાં નથી થડકાટ થતો કે નથી શોકની છાયા પસરતી. અત્યારે આનંદવિનોદ કેવો ? અહીં તો પરલોકવાસીનાં કલેવર, હાડ, પથરાએલાં, વેરાતા, રખડતાં, રઝળતાં પડ્યાં છે. કેટલી લાગણીહીનતા. પણે પ્રાચીન ગૌરવની ચિતાની—દાહભૂમિની યાદી આપતી ધ્રામધૂમરેખા ઝાડની ઓથે આછીઆછી ઊંચે ચડે છે. કેટલું કરુણ દશ્ય !

અને આ મૃત સૌભાગ્યના પવિત્ર ધામમાં થોડાં નાગાં બાળકો રમે છે, હસે છે, કલ્લોલ કરે છે: આ ભૂમિનાં વાસી, આનાં વારસ. ગરીબ બીચારાં, ટુંગા ખાવા સરજાએલાં. એમના પૂર્વજો પણ પારકી ચરણરજ ઉઠાવતાં મરી ગયા. આમની પણ એ જ દશા. જેમણે વીરતા, સૌંદર્ય અને ઐશ્વર્યનાં સારરૂપ આ મંદિરો, પ્રાસાદો ને દેવકુલિકાઓ બંધાવ્યાં, એમના ઓળાથી યે ભડકનાર પામર પૂર્વજોની આ પ્રજા. આજ પણ એમની નસેનસમાં, એમનાં શ્યામ નિસ્તેજ વદનમાં, એમની લાગણીહીન અંધારી આંખોમાં એ ગુલામી, એ પામરતા, એ દીનતા ઊભરાતી અનુભવાય છે. અને પેલા ભડવીર? ક્યાં ગયા એમના યૌવન-ઉછાળા ? ક્યાં છે અત્યારે એ પ્રચંડ ઐશ્વર્યગર્જનાઓ ?

આ પ્રકૃતિનો ન્યાય !

કહે છે કે ખેંગાર પડતાં ગિરનાર પડ્યો. એનાં ચોસલાં ઊતરતાં રાણકનું રૂ જેવું હૃદય કપાઇ ગયું. પણ ચંદ્રાવતી પડતાં ન પડ્યો આરાવળ કે ન પડ્યો આરાસણ. બે ય નગણા નીકળ્યા. અહીં સામ્રાજ્યનો રાજમાર્ગ. ગુજરાતના ગૌરવને વધારનારા પરદેશખેડુ આ જ ધોરી માર્ગે નીકળ્યા. ગુજરાતની લક્ષ્મી લૂંટનારા પણ આ જ રસ્તે આવ્યા ને ગયા. ગુજરાતની ચડતીપડતીનો આ ઐબરઘાટ. ચંદ્રાવતીની સુંવાળી કાયા કચડાતાં કોણ જાણે કેમ કઠણ કાળજા'ળા આરાવળનાં આંસુ નહિ ખર્યાં હોય ?

અહીંથી પાલણપુર, પ્રહ્લાદનનો કીર્તિમંડપ પચીસ ગાઉ. એ ય લૂંટાયો, ગુજરાતના ગૌરવની સાથે. પાટણ ગયું, વડનગર ગયું, ગઈ પરમારો ભેગી જૈનોની યે કુલપ્રતિષ્ઠા. બંને રંડાણાં, ચંદ્રાવતી રોળાતાં. એના પથરા યે અત્યારે તો નામનિશાન વિહોણા નીકળ્યા.

પણ એમાં શુ ? ચંદ્રાવતી તો ગૌરવની મૂર્તિ હતી. એના ખોળે કોમળ કાયાવાળી રજપૂત જૈન લલનાઓ વિહરેલી. એમની કૂખે ધાવેલા રાજપૂત ને જૈન વીરોનાં ખમીરથી ગુજરાતનો સૂરજ સોળે કળાએ તપતો. એમનાં પ્રભાવભીનાં લોચનથી ગુજરાતમાં હમેશાં મળસ્કું રહેતું. ચંદ્રાવતી ધૂળ મળી તે પ્રકૃતિના પાપે. એની જોડે ઊભું રહે એવું કોણ હતું કે ચંદ્રાવતીથી જીવાય ? પરમારો ગયા, સોલંકી ગયા. પડતાંપડતાં પાટણે જીવવાની આશે નવું પાટણ ઊભું કર્યું; પણ સોલંકી પાછા આવ્યા ? ચંદ્રાવતીને એમ જીવવું આકરૂં લાગ્યું. કુલ જતાં કુલપ્રતિષ્ઠા પણ ચિતામાં પડી.

એના પથ્થરો યે અત્યારે તો વેચાય છે, ધૂળમાં દબાય છે. ભલું થજો બીચારી રેલવે કંપનીનું કે એના પથ્થરમાંથી શેવાલણનો પૂલ બાંધ્યો. એ ચંદ્રાવતીનો સ્મરણસ્તંભ. એના પાયામાં ચંદ્રાવતીનું નામસ્મરણ હમેશાં ઊભું રહેશે !

સ્મરણયાત્રા

૧૯][મીઠી ઊંઘ

સવારની ગુલાબી ઊંઘના ઘૂંટડા પીતો હું પથારીમાં પડ્યો હતો. ઘરનાં બાકીનાં બધાં તો ક્યારનાં યે ઊઠીને પ્રાતર્વિધિથી પરવાર્યાં હતાં. કોણ જાણે ક્યારે આઇ અને મોટાભાઇ મારી પથારી ઉપર આવીને બેઠાં હતાં. અરધી ઊંઘમાં કેટલા વાગ્યા છે, હું ક્યાં સૂતો છું, મારૂં માથું અને પગ કઇ દિશામાં છે, એનું મને જરા યે ભાન ન હતું. બસ, એક ઊંઘનો આનંદ અને ઓઢેલી રજાઇની હૂંફ એટલું જ મારી આસપાસ હતું. એટલામાં આઇ અને બાબાની વાતચીત કાને પડી.

'કાય રે બાબા, તુલા કાય વાટતેં? હા દત્તુ કાંહીં શિકતોય કા?'

પ્રશ્ન સાંભળતાંવેંત મારા કાન જાગૃત થયા. પોતાને વિષે વાત ચાલતી હોય ત્યાં ધ્યાન તો જાય જ. એ જ ક્ષણે મેં વિચાર કર્યો કે જો ચલનવલન કરીશ તો આ સંભાષણ તૂટી જશે; હું સૂતો છું એમ ધારીને જ આ વાતચીત ચાલે છે. હું સાવ નિશ્ચેષ્ટ જ પડ્યો રહ્યો. બલ્કે કંઇક પ્રયત્નથી શ્વાસમાં પણ ફેરફાર ન થાય એની સાવચેતી રાખી. બાબાએ જવાબ આપ્યો: 'હા, એની કૌવત પ્રમાણે ભણે છે ખરો.'

આઇને એટલેથી સંતોષ ન થયો. આઇએ કહ્યું: 'એના હાથમાં હું ચોપડી તો જોતી જ નથી. આખો દિવસ રખડ્યા કરે છે. એક દિવસ પણ વખતસર ઊઠી નિશાળે ગએલો યાદ નથી. એ નિશાળે પહોંચે ત્યાં આઠ તો વાગેલા જ હોય; અને રાતે પલાખાં બોલતાંબોલતાં જ વચમાં સૂઈ જાય છે. એનું શું થશે? એની જીભે વિદ્યા ચોંટશે કે નહિ?'

મારા ભણતરનું આવું વર્ણન તો હું દિવસરાત સાંભળતો જ હતો. જે કોઈ મને વઢે તે આટલા દોષોની નામાવલિ તો ઉચ્ચારવાનું જ. ભણવાની બાબતમાં મને વઢે નહિ એકલો ગોંદુ, કેમકે એ બાબતમાં એ મારાથી સવાયો હતો. એટલે આઇના એ સવાલથી મને નવું યે ન લાગ્યું અને માઠું યે ન લાગ્યું. આપણે છીએ જ એવા! કૃષ્ણને કોઇ કાળા કહે તો એ શા માટે ચીડાય? મને જરા યે ઓછું ન આવ્યું. મારૂં બધું ધ્યાન બાબા શું કહે છે એ તરફ જ હતું.

બાબાએ કહ્યું, 'આઇ, તું નકામી ચિંતા કરે છે. દત્તુને બુદ્ધિ સારી છે. એ કંઈ 'મઠ્ઠ' નથી. જ્યારે ભણે છે ત્યારે ધ્યાન દઇને ભણે છે. શરીરે નબળો છે એટલે બીજા છોકરાઓની પેઠે લાગલાગટ લાંબા વખત સુધી નથી ભણી શકતો. પણ એનું કંઇ નહિ. જ્યારે હું એને કંઇ સમજાવું છું ત્યારે ઝટ સમજી લે છે. તારે એની ચિંતા કરવી જ નહિ.'

આઇએ કહ્યું, 'તું ખાતરી આપે પછી મારે શાની ચિંતા હોય? હું એમાં શું સમજું? એ ઠોઠ ન રહે એટલું જ હું ઇચ્છું. અમે નહિ હોઇએ ત્યારે તમે બધા મોટા થયા હશો. મારો દત્ત સૌથી નાનો. ભણેલો ન હોય તો એ મૂંઝાય. એ મોટો થઇને રળતો થાય ત્યાં સુધી જીવવાની ઇચ્છા છે ખરી. દત્તુને ઠેકાણે પડેલો જોઇશ ત્યારે સુખેથી હું આંખો મીંચી દઇશ.'

આ સંવાદ સાંભળતી વખતે મારા બાળહૃદયમાં શું ચાલતું હશે એની કલ્પના નહોતી આઇને કે નહોતી મોટાભાઇને. મારામાં શ્રદ્ધા રાખીને મારે વિષે થએલી વાતચીત મારે માટે તો આ પહેલવહેલી જ હતી. ડૂબતા માણસને કોઈ જીવતદાન આપે પછી એને જે હર્ષ થાય તેવો હર્ષ મોટાભાઇનાં વચનો સાંભળી મને થયો. મારા રખડુવેડાથી આઇને આટલી ચિંતા થાય છે એ પણ મેં પહેલવહેલું જાણ્યું. પણ એની મારા પર તે વખતે ઝાઝી અસર ન થઇ. અને જે થઈ તે પણ લાંબા વખત સુધી ન ટકી. પણ મોટાભાઈનાં વચનની અસર તો કાયમની થઇ. બાબાનું કેળવણીનું ધોરણ બહુ જ આકરૂં હતું. અમારા દેખતાં અમારાં વખાણ તો થાય જ નહિ. બાબા એટલે અમારી બહિશ્ચર કર્તવ્ય-બુદ્ધિ. ડગલે ને પગલે અમને ટોકે; ડગલે ન પગલે વઢે. અને વઢે તે ય જીભ કરતાં સોટી વડે જ વધારે. મારની બીકથી હું દોડતો હોઉં ને બાબા હાથમાં સોટી લઇ મારી પાછળ દોડતા હોય એવી શરતનાં ત્રણચાર દશ્યો હજી યે મારી દૃષ્ટિ આગળ તાજાં છે. અમારા બે વચ્ચેનું અંતર વધે છે કે ઘટે છે એ જોવા ઘણી વાર હું પાછળ નજર ફેંકતો. એ વખતે કોઇ રસિક કાવ્યજ્ઞ ઊભો હોય તો જરૂર એને કાલિદાસનો 'ग्रीवाभंगाभिरामं' વાળો શ્લોક યાદ આવત.

એ દોડમાં કોકવાર અમારા બે વચ્ચેનું અંતર ઘટી જતું, જ્યારે કોકવાર હું છટકવા પામતો. પણ જીવનની દોડમાં અમારા બે વચ્ચેનું અંતર દહાડે-દહાડે ઘટતું જ ગયું. તે એટલે સુધી કે ઘણી વાર હું બાબાનો સલાહકાર બનતો. અમારી વચ્ચેનું ઉમરનું અંતર જોઈ અજાણ્યા લોકો અમને પિતાપુત્ર સમજતા. અને સાચે જ બાબાનો પ્રેમ પિતા જેવો હતો. પણ જેમજેમ ઉમરમાં ને વિચારમાં હું વધતો ગયો તેમ-તેમ બાબાના કોમળ હૈયાના ઊભરાઓ ઠાલવી દેવાનું હું એકમાત્ર સ્થાન બની ગયો. પછી તો અમારા સંબંધની મીઠાશ ભાઈભાઈ ઉપરાંત મિત્રોની થઈ હતી. પણ એનું બીજ તો પેલી મીઠી ઊંઘ વખતનાં વચનો-માં જ હતું. તે દિવસે મને થયું કે श्रुतं श्रोतव्यम्.

૨૦][હિંદુ સ્કુલમાં

નીતિ કે સદાચાર વિષે પ્રત્યક્ષ પહેલવહેલું ભાન કરાવ-નાર તો મારા મોટાભાઈ બાબા હતા. પણ યોગ્ય સમયે નીતિ અને ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ અને ગાંભીર્ય હૃદય ઉપર ઠસાવનાર મારા પૂજ્ય શિક્ષક વામનરાવ દુભાષીએ જ ગણાય.

કારવારમાં એમણે 'હિંદુ સ્કુલ' નામની ખાનગી સંસ્થા કાઢેલી. એમાં અંગ્રેજી પ્રાથમિક ત્રણ ધોરણ જ શરૂઆતમાં હતાં. ત્રણ શિક્ષકો એમાં કામ કરે. મહારાષ્ટ્રમાં અમે શિક્ષકોને એમની અટકથી ઓળ-ખીએ. આશ્રમ જેવી સંસ્થાઓ હોય તો તેમાં અધ્યા-પકોનાં 'અણ્ણા, નાના, તાત્યા, કાકા' વગેરે સગાઈ-સંબંધ સૂચક નામો પાડેલાં હોય છે. પ્રો. વિજાપુર-કર તે 'અણ્ણા', પ્રો. ઓક તે 'નાના', નારાયણ-શાસ્ત્રી મરાઠે તે 'મામા'. પણ કારવારમાં તો વિદ્યા-ર્થીઓ શિક્ષકોને તેમના નામથી જ સંબોધે. 'હિંદુ સ્કુલ'ના ત્રણ શિક્ષકો તે વામન માસ્તર, હરિ માસ્તર અને વિઠ્ઠલ માસ્તર. આમાંના વિઠ્ઠલ માસ્તર બહુ પ્રભાવશાળી શિક્ષક નહોતા. પણ રમતમાં અમારી સાથે ખૂબ ભળે એટલે તેઓ વિદ્યાર્થીપ્રિય થયા હતા. મારો પહેલવહેલો પરિચય વિઠ્ઠલ માસ્તર સાથે થયો, કેમકે તેઓ અંગ્રેજી બીજી ભણાવતા. મરાઠી ચોથી અને અંગ્રેજી પહેલીમાં મેં ગણિત ઠીકઠીક કર્યું હતું. પણ અહીં તો ગણિત અંગ્રેજીમાં કરવું પડતું. બીજા ધોરણ-ના વિદ્યાર્થીને ગણિત અંગ્રેજીમાં કરવું પડે એ અત્યા-ચાર છે એમ તે વખતે મનાતું નહિ. ગણિતનો કલાક આવે એટલે મારા પેટમાં ધ્રાસ્કો પડે. વિઠ્ઠલ માસ્તર સ્વભાવે રજોગુણી. સહેજમાં ચીડાય ને સહેજમાં વહેમાય. જોકે તેઓ વિદ્યાર્થીઓમાં રસ ખૂબ લેતા. તેમને વ્યાખ્યાન આપવાની હોંશ પણ ભારે હતી, અને કંઇક ને કંઈક પ્રવૃત્તિ હાથમાં હોય ત્યારે જ એમને શાંતિ મળતી. ટૂંકામાં કહીએ તો અશાંતિની શાંતિના તેઓ શોખીન હતા. છોકરાઓનું અંગ્રેજી સરસ કરી આપવું એ તે વખતની ઉત્તમ કેળવણીની કસોટી ગણાતી, અને નીતિનું શિક્ષણ આપવું એમાં શિક્ષકોને સમાધાન રહેતું. મને સ્મરણ છે કે અંગ્રેજી બીજીમાં મેં સહેલી અંગ્રેજી કવિતાઓ ખૂબ કરેલી અને ત્રીજીમાં તો 'લેડી ઑફ ધ લેઇક' માંથી બસો જેટલી લીટીઓ પણ કરી નાખી હતી. 'હિંદુ સ્કુલ'માં બે વર્ષમાં મારો અંગ્રેજીનો પાયો એટલો તો સરસ પાકો થયો કે મૅટ્રિક સુધી અંગ્રેજીમાં હમેશ હું સૌથી ચડિયાતો ગણાતો. કૉલેજમાં પણ અંગ્રેજીમાં મને ખૂબ માર્ક મળતા. પણ સહભાગ્યે ભાષા કરતાં જ્ઞાનનો જ મોહ મને વધારે હોવાથી કોઇ પણ ભાષામાં પ્રાવિણ્ય મેળવવાનો મેં પ્રયાસ કર્યો નથી. આજે પણ પોતાના વિચારો જેમતેમ વ્યક્ત કરતાં આવડે એટલે મને સંતોષ થાય છે.

વિઠ્ઠલ માસ્તરને છીંકણીની ટેવ હતી. એનું તેમને માઠું લાગતું ને નિખાલસપણે વર્ગમાં તેઓ કહેતા પણ ખરા કે 'આ બહુ ખરાબ વ્યસન છે. મેં કેટલાયે પ્રયત્નો કર્યા પણ એ છૂટતું નથી.' મારા ભોળા સ્વભાવ પ્રમાણે એમનું કહેવું હું સાચું જ માનતો. આજે એ વિષે મને શંકા નથી. છતાં તે વખતે ઊંડેઊંડે મને થતું કે છીંકણી-ના વ્યસન પ્રત્યે એમને હાર્દિક અણગમો નથી. આ એક વ્યસન છે; ખરાબ છે, એટલું તત્ત્વતઃ સ્વીકારીએ અને પોતાની અશક્તિનો નિખાલસ એકરાર કરીએ એટલે બહુ થયું એમ તેઓ અંદરખાનેથી માનતા હશે એવી અસ્પષ્ટ છાપ તે વખતના મારા બાળ-માનસ ઉપર પણ પડ્યા વગર રહી નહિ.

કોકણની ફૅશન પ્રમાણે હરિ માસ્તરની શિખાનો જથ્થો મોટો અને લાંબો હતો. વર્ગમાં તે ઘણુંખરું ઉઘાડે માથે જ બેસે. ભણાવવાનો રસ બરોબર જામે એટલે અજાણતાં એમનો હાથ એકાદ લાંબા વાળને પકડી જીભ તરફ લાવે અને પછી જીભ તથા આંગળા

વચ્ચે વાળની મદદથી ગજગ્રાહ ચાલે. વાળ મોઢામાં નાખવા એ ગંદું છે, એમ નાનપણથી ઘરના સંસ્કાર હોવાથી મને હરિ માસ્તરની આ ટેવ બહુ વિચિત્ર લાગતી ને એને લીધે વર્ગમાં મારી એકાગ્રતામાં ભંગાણ પડતું. છએક મહિના સુધી હું એમના હાથ તળે ભણ્યો પણ મારી એ સૂગ જરા યે ઓછી થઇ નહિ.

હરિ માસ્તર ભણાવવામાં કુશળ. ઉચ્ચાર તરફ ખાસ ધ્યાન આપે. કેટલાક સંસ્કૃત શ્લોકો અમારી પાસે મોઢે કરાવે. ભાષાંતર તરફ એમનું ખાસ લક્ષ રહેતું. એમની જન્મભાષા કોંકણી એટલે એમને મરાઠી કંઇક ઓછું આવડે. વર્ગમાં શુદ્ધ મરાઠી જાણનાર હું એકલો જ. બાકીના બધા વિદ્યાર્થીઓ ઘરમાં કોંકણી બોલે અને નિશાળમાં કાનડી શીખે એવી સ્થિતિ હતી. અમારા વર્ગમાં ભાષાંતર બંને ભાષામાં ચાલતું. એ રીતે જ કાનડી ભાષા સાથે મારો પ્રથમ પરિચય થયો. પોતાને મરાઠી ભાષા ઓછી આવડે છે એ હકીકત છાની રાખવાનો પ્રયત્ન હરિ માસ્તરે કોઇ કાળે કર્યો નહિ. મને સ્મરણ છે કે એકબે વાર જાહેર ભાષણમાં એમને યોગ્ય શબ્દ ન સૂઝેલો ત્યારે મને પાસે બોલાવી મારી પાસેથી જાણી લીધેલો.

હરિ માસ્તરના સહવાસથી હું એમનાથી કંઇક ડરતાં શીખ્યો, પણ સાથેસાથે, હમેશાં સાચું જ બોલવું એ વસ્તુનું મહત્ત્વ પણ એમની પાસેથી જ એમના અજાણતાં હું શીખ્યો. હિંદુ સ્કુલમાં હું જૂઠું બોલ્યો હોઉં એવો એક પણ પ્રસંગ મને યાદ નથી. પ્રથમપ્રથમ તો અમે જૂઠું બોલવાનો મોહ નિવારીને સાચું કહી દઇએ એટલે હરિ માસ્તર અમને મારી બક્ષતા. પણ આગળ જતાં સત્ય બોલવા માટે આટલી લાલચ આપવી એ પણ અમને ગમ્યું નહિ, એટલે ઘણી વાર અમે સાચું બોલીને પણ યથાસ્થિત માર ખાતા!

અમે ખંતથી ભણીએ એટલા માટે હરિ માસ્તરે એક મજાની યુક્તિ શોધી કાઢી હતી. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં આજે મને એનું મહત્ત્વ અસાધારણ લાગે છે. નાનપણથી અમને માર્કની, પહેલા નંબરની હરીફાઈની અને બ્લૅક બેન્ચની ટેવ હતી. હરીફાઇને લીધે સૌમ્ય સ્વરૂપમાં પણ એમ જ લાગતું કે બધા વિદ્યાર્થીઓ આપણા શત્રુ છે અને તેમની સામે લડીને પહેલ કરવી છે. મારા જેવા પહેલા નંબર વિષેના ઉદાસીન વિદ્યાર્થીઓ આ હરીફાઈના ઝેરમાંથી બચી જતા, પણ પહેલા નંબરના લોભિયા વિદ્યાર્થીઓ આથી હમેશાં અદેખા, જ્ઞાનચોર, સ્વાર્થી, અને ચુગલીખોર બની જતા. એમને તો ત્રણ જાતની મહેનત પડતી. વિષય શીખવો, હરીફની શક્તિ–અશક્તિ ઉપર ચોકી રાખવી અને શિક્ષકની ખુશામત કેવી રીતે થાય તે શોધી કાઢવું. પ્રાચીન કાળથી વાગ્યુદ્ધોના પ્રચારને લીધે આ બધા દુર્ગુણો આપણા વિદ્વાનો અને ગુણીજનોમાં વધેલા જોવામાં આવે છે. ગુલામીનાં અનેક કારણોમાં આ એક બળવાન કારણ છે.

હરિ માસ્તરે એ હરીફાઇનું તત્ત્વ જરાક વ્યાપક કરી એના પેટમાં સહકારનું તત્ત્વ દાખલ કર્યું. તે વેળા આ ઊંડી ફિલસૂફી તેમના ધ્યાનમાં હશે એમ મને નથી લાગતું. એમણે અમારા વર્ગની બે ટુકડી પાડી. અથવા સાચું કહું તો વર્ગને બે ટુકડીમાં વિભક્ત થવાનું સ્વરાજ આપ્યું. દર અઠવાડિયે એકએક ટુકડીના તમામ વિદ્યાર્થીઓના માર્કનો સરવાળો કરવામાં આવતો. જે ટુકડીના માર્ક વધારે જણાય તે પહેલા નંબરની ટુકડી ગણાતી ને તેને શિક્ષકની જમણી બાજુ બેસવાનો હક્ક મળતો. આ યોજના થયા પહેલાં નંબરના ભૂખ્યા ચારપાંચ વિદ્યાર્થીઓમાં જ હરીફાઇ ચાલતી ને તેઓ ભણતર તરફ ધ્યાન આપતા. ઉપરાંત મારા જેવો કોઇ રડયોખડયો વિદ્યાર્થી હરીફાઇ વગર ભણવામાં રસ રાખતો. બાકીના નીચલા બધા વિદ્યાર્થીઓ, મહિષવૃત્તિ ધારણ કરી બેસી જતા. આપણે કયાં પહેલો નંબર મેળવવો છે, એવું સનાતની સમાધાન કેળવવામાં જ તેઓ શ્રેષ્ઠતા સમજતા.

પણ આ નવી વ્યવસ્થા પછી તીવ્ર તેમજ મંદ દરેક વિદ્યાર્થીને પોતાથી બનતો પ્રયત્ન કરવાનો ઉત્સાહ ઉપજ્યો. પોતે પહેલો નંબર ભલે ન મેળવી શકે, પણ પોતાની ટુકડીને પહેલો નંબર અપાવવામાં તો કંઇક મદદ જરૂર થાય એ ખ્યાલથી બધા જ વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા. આગળ જતાં અમે પોતાની ટુકડીના કાચા અને મંદ વિદ્યાર્થીઓને ઘેર બોલાવીને પણ મદદ કરવા લાગ્યા. એકબીજાને ચોપડીઓ આપીએ, ન સમજાય તે સમજાવીએ, ખાસ ધ્યાન રાખવાલાયક શું છે તે તારવી કાઢીને આપીએ, અને ગમે તે પરિસ્થિતિમાં સમભાવનો ખોરાક આપીએ. એક

મહિનાની અંદર તો આ વ્યવસ્થાનો લાભ અમને પણ પ્રત્યક્ષ થયો. અમારો ભાતૃભાવ વધ્યો, સંઘવૃત્તિ જામી, અમે એકબીજાને ઘેર જવા લાગ્યા અને ભણતર ઉપરાંત પણ એકબીજાને મદદ કરવા લાગ્યા.

આ થયો અંતરસ્થ લાભ. પણ બે ટુકડી વચ્ચે હવે હરીફાઇ વધુ ને વધુ તીવ્ર થવા લાગી. સામી ટુકડીના માણસને મદદ કરાય જ નહિ. એ લોકોની ખામીઓ જેમજેમ અમારા ધ્યાનમાં આવે તેમતેમ અમને હર્ષ થાય. હિંદુ સ્કુલમાં મળતી નૈતિક કેળવણીને પરિણામે આ દોષ મારા ધ્યાનમાં આવ્યો. મેં મારા સ્વભાવ પ્રમાણે મારી ટુકડીના વિદ્યાર્થીઓને ઉદારતાની નહિ, સદ્‌ભાવની નહિ, પણ મોટાઇની અપીલ કરી. સામા પક્ષનો કોઇ પણ વિદ્યાર્થી આપણી પાસે મદદ માગે તો પોતાની ટુકડીને મદદ કરીએ એના કરતાં યે એને વધારે મદદ કરીએ, એમાં આપણી મોટાઇ છે, એમ છાતી ફુલાવીને મેં મારી ટુકડી વાળાઓને સમજાવી દીધું. આનું પરિણામ બહુ જ સારૂં આવ્યું એમ કહેવાની જરૂર નથી.

થોડા દિવસ પછી તો બંને ટુકડીનાં બે રાજ્યો ગણાવા લાગ્યાં. ટુકડીનો નાયક તે રાજા. પછી તો પ્રધાન, સેનાપતિ વગેરે બધા જ હોદ્દાદાર નીમાયા. આ રાજ્યવ્યવસ્થામાં મને બંને રાજ્યો વચ્ચેના ઝઘડાનો નીવેડો આણનાર ન્યાયાધીશ નીમવામાં આવ્યો. વર્ગમાં હું એક ટુકડીની પ્રજા ગણાઉં, પણ વર્ગ બહાર બે ટુકડી વચ્ચેનો ન્યાયાધીશ, હવે હું જોઉં છું કે મારાં લખાણોમાં, ભાષણોમાં તેમજ ચર્ચામાં નૈતિક મુદ્દાનું જે મહત્ત્વ ફરીફરી આવી જાય છે એનું મૂળ કારણ આ હિંદુ સ્કુલમાં ગાળેલું મારૂં જીવન જ છે. જીવનરામ (કૃપાલાની) મને ઘણી વાર કહે છે કે ટાણે ને કટાણે તું નીતિની જ વાતો કર્યા કરે છે તેથી માણસો તારાથી સહેજ દૂર થઇ જાય છે. એનું કારણ પણ આ મૂળમાં જ હોવું જોઇએ.

ન્યાયાધીશ થયા પછી ચોવીસે કલાક હું નીતિ અને ઇન્સાફનો જ વિચાર કરવા લાગ્યો. મારી બાલોચિત્ત સ્વાભાવિકતા નષ્ટ થઇ. ન્યાયાધીશ તરીકે વિદ્યાર્થીઓને હું હુકમ કરવા લાગ્યો. એકાદ તોફાની છોકરો હુકમ માને નહિ એટલે મનમાં બળ્યા કરૂં. પણ તે ક્ષણ પૂરતું જ. મનમાં કીનો રહેતો નહિ; એટલું જ નહિ પણ એવો છોકરો કવચિત્ ગુનેગાર તરીકે મારી કોર્ટ સમક્ષ આવતો તો ન્યાયપરાયણતા સિદ્ધ કરવા ખાતર જાણીજોઇને એની તરફેણમાં જ હું વધારે ઝૂકતો. આથી જોકે મારી પ્રતિષ્ઠા વધી પણ સ્વાભાવિકતા ગઇ. અને એ ભોગ કંઇ નાનોસૂનો નહોતો.

બીજીમાંથી હું ત્રીજીમાં ગયો ત્યારે વામન માસ્તર સાથેનો મારો પરિચય વધ્યો. એમની અસર તો મારા ઉપર આના પહેલાં જ શરૂ થઇ હતી. દર રવિવારે વામન માસ્તર અને હરિ માસ્તર મળીને એક ધાર્મિક વર્ગ ચલાવતા. એમાં સરકારી હાઇસ્કુલના વિદ્યાર્થીઓ પણ આવતા. કાંઇક નૈતિક, ધાર્મિક વિષયો ઉપર પ્રવચન થતું. આગળ જતાં એમણે હરિશ્ચંદ્રાખ્યાન શરૂ કર્યું. 'ઓવી'ઓ વાંચતા જાય અને વિવરણ કરતા જાય. હરિ માસ્તરની બોલવાની અને વિવરણ કરવાની છટા બહુ સુંદર હતી. પણ વામન માસ્તરમાં લાગણી (Earnestness) અને ગંભીરતા વધારે હતી. જીવન જેવા પવિત્ર વિષય વિષયે આપણે બોલીએ છીએ એનું ભાન એમનામાં સ્પષ્ટ દેખાતું હતું. છતાં એમાં કૃત્રિમતાનો અંશ ન મળે. હું જેમજેમ તેમનાં પ્રવચનો સાંભળતો ગયો તેમતેમ 'આ સામાન્ય માસ્તર નથી પણ કોઇ ભવ્ય પુરુષ છે' એવી મારી ખાતરી થવા લાગી અને અજાણ્યે હું એમનો ભક્ત થવા લાગ્યો.

એમને પોતાની રોજનીશી લખવાની ટેવ હતી. એક જાડી સરખી નોટ બાંધેલી, તેમાં રોજ લખ્યે જ જાય, લખ્યે જ જાય. તેઓ બધું અંગ્રેજીમાં લખતા. રોજ એ નોંધપોથી વર્ગમાં સાથે લઇ આવતા અને અમે દાખલા ગણતા હોઇએ તે દરમ્યાન કંઇક ને કંઇક એમાં ઉમેરતા જ હોય. બાલોચિત્ત જિજ્ઞાસાથી કવચિત્ અમે એ હાથમાં લઇ એનાં પાનાંમાં ડોકિયું કરીએ તોપણ અમને એ વઢતા નહિ કે વારતા નહિ. મને તો એક જ દિવસ એ નોંધપોથી હાથમાં લીધાનું સ્મરણ છે. મેં જે પાનું ફેરવ્યું એમાં ગ્રહણનું ચિત્ર હતું અને ગ્રહણ વિષે કંઇક લખેલું હતું.

વામન માસ્તર અંગ્રેજી બહુ સરસ ભણાવતા. મરાઠી કવિતા પણ એમની સાથે વાંચતાં અમને ખૂબ રસ આવતો. અમને ન્યૂ રૉયલ રીડર ત્રીજી ચાલતી. એમાં બીજો જ પાઠ માતાના હેત વિષેની કવિતાનો હતો. તે દિવસે વામન માસ્તર વર્ગમાં આવ્યા. હાથમાં

ચોપડી હતી નહિ. ખુરસી ઉપર બેસવાને બદલે વર્ગમાં તેઓ આંટા મારવા લાગ્યા, અને એમણે એકાએક સરસ વર્ણન શરૂ કર્યું: 'એક મોટું જંગલ છે; ધોધમાર વરસાદ વરસે છે; વરસાદ સાથે હીમ પણ છે; એક બાઈ પોતાના બાળકને છાતીસરસો ચાંપી ઉતાવળે ઉતાવળે એ જંગલમાંથી જાય છે. બરફ વધારે પડવા લાગ્યો; ચાલવું મુશ્કેલ થઇ ગયું; માને બીક પેઠી કે બાળકથી આટલી ટાઢ ખમાવાની નહિ. એટલે ઝટ એણે પોતાનો ઓઢવાનો મોટો ડગલો પોતાના ખભા ઉપરથી કાઢ્યો, બાળકને એમાં વીંટાળી દીધું અને પોતે ટાઢમાં ધ્રૂજતીધ્રૂજતી આગળ ચાલી.'

આવું કાવ્યમય અને અંતઃકરણને પીગળાવી નાખે એવું વર્ણન એમણે અમને આપ્યું. અમારામાંના એકેએક જણનું હૃદય દ્રવી રહ્યું હતું. ત્યાર પછી એમણે, અમે સમજી શકીએ એવી અત્યત સહેલી ભાષામાં એ જ વાર્તા અંગ્રેજીમાં કહી સંભળાવી. એમાં બેચાર જે નવા શબ્દો આવ્યા એના અર્થ ત્યાં ને ત્યાં જ કહી દીધા. આટલું કર્યા પછી તેઓ ખુરસી ઉપર જઇને બેઠા અને કહ્યું ચાલો હવે પાઠ શરૂ કરીએ. પાઠમાં શું છે એ જોવાની તો અમે તસ્દી લીધી હતી જ નહિ! જ્યારે કવિતા શરૂ થઇ ત્યારે અમને એ સાવ સહેલી જણાઇ. જોતજોતાંમાં અમે એ કવિતાના પ્રવાહ પર તરવા અને તણાવા લાગ્યા. અને જ્યારે

'Oh God!' She cried in accents wild,
'If I must perish, save my child.'

આ લીટીઓ આવી ત્યારે તો વર્ગ આખો કરુણરસમાં ડૂબી ગયો. આ વર્ગ ચાલે છે અને પાઠ શીખીએ છીએ એ ભાન પણ કોઇને ન રહ્યું.

એ જ પ્રમાણે 'The Blind boy'ની કવિતા એમણે અમને ભણાવેલી. એમની વાંચવાની છટા એવી તો સરસ હતી કે શબ્દો ન જાણીએ તો યે અર્થ મનમાં ઠસી જાય. છતાં એમના વાંચવામાં નાટકી હાવભાવ હોતા નહિ.

કવિતાઓ સાથે નીતિનો બોધ પણ તેઓ અમને આપતા. આજકાલના શિક્ષકો અને સાહિત્યસેવકો નીતિના બોધથી હમેશાં કંટાળે છે. પ્રત્યક્ષ બોધ એ નીરસ અને નિષ્પરિણામી વસ્તુ છે, એવી આજની સાર્વત્રિક માન્યતા છે. મને જરા યે શંકા નથી કે આ માન્યતાનું કારણ બોધ આપનારની લાગણીનું છીછરાપણું છે. વામન માસ્તરે અમારા ઉપર એવી તો છાપ પાડી કે સત્યયુગના Knight જેવો ઉત્સાહ અને પુરુષાર્થ અમારામાં આવી ગયો.

એક દિવસ નીચલા વર્ગનો એક છોકરો કંઇ કારણસર અમારા વર્ગમાં આવ્યો. એ સાવ ગામડિયો હતો. એનાં કપડાં બહુ જ અવ્યવસ્થિત હતાં. પહેરણ વગર જ એણે કોટ પહેર્યો હતો ને એ કોટની અંદર પણ એની છાતી માતી નહોતી એટલે એનાં બટન ખુલ્લાં હતાં!

પ્રસન્નતાથી હસતો એ છોકરો અમારા વર્ગમાં આવ્યો. વામન માસ્તરે એને કોટનાં બટન ભીડવાનું કહ્યું. માસ્તરની આમન્યા રાખવા ખાતર એણે જરાક પ્રયત્ન કર્યા જેવું કર્યું, પણ એ જાણતો જ હતો કે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં યે બટન ગાજ સુધી પહોંચવાનાં નથી. અમે બધા હસવા લાગ્યા! કામ પતાવીને છોકરો પાછો ગયા પછી વામન માસ્તરે અમને સૌને ઠપકો આપીને કહ્યું, 'એ છોકરાની તંદુરસ્તી કેવી હતી તે તમે જોયું? એના જેવો નિર્દોષ અને આરોગ્યવાન તથા ઊછળતા લોહી વાળો તમારામાં કોણ છે? એની એ ઉઘાડી છાતીની તો અદેખાઇ જ આવે. ઘરમાં એ સખત મહેનત કરતો હશે અને સાદું જીવન ગાળતો હશે. અને કેટલી નિખાલસતાથી એ હસતો હતો! એ છોકરાને મન તો આજે પણ સત્યયુગ જ ચાલે છે. આરોગ્ય અને શક્તિ ઘી દૂધ કે બદામ પિસ્તાંમાં નથી, પણ આવા શુદ્ધ, સ્વતંત્ર અને મહેનતુ જીવનમાં છે.' તે જ ક્ષણે અમને પ્રત્યેક વસ્તુનું ખરૂં મહત્ત્વ માપવાની નવી દૃષ્ટિ મળી. અમે ત્રણેક જણ સરકારી અમલદારના દીકરાઓ હતા. ભણવામાં પણ અમે ત્રણ જણ કંઇક વિશેષ હતા. બુદ્ધિમત્તા અને સામાજિક પ્રતિષ્ઠાથી શ્રેષ્ઠ હોવાથી અમારામાં અજાણ્યે ને અસ્પષ્ટ એવો ભાવ હતો કે અમે જ સૌથી સારા છીએ. જોકે મનમાં અહંકાર પેદા થાય એટલું સ્પષ્ટ એ ભાન ન હતું, કેમકે આખરે અમે મુગ્ધ તો ખરા જ. બધા સાથે સમાનતાથી જ વર્તતા. પણ આજે જ્યારે એક સાવ અશિષ્ટ ગામડિયો છોકરો અમારાથી શ્રેષ્ઠ ઠર્યો ત્યારે સારાનરસાની એક નવી જ કસોટી અમારા હાથમાં આવી. અમે 'ડેમૉક્રસી' શીખ્યા.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



રોમ પડ્યું તે વખતે ત્યાં હોનોરિયસ નામે જુવાન રાજા રાજ્ય કરતો હતો. તે આરસના મહેલમાં રહેતો. ઠંડા પાણીના સુંદર ફુવારા તેના બગીચામાં નિરંતર ઊડ્યા કરતા. સોનેરી માછલીઓ જોડે રમવાનો તેને ઘણો શોખ હતો. તેનું જીવન વિનોદમાં ને વિલાસમાં જ પસાર થઇ રહ્યું હતું.

એક દિવસ સંદેશો લઇને એક દૂત આવ્યો. તેની પાસે બહુ અગત્યના સમાચાર હતા. જંગલી લોકોએ પર્વતોમાંથી રોમન લોકોને હઠાવ્યા હતા ને મારમાર કરતા તે રોમ પર ધસતા હતા. હોનોરિયસના મહેલના દ્વાર પર ગુલામો ચોકી કરી રહ્યા હતા. દૂતે કહ્યું: 'મને જલ્દી અંદર જવા દો. મારે મહારાજાને મળવું છે.'

જવાબ મળ્યો: 'મહારાજા સૂતા છે; અંદર નહિ જવાય.'

બીજે દિવસે દૂત આવ્યો. મહારાજા નિદ્રાધીન હતા.

ત્રીજે દિવસે દૂત સમાચાર દેવા આવ્યો. મહારાજા જાગૃત થયા હતા. ગુલામે પ્રવેશદ્વાર પરથી રેશમી પડદો ઊંચો કર્યો અને કહ્યું: 'હવે જા.'

એટલામાં તો બહાર લોકોનાં ધાડેધાડાં આવવા લાગ્યાં. સૌ આકુળવ્યાકુળ બનીને અંદરઅંદર પૂછે છે: 'મહારાજા ક્યાં છે? આ આટલાં બધાં માણસો કેમ આવે છે?—શાનો સંદેશો છે?'

અને ખબર મળ્યા કે ઉત્તરવિભાગમાંથી એલારિક—જંગલી લોકોનો રાજા—ચડી આવે છે.

'ખમો ખમો, કાંઇ ફિકર નહિ. મહારાજા યુક્તિ શોધી કાઢશે. આપણા એ રક્ષક છે.' થોડી વારમાં, એક વખતના વિશ્વવિખ્યાત રોમનસામ્રાજ્યનો અધિષ્ઠાતા બહાર આવ્યો. સૈનિકોથી, મિત્રોથી અને નોકરોથી વીંટળાઇને તે બહાર આવ્યો. પાલખીમાં બેઠો, પાલખી ઊપડી ને તે તરત જ અદૃશ્ય થઈ ગઈ. રોમને તજીને મહારાજા ચાલી નીકળ્યા. રોમ, અને રોમન—જગતભરનાં કીર્તિવંત એ બે ભવ્ય નામો એકલાં અને નિરાધાર ઊભાં!

બહારથી રોમ તરફ આવવાનો રસ્તો કેવો સુંદર હતો! પથ્થરની ફરસબંધી વાળાએ રસ્તા પર થઇ દુશ્મને રોમની પડોશમાં પ્રવેશ કર્યો. આખી રાત નિરાશ રોમનોએ ચારે તરફ દુશ્મન સૈન્યનાં તાપણાં જોયા કર્યાં! રોમ નગર ચારે તરફથી ઘેરાયું હતું.

થોડા જ દિવસમાં ખોરાકની તંગી પડવા માંડી અને રોમનો વધારે વખત કિલ્લામાં ટકી શકે તેવું રહ્યું નહિ.

રોમનોની સભા મળી. જે સભામાં જુલિયસ સીઝર, ઑગસ્ટસ ને સીસેરો જેવાએ દુનિયાનું નસીબ ઘડ્યું હતું ત્યાં પોતાના નસીબની કથા કહેવા રોમનો ભેગા થયા!

'ખોરાક તો જોઇશે; પછી ગમે તે થાય!' એક સભાસદ બોલે છે.

'અરે! બે દિવસ થયાં હું પેટ ભરીને જમ્યો નથી.' બીજો બોલે છે.

'સંધિ કરો, સંધિ કરો; માનભેર સલાહ કરો. પૈસાબૈસા દઇને પાછો કાઢો;—એવા જંગલીને બીજું શું જોઇએ.' બગાસાં ખાતાંખાતાં ત્રીજા ભાઈ બોલે છે.

બે મુખ્ય રોમન જોહન અને બાઝીલિયસ, એલારિકને મળવા નગર બહાર નીકળ્યા. એલારિક પાસે પહોંચ્યા અને ઊંચા પડછંદ ગૌર વર્ણના જંગલી રાજાનું સ્નાયુબદ્ધ શરીર જોઇને દંગ થઈ ગયા.

'તમે કોણ છો?'

'અમે?' જોહને પોતાનો બહુ મૂલ્યવાન ચીનાઇ

રેશમી ઝભ્ભો જરાક ઊંચકતાં કહ્યું: 'અમે ?—અમે રોમના અમીરો છીએ. તમારી પાસે સંધિ કરવા આવ્યા છીએ.'

'એમ ? તમારે શું કહેવું છે ?'

'શું કહેવું છે ?' ગર્વમાં માથું ઊંચું કરીને જોહન બોલ્યો: 'કહેવાનું શું ?—સંધિ કરો. ન્યાયસરની સંધિ માગીએ છીએ. અને નહિતર—'જાણે પોતે માત્ર શબ્દોથી બીવડાવી શકશે એમ ધારીને તે બોલવા માંડ્યો: '—અને નહિતર, એક પણ રોમન બચ્ચો લડ્યા વિના નહિ રહે.'

એલારિક બેદરકારીભરેલી રીતે ખડખડાટ હસી પડ્યો: 'હા . . હા . . હા . . ઘાસ જેમ ઘાટું હોય તેમ કાપવાની મજા ઓર આવે.'

જોહનનું જોર તો શબ્દોમાં હતું. એણે તો સેનેટમાં જોસભરેલાં ભાષણો કરેલાં. તેને જંગલી સરદારનું આ અટ્ટહાસ્ય ધ્રુજાવવા લાગ્યું.

એક હાથ ઊંચો કરી, હવાને જાણે સ્થિર રહેવા કહેતો હોય તેમ એલારિક બોલ્યો: 'સાંભળ, રોમની સાથે સંધિ કરવાની મારી શરતો જાણી લે પછી તારી સભામાં જઇને જેમ ભાષણ કરવું હોય તેમ કરી લેજે. રોમન લોકો તો હવે સોનું રૂપું ને જવાહીર સાચવી નહિ જાણે. બીજા કોઇ લઇ જાય એના કરતાં અમને જ એ બધું સોંપી દો. અને જે જે અમારા જાતભાઇ-ઓ તમારે ત્યાં ગુલામ હોય તેમને છોડી દેવા. એમના લોહીમાંથી તમને જોઇએ તેટલો રસ મળી ચૂક્યો છે. હવે એ લોહી મોંઘું પડશે.'

જોહને પોતાના ઝભ્ભાથી મોં ઢાંકી દીધું. રોમની જમીન—અને ખાલી ઘર સિવાય સઘળો વૈભવ આ શરતોને લીધે હરાઇ જતો હતો. હવે પછી રોમમાં ધોળા ઘોડા જોડેલા રથ ને રેશમી રાશથી કાબુમાં રહેતા અરબ્બી ઘોડા નજરે નહિ ચડે! હવે પછી હિંદુસ્તાનનાં મોતીની લટકતી માળા પહેરેલી ઊંચી કદાવર રોમન સ્ત્રીઓ શોધી નહિ જડે! લક્ષ્મીવિહોણી રોમ નગરી ખંડેરના પડછાયા જેવી શૂન્ય બની જશે.

જોહને એક ડૂસકું મૂક્યું. સ્વાતંત્ર્ય જવાથી નહિ, પણ વિલાસ જવાથી તે રડતો હતો. પાળેલી પોષેલી આરામપ્રિય ઇંદ્રિયો એને ગરીબાઇની ઊંડી ખાણ દેખાડી રહી હતી.

જોહને ઊંચું જોયું ત્યાં એનો મિત્ર બાઝીલિયસ ભવાં ચડાવીને જંગલી સરદારને પૂછી રહ્યો હતો: 'પછી રોમનો પાસે શું રહેશે ?'

બેદરકાર જવાબ મળ્યો: 'એમનું જીવન !'

મોં નીચું રાખીને સંધિદૂતો પાછા વળ્યા. તેમના પગમાં જોર ન હતું. મોં ઉપર હુંશ ન હતી. નિરાશ બનીને તેઓ પાછા વળ્યા. રોમન લોકો માંડમાંડ જીવન બચાવી શકે તેવું હતું.

પછી, જેમણે ધરતીને ખૂણેખૂણેથી અઢળક ધન રોમમાં ભેગું કર્યું હતું, જેમના નામમાત્રમાં એક પ્રકારની ભવ્યતા હતી, જેમના એક ખાણાંનો ખર્ચ લાખો ઉપર ગણાતો, જેમના વૈભવથી દરેક દેશ ઝાંખો પડ્યો હતો, જેમણે સૃષ્ટિ પર એક ચક્રે સત્તા ચલાવી હતી, તે રોમન લોકોએ આ શરતો સ્વીકારી—થરથરતે પગે અને ધ્રૂજતે હૈયે. ખાસ્સા પાંચ હજાર શેર સોનું, ત્રીસ હજાર શેર રૂપું, પાંચ હજાર રેશમી જરિયાન તાકા, અને ત્રણ હજાર શેર મરી * લઇને ગુલામોની હારની હાર ચાલી. સોનું રૂપું, જવાહીર, રેશમી કાપડ લઈ લઇને ગાડામાં ખડકવા માંડ્યાં અને ગાડાંનાં ગાડાં ધન કોટની બહાર જવા માંડ્યું !

જંગલી લોકો—ગોથ લોકો ચાલ્યા ગયા.

'ઠીક થયું, મારા ભાઈ! આપણે બચી તો ગયા !'

'હા, હા, બચી ગયા !'

'સારૂં થયું રહી ગયા !'

આખા રોમમાં શેરીએ શેરીએ આ જ વાત થાય છે. સૌ એક બીજાને અભિનંદન આપે છે. લૂંટારા લક્ષ્મી લૂંટી ગયા પણ જીવ તો બચી ગયો !

એ વખતે રોમમાં એક વિધવા બાઇ રહેતી. તેનું નામ માર્સેલા. ફૂલ જેવી કોમળ તેને એક ને એક પુત્રી હતી; તેનું નામ પ્રિન્સિપીઆ.

તથાગત ગૌતમબુદ્ધના જેવો જીસસ ક્રાઇસ્ટનો સુંદર ઉપદેશ આ બાઇના અંતરમાં ઊંડોઊંડો ઊતરી ગયો હતો. લક્ષ્મીવિહોણા રોમમાં દરેકદરેક ઘર લક્ષ્મી ખોવા માટે શોક કરતું હતું અને પાછું જીવન બચી જવા માટે આનંદ કરતું હતું. ઘડીમાં શોક ને ઘડીમાં

* મરીની કિંમત રોમન રસોડામાં અમૂલ્ય ગણાતી. અને શેરના લગભગ દસ શિલિંગ પડતા. હિંદુસ્તાનના મલબાર કિનારેથી તેની આયાત થતી.

આનંદ એવી ભગવાનની ખરેખરી માયા વિસ્તરી હતી. શોક અને આનંદથી રહિત, ભર્યા સરોવરના પાણી જેવી સ્થિર તો માત્ર માર્સેલા હતી.

તેણે વર્ષો પહેલાં સોનાનાં થાળી વાટકો અને ચમચો છોડ્યાં હતાં; મોતીની માળાઓ તજી હતી. રેશમીવસ્ત્રો ત્યાગ્યાં હતાં; હિંદી મલમલ છોડ્યું હતું. અંતરમાં અજવાળું થવાથી તેણે સઘળું તજ્યું હતું. પાડોશીને લાકડાના વાસણમાં જમતાં જોઇને પોતે લાકડાનું વાસણ લીધું હતું. ગરીબોને સાદાં લૂગડાં પહેરતાં જોઇને પોતે સાદાં લૂગડાં પહેર્યાં હતાં. તેણે કાંઈ ખોયું ન હતું. તેને શોક ન હતો. તેણે તો સઘળું સ્વેચ્છાથી ક્યારનું વાપર્યું હતું. એના ઘર આંગણે ટાણે કટાણે પાડોશીઓ જમતા, ભૂખ્યાં અન્ન પામતાં. અને આપ્યાનો–વાપર્યાનો–સદુપયોગનો સંતોષ હતો. આટલી બધી અશાંતિ વચ્ચે એ એકલી જ શાંત હતી.

તેની નાની દીકરી પ્રિન્સિપીઆ તો કૂદવા માંડી. જંગલીઓએ રોમ છોડ્યું, ગયા, હવે રોટલો ખાવા મળશે, એટલે એ તો કૂદી રહી. એનું ચાલે તો એ પાડોશીઓને આજે મિજબાની પણ આપે.

પણ ડોશીએ ઘણી તડકીછાંયડી જોઇ હતી. એને ખબર હતી કે ગોથ લોકો થોડા વખતમાં પાછા આવશે! સોનાનો રસ લગાડ્યો ને લોઢાનું પાણી તો બતાવ્યું નહિ! હવે કાંઇ ગોથ રોમના મહેમાન થયા વિના રહે? એ તો પાછા આવવાના–વગર નોતર્યા મેમાન.

પ્રિન્સિપીઆએ કહ્યું, 'મા, જંગલી લોકો ગયા, હવે આપણે એક સરસ મિજબાની ગોઠવીએ. હિંદી મોરલાની જીભ ખાવા મળે એવી!'

માએ જવાબ વાળ્યો, 'દીકરી! રોમની ખરી વિપત્તિના દિવસો તો હવે આવવાના છે. એ વિપત્તિમાં રોમને છોડીને ચાલ્યા જવાનો ભીરુધર્મ આપણે ન સ્વીકારીએ તો બસ. ખરી મિજબાની તો તે જ આપી કહેવાશે. દુઃખીને દુઃખમાં રીબાતાં મૂકી આપણે સહીસલામત થઈ જવાની હોંશમાં ભાગી ન જઇએ એવો પાડોશીધર્મ જ હવે તો ખરી મિજબાની ગણાય. સંપત્તિમાં બનાવેલાં ખાણાં એ તો માત્ર વિલાસના છોળ છે. એમાં પાડોશીધર્મનું રહસ્ય નથી.

થોડા દિવસ પછી માર્સેલાના ઘર પાસે એનાં મિત્રો. સગાંસંબંધીઓ, પાડોશીઓ સૌની ઠઠ જામી હતી. સૌ રોમ છોડવાની તૈયારી કરી રહ્યાં હતાં.

'માર્સેલા! અમારી સાથે ચાલ. ગોથ લોકો પાછા આવશે. બહુબહુ તો આપણું જીવન બચશે; પણ રોમને ફરીવાર લૂંટ્યા વિના નહિ રહે. આપણે જતાં રહીએ —ચાલ, જ્યાં ભગવાન જીસસ ક્રાઇસ્ટનો જન્મ થયો છે, જ્યાં અખંડ શાંતિ વિલસી રહી છે ત્યાં, બેથલેહેમમાં જઇ આપણાથી જે ધર્મકાર્ય થશે તે નિરાંતે કરીશું.'

માર્સેલાએ જવાબ વાળ્યો, 'તમારે જવું હોય તો જાઓ. પરંતુ જ્યાં આટલા દિવસ સુધી રહી મેં સુખ ભોગવ્યું છે તે શહેરને વિપત્તિને સમયે તજી દઇને હું બેથલેહેમમાં પણ કોઇ પ્રકારની શાંતિ મેળવી શકું નહિ. એવી શાંતિ મને ખપે નહિ. હું તો જે વખતે ભયંકર વિપત્તિ આવશે તે વખતે પણ અહીં જ રહીશ. મને એનાથી જ શાંતિ મળશે. સૌને માટે દુઃખમાંથી રસ્તો કાઢવાનું આપણું શૌર્ય ન હોય તો સૌ સાથે દુઃખ સહન કરવાની શક્તિ પણ મારા જેવા માટે ઘણી છે.'

માર્સેલાને છોડીને તેના મિત્રો, સંબંધીઓ, સગાં ચાલ્યાં ગયાં. આખો ઉનાળો માર્સેલા અને તેની પુત્રીએ આવનારી વિપત્તિના ભણકારા સાંભળ્યા કર્યા, અને ફરી એક દિવસ રોમ નગરી, દુશ્મનોની ચોકીનાં તાપણાં જોઇને પાછી ગભરાઇ ગઇ.ગોથલોકોપાછા આવ્યા હતા.

પરંતુ આ વખતે ઘેરો ઘાલીને લાંબો વખત પડ્યા રહેવાની તેઓની ઇચ્છા ન હતી. એલારિકે પોતાના સૈનિકોને ભેગા કર્યા: 'આજે ચંદ્રોદય વખતે રોમ નગરીના મુખ્ય દ્વારમાંથી આપણે પ્રવેશ કરવાનો છે. આ વખતે જે બહાદુરી બતાવશે તેની યશગાથા દિગંત સુધી વ્યાપી રહેશે.' અજબ શાંતિથી સૌ સાંભળી રહ્યા.

'મારી બીજી આજ્ઞા એ છે કે જે કાંઇ કિંમતી તમે જુઓ તે લઇ લેજો. પણ બે પવિત્ર સ્થળોને હાથ અડાડવાનો નથી: સેંટ પિટરનું દેવળ અને સેંટ પૉલનું દેવળ.'

'મારી ત્રીજી આજ્ઞા: ત્રીજે દિવસે સંધ્યા સમયે દરેકે દરેક ગોથે રોમ છોડી દેવાનું છે.'

ચંદ્રોદય સમયે માર્સેલાએ પોતાની બારીમાંથી ગોથનાં ટોળેટોળાં આવતાં જોયાં. તેણે પોતાની દીકરીને કહ્યું, 'પ્રિન્સિપીઆ! હવે વખત આવ્યો છે.'

રોમન લોકોથી કંટાળેલા ગુલામોએ દરવાજા ખોલી નાખ્યા અને ઊંચા પડછંદ જંગલીઓ રોમની શેરીએ

શેરીમાં ભટકવા માંડયા. હાથમાં કુહાડી ને તલવાર લઈ, તેઓ જ્યાં જ્યાં ધન જુએ ત્યાં ત્યાં ફરી વળતા હતા. તેમની ડોકમાં મોતીની માળાઓ અથડાતી હતી અને રોમન સુંદરીઓએ તજેલા હીરાના હાર તેમણે ગળે વળગાડયા હતા.

બીજું કાંઇ ન બન્યું તો સૌની સાથે રહી માર્સેલાએ પોતાનું ઘર—એનાં જેવાંતેવાં સાધનો સાથેનું—લૂંટાઇ જવા દીધું. એને પણ સૈનિકોએ ઇજા કરી. પણ પુત્રી પ્રિન્સિપીઆ ઉપર જ્યારે ટોળું તૂટી પડયું ત્યારે બહાદુર વિફરેલી વાઘણની માફક તે વચ્ચે પડી. દરેકેદરેક ઘા પોતાના શરીર પર તે ઝીલી રહી. સૈનિકો ડોશીની બહાદુરીથી પાછા હઠયા અને તેમાંના કેટલાકને આ બહાદુરી અસામાન્ય લાગી. તેઓ માર્સેલા અને પ્રિન્સિપીઆને સેંટ પૉલના દેવળમાં મૂકી આવ્યા—કે જેથી બીજા એમને હેરાન ન કરે.

ત્રીજે દિવસે સંધ્યા સમયે ગોથ લોકો રોમ છોડીને જતા હતા. દરેકેદરેકના હાથમાં સોનાની થાળી કે પ્યાલો, રૂપેરી વાસણ કે મોતીના હાર લટકતા હતા. કોઇની છાતી પર હીરાના હાર અફળાતા હતા.

સંધ્યાના ભૂખરાં અજવાળાં ઉપર રાત્રિનો પડછાયો પડયો ત્યારે ગોથ લોકોનાં ટોળેટોળાં યશોગાન ગાતાંગાતાં રોમથી દૂર ને દૂર જતાં હતાં. તેમના સંગીતના પડઘા શમ્યા ત્યારે અંધારી રાત્રિના ઓળા રોમ નગરી પર ઊતર્યા હતા અને ખંડેરનું પણ ખંડેર હોય તેવી લક્ષ્મીવિહોણી, વીરત્વવિહોણી, તેજવિહોણી, રોમ નગરી રાત્રિના અંધકારમાં મોં છુપાવતી હતી. **'ધૂમકેતુ'**

અનુસંધાન પૃ. ૩થી ચાલુ

ઊગતી પ્રજા

પરિષદ પૂરી થઇ. 'આજનો બાળક કાલનો સરદાર છે' એવાં સંખ્યાબંધ પાટિયાં બીજે દિવસે ભવ્ય પરિષદ મંડપમાંથી ઉપડવા માંડયાં. બાળકોએ પણ બીજે દિવસે મુંબાઇ, અમદાવાદ, વીરમગામ–અનેક સ્થળોની ટિકિટ કઢાવી. ભિસ્તામાં બાંધી લાવેલા એક જોડ કપડાં અને પવાલાં સાથે સુરતમાંથી ભ્રાતૃભાવનું નવું ભાતું બાંધતા ગયા, અંત્યજ સાથે પણ વિનાસંકોચે જમવાનો અને રહેવાનો લહાવો લેતા ગયા, આખા ગુજરાતના વાનરોનાં કામનો અહેવાલ સાંભળતા ગયા.



સુરતની સાત વર્ષની નાનીશી વેલ જેવી **વસુંધરા** જેણે વાનર પરિષદમાં પોતાના કોમળ કંઠ અને કાલી બોલીમાં 'હું ગુલામ?'ના ભાવવાહી કાવ્યને અભિનય સાથે ગાઇ શ્રોતાજનોને પોતાની ગુલામી દશાનું ભાન કરાવી ગળગળા બનાવી મૂકયાં.

કરાંચી કૉલેજનો 'કૉલેજ–દિન'

આ વરસે દેશની અસાધારણ પરિસ્થિતિને લીધે કૉલેજનો વાર્ષિક ઉત્સવ અમે આ વખતે નિરાળી જ રીતે ઊજવ્યો. કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહિ તેવો કાર્યક્રમ કૉલેજની સામાન્ય સભાએ ઘડી કાઢયો: (૧) નાટયપ્રયોગો ન જ રાખવા (૨) આનંદભોજન હમેશ મુજબ રાખવું પણ તેમાં સાદો ખોરાક—બાજરીના રોટલા, ચટણી ને શાક રાખવાનું ઠરાવાયું. આથી જમણવારનો ઘણો ખર્ચ બચી ગયો. (વળી આ વરસે ટેનિસની રમત પણ સ્વદેશી બૉલ ન મળવાને કારણે વરસની શરૂઆતથી જ અમે ઉડાડી દીધી છે, એટલે રમતગમત ખાતામાં પણ ઘણા રૂપિયા પરદેશ જતા અટકાવીને બચાવ્યા છે.) એટલે આ સાદા જમણની સાથે એક એવો સુધારો રજુ થયો કે દરેક વિદ્યાર્થી તેમજ પ્રોફેસરને ત્રણત્રણ વાર ખાદી (૧-૮-૦ કિંમતથી) આપવી (૩) રમતગમતોની સાથે ચરખા ને તકલીની હરીફાઈ પણ સ્પૉર્ટ તરીકે દાખલ થઇ (૪) ચિત્રકળા, ફોટોગ્રાફી તથા હાથહુન્નરોની હરીફાઈના પ્રદર્શનની સાથે જ ચિત્રવિચિત્ર પોશાકની હરીફાઇ પણ રાખી. (૫) મુખ્ય મહેમાનનું ભાષણ હિંદીમાં જ રાખવાનું ઠરાવ્યું. (૬) ઈનામોમાં 'કપ' અને 'મેડલો' ન આપતાં ખાદી અને દેશી કારીગરીની ચીજો—ધાતુકામ, લાકડાંનું કોતરકામ, છપાઇકામ વગેરે આપવાનું નક્કી થયું. જ્યાંજ્યાં પુસ્તકો ઇનામમાં આપવાનાં હોય ત્યાંત્યાં હિંદના લેખકોનાં જ, હિંદને લગતા પ્રશ્નો ચર્ચતા અને હિંદમાં જ છપાઇને બંધાએલાં પુસ્તકો આપવાનું ઠર્યું. આવા અપૂર્વ ફેરફાર પછી ગઇ તા. ૬ તથા ૭મી ડિસેમ્બરે અમારો 'કૉલેજ–દિન' ઊજવાયો.

સવારના ૭-૩૦થી ૧૧-૩૦ રમતગમતનો મેળાવડો થયો. બપોરના ચાર વાગે અમારી કૉલેજની ગોંદરી ઉપર મુખ્ય મિજલસ હતી. અમારી ગરીબ કૉલેજને મુખ્ય ઓરડો નથી એટલે અનાયાસે જ, કુદરતના ખોળામાં અમારા ઉત્સવો ઊજવાય છે. ગોંદરી લંબગોળ આકારે છે ને તેના બે કેંદ્રમાં બે નાના ફુવારા છે. ચારે બાજુ મેંદીની વાડની તથા વૃક્ષોની છાયા છે. ગોંદરીને કાંઠે, આ વાડને અઢેલીને ચિત્રકામ, ફોટોગ્રાફી, લાકડાનાં કોતરકામ વગેરેના નમૂના ગોઠવ્યા હતા. વખત થતાં જુદીજુદી દિશામાંથી મેળો ભરાવા લાગ્યો. ચિત્રવિચિત્ર પોશાકવાળા પણ આ વખતે જ આવ્યા. એ લોકો બધાની વચ્ચે હરેફરે, વેશને અનુરૂપ હાવભાવો બતાવે ને સ્વયંસ્ફૂર્તિ પાઠ પણ ભજવે—આ વેશમાં એક ભિખારી, ગ્યાસલેટ વેચનાર, મુચ્છીવાળો ચમાર, રાવણહથ્થો વગાડનાર રખડુ ગાયક, કાઠિયાવાડનો ભરવાડ, ગોર મહારાજ, એક શીખ, જોશી અને પ્રિન્સિપાલના નામનું વૉરંટ લાવનાર પોલિસ સુપરિન્ટેન્ડેન્ટ એટલા વેશ ખાસ ધ્યાન ખેંચે તેવા હતા. તેમણે બધાને એકાદ કલાક રમૂજ આપી હરી. પછી બધા આનંદભોજન માટે બેઠા. આખી ગોંદરીની કુદરતી લીલીછમ જાજમ ઉપર બધા ગોઠવાઇ ગયા. પાતળમાં બાજરાના ઘી ચોપડેલા રોટલા, ચટણી ને માટીના શકોરામાં શાક; પાણીના માટે માટીનું પાત્ર—કુલડી. આમ શિક્ષકો ને વિદ્યાર્થીઓએ સાથે ભોજન કર્યું. બેસવાની રીત ને ખોરાક, દેશકાળ, ભૂમિ અને વાતાવરણને કેવાં અનુરૂપ હતાં! દર-વરસે તો ચા આઈસક્રીમ ને મીઠાઇમેવા ખાતા તે આની સરખામણીએ તો જરૂર કૃત્રિમ લાગે.

તે પછી છ વાગ્યે અહીંની મ્યૂનિસિપાલિટીના પ્રમુખ શ્રી જમશેદ મહેતાનું મુખ્ય મહેમાન તરીકે હિંદીમાં ભાષણ થયું. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી' એ ઉપર તે બોલ્યા. 'માતા ને માતૃભૂમિ સ્વર્ગથી યે ઉચ્ચ ને પવિત્ર છે પણ આજે માતૃભૂમિની શી સ્થિતિ છે? તમે બધા અભ્યાસમાં પડ્યા હશો. પહેલા વરસ (પ્રીવિયસ) વાળાને કેમ જલદી ત્રણ વરસ પસાર થાય, ને છેલ્લા વરસવાળાને આ વરસ પૂરૂં થતાં ક્યાં ધંધો મળે તેની ઉપર જ નજર હશે. ઉદરનિર્વાહ તમે ભલે કરો, પણ સાથેસાથે માતૃભૂમિને સ્વર્ગ બનાવવા તરફ હમેશ તમારૂં લક્ષ્ય આપજો. તેને માટે તમે શો ભાગ આપશો? મારાથી અને મારા જેવાથી આજ સુધી માતા માટે કંઇ ન થયું એટલે જ માતાની આવી સ્થિતિ છે. અને એ મારૂં પ્રાયશ્ચિત તમને કહેવા આવ્યો છું. દેશની આબાદી વધારવા, તેની નામના વધારવા, તમારી શક્તિનો કીર્તિનો ભોગ આપજો, કે આગળ જતાં મારી જેમ પસ્તાવું ન પડે.'—આ તેમના પ્રવચનનો ધ્વનિ હતો. તે પછી પ્રિ. ગોખલે અને માજી પ્રિ. શહાણી બોલ્યા. બધા ભાંગીતૂટી હિંદીમાં જ બોલ્યા છતાં બધા પ્રેમથી બોલ્યા. છેવટે પ્રિ. ગોખલેએ ઊભા થઇ જ્યારે 'જનમનગણ અધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા' એ રાષ્ટ્રગીત ગવડાવ્યું ને સૌએ ભક્તિપૂર્વક ઝીલ્યું ત્યારે તો બધાના ચહેરા ઉપર અનિર્વચનીય આનંદ ચમકી ઊઠ્યો. એ આનંદમાં સ્વતંત્રતાની, પોતાની ગરીબ કૉલેજના ગૌરવની, ગુરુઓ પ્રત્યેના પૂજ્યભાવની છાંટ હતી.

બીજે દિવસ સવારે બાકી રહેલી રમતો પૂરી થઇ. બપોરે ચરખા ને તકલીની હરીફાઇ થઇ—આ આખા કાર્યક્રમથી ઘડીભર તો એમ જ લાગ્યું કે હિંદ આઝાદ થયું કે શું? શિક્ષણપ્રણાલિકા બદલાઈ તો નથી ગઇ? આવું દરેક કૉલેજમાં ને આ કૉલેજમાં હમેશ થાય તો?

—ઉપેન્દ્ર ભટ્ટ



શ્રી જમશેદ મહેતા

'જેમી',—એ સાદા નામ અને સાદા દેખાવના આ સજ્જનમાં, સામાન્ય માનવજીવનને અણજાણ એવું અનેક સદ્‌ગુણોનું મિશ્રણ છે. સત્ય અને પ્રેમને માટે સતત આગ્રહી એની પ્રતિભા અને વ્યક્તિત્વ સૌની મૈત્રી સાંધી લે છે. એને નજીકથી જાણનારા સૌ એનું માનવંદન કરે છે, દૂરથી પિછાનનારા પ્રશંસા કરે છે. ગર્ભશ્રીમંત કુટુંબના એ ફરજંદ જમશેદ એન. આર. મહેતા, લક્ષ્મીના સુંવાળા ખોળામાં ઊછર્યા છતાં કેવળ સાદું અને ત્યાગમય જીવન ગાળે છે. અત્યંત વિનમ્ર અને હર પળે ઉપકારક એ સદા સૌની સહાય માટે તત્પર હોય છે. કરાંચી મ્યૂનિસિપાલિટીના પ્રમુખ તરીકે, સર્વ કોમની સંમતિથી એ ચોથી વાર ચુંટાઇ આવ્યા એ જ એમની લોકપ્રિયતા અને એમણે કરેલી શહેર-સેવાની જાહેર બૂજની સાબિતી છે. જેમી પારસી કોમનું રત્ન છે, એમના શહેરનું ગૌરવ છે, દેશસમસ્તની આગળ એક ઉમદા આદર્શ છે.

[કરાંચી કૉલેજ મૅગેઝિન]

જ્ઞાનલીલા

ગયા અંકમાં આપેલા જ્ઞાનલીલાના પ્રશ્નોના ઉત્તર મોકલવાની મુદત જણાવવી રહી ગયાને કારણે આ વખતે તેનો નિર્ણય પ્રકટ થઇ શકતો નથી. હવે તો તે ઉત્તરો નીચેના નવા સવાલોના જવાબ સાથે જ ૫મી ફેબ્રુઆરી પહેલાં અમને પહોંચાડવા જોઇએ. બંનેનો નિર્ણય આવતા અંકમાં સાથે બહાર પડશે.

વરસ બદલાવાથી ઘણા ગ્રાહકો નવા નોંધાયા હશે તેમની જાણ સારૂ, તથા જૂનાઓની યાદી સારૂ જ્ઞાનલીલાના નિયમો ફરી ટૂંકમાં નોંધીએ છીએ (૧) હરીફાઈમાં ભાગ સૌકોઇ લઇ શકશે, પણ ઈનામો માત્ર ગ્રાહકોને જ મળશે; (૨) ગ્રાહક તરીકે સંસ્થાનું નામ હોય તેવા કિસ્સામાં જવાબ મોકલનારને ઇનામ મેળવવાની સંસ્થા તરફથી છૂટ મળી છે તેવી ખાતરી આપવી જોઇશે. (૩) બધા ઉત્તરો સાથે મોકલનારે પોતાનું પૂરૂં નામ ઠેકાણું તથા ગ્રાહકનંબર એક કાગળના નાના ટુકડા પર લખીને બાંડવું જોઇએ. (૪) મુદત જણાવાઇ હોય તો તે મુજબ નહિતર બધા ઉત્તરો અંક બહાર પડ્યાની તારીખથી પંદર દિવસની અંદર તો 'કુમાર કાર્યાલય'માં પહોંચવા જોઇએ. (૫) ઉત્તરો બાંડેલા કવરમાં મોકલવા અને કવર ઉપર ઉપલે જમણે ખૂણે 'જ્ઞાનલીલા' એમ લખવું. (૬) ઉત્તરો સાથે કાર્યાલયના બીજા કોઇ વિભાગને લગતાં લખાણો મોકલવાં નહિ.

ગયા વરસથી જ્ઞાનલીલા શરૂ થઈ ત્યારથી હરીફાઇમાં ભાગ લેનાર કેટલાક ગ્રાહકોનાં ઈનામ તેમની ગફલત અથવા તો ખોટા ગ્રાહક નંબરને લીધે અમારી પાસે પડ્યાં છે. જેમને ન મળ્યાં હોય તેમણે પોતાનો ગ્રા. નં. અને પૂરૂં સરનામું લખી તાકીદે મંગાવી લેવાં. બરાબર તપાસ કરી જેમનાં બાકી હશે તેમને જ મોકલાશે.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: (૧) મોહન પાસે અમુક રૂપિયા છે. તેમાંથી એક રૂપિયો બચત માટે રાખી બાકીના રૂપિયાનો ત્રીજો ભાગ તે પહેલે મહિને ખર્ચે છે. હવે જેટલા વધ્યા તેમાંથી વળી એક રૂપિયો બચત માટે કાઢી લઇ બાકીના રૂપિયાનો ત્રીજો ભાગ તે બીજે મહિને ખર્ચે છે. આમ ચાર મહિના ખર્ચ કર્યા પછી તે રૂપિયા ગણવા બેસે છે તો તેને માલુમ પડે છે કે મૂળ રૂપિયામાંથી એક બાદ કરતાં પાછળ જે રહે તેના છઠ્ઠા ભાગ જેટલા રૂપિયા તેની પાસે વધ્યા છે. ત્યારે પ્રથમ તેની પાસે કેટલા રૂપિયા હશે? **(૨)** એક દુકાનદાર પાસે કેટલુંક ઘી હતું. તે ખોટે ત્રાજવે તોળતાં એક બાજુના પલ્લામાં ૨૪ શેર ઘટ્યું અને બીજી બાજુના પલ્લામાં તોળતાં પોણો મણ વધ્યું. તો તે દુકાનદાર પાસે કેટલા મણ ઘી હશે?

(મ. ના. ખત્રી)

(૩) શબ્દ-શોધન: નીચેના અર્થ મુજબના આઠ સાચા શબ્દો શોધી કાઢી બધા અનુક્રમે એક હારમાં લખશો એટલે એકી નંબરના અક્ષરો સાથે વાંચવાથી એક જાણીતા આર્જવ ભરેલા ભક્તિરસ કાવ્યનું પ્રથમ અરધું ચરણ વંચાશે. શબ્દો ગમે તેટલા અક્ષરના લઈ શકાશે. (૧) આપણા દેશનું એક બંદર (૨) કીર્તિ (૩) એક વાહન (૪) એક દુર્ગુણ (૫) એક સદ્‌ગુણ (૬) ચાવી (૭) જંગલનો માર્ગ (૮) જન્મ.

(૪) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં નીચેના અર્થ મુજબ ત્રણ ત્રણ અક્ષરના ખરા શબ્દો શોધી કાઢી ભરી દેશો એટલે ચોકડીથી બતાવેલી બે આડી લીટીઓમાંથી એકમાં હિંદના જાણીતા સ્વર્ગસ્થ દેશભક્ત તથા બીજીમાં જીવંત ને જ્વલંત દેશભક્તનું નામ આવી જશે ઉપરાંત, ૧ થી દસ સુધીના આંકડા અનુક્રમે લેવાથી ત્રીજા મહાન દેશભક્તનું નામ આવી જશે. ઉપર ડાબી બાજુનો ઉપલો ચોરસ: પહેલો શબ્દ=સ્મરણતિથિ; બીજો શબ્દ=એક પ્રકારનું જલાશય; ત્રીજો શબ્દ=કલેશ. જમણી બાજુનો ઉપલો ચોરસ: પહેલો શબ્દ=બરાબર વ્યાજબી; બીજો શબ્દ=અક્ષરનો એક પ્રકાર; ત્રીજો શબ્દ=સર્વોત્કૃષ્ટ ઉત્કર્ષ વાચક. ડાબી બાજુનો નીચલો ચોરસ: પહેલો શબ્દ=ઈરાદો, મનોબુદ્ધિ; બીજો શબ્દ=શરત; ત્રીજો શબ્દ=એક નદી. જમણી બાજુનો નીચલો ચોરસ: પહેલો શબ્દ=શરીરનો એક ભાગ; બીજો શબ્દ આપણે મટવા મથીએ છીએ; ત્રીજો શબ્દ=તરલ.

×	.	.	.	૧૦	×
૨	×	.	.	×	૩
.	.	×	×	૭	૮
૪	.	×	×	૫	.
૬	×	.	.	×	૧
×	.	.	૯	.	×


(૫) શબ્દ-ચોખૂટ: બાજુના શબ્દ-ચોખૂટમાં નીચેના અર્થ મુજબના એવા શબ્દો ભરી કાઢો કે આડી લીટીઓમાં જેજે શબ્દો વંચાય તે જ શબ્દો અનુક્રમે ઊભી લીટીઓમાં પણ વંચાય. પહેલો અક્ષર જવાબમાં જ છે ને છેલ્લો અક્ષર સવાલમાં છે. બીજો શબ્દ ઇરાનનો એક પરોપકારી દયાળુ નર, ત્રીજો હિંદનો એક દેશભક્ત ને ચોથો એક ખેલાડી છે.

.
. . .
. . . . .
. . .
.

શબ્દ-ફેરવણી: નીચેની આકૃતિમાં પહેલા ખાનામાં 'અગસ્ત્ય' મુનિ આપેલ છે. તેમાંથી માત્ર એક જ અક્ષર બદલાવી બાકીના અક્ષરો તેમના મૂળ ખાનામાં જ રહેવા દઇ નવો શબ્દ બીજા ખાનામાં મૂકો. એમ ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'શંકર' લાવી દ્યો.

અ	ગ	સ્ત્ય
શં	ક	ર

(૭) ચિત્ર-પ્રશ્ન: આ બાજુની આકૃતિમાં, દેખાય છે તેના કરતા ઘણા ત્રિકોણ સંતાએલા છે. તમે એ બધા યે ગણી મોકલશો?



લોભીનો માલ ધુતારા ખાય

અરજણ પટેલ કરીને એક કણબી હતો. ઘેર બે સાંતીની જમીન એટલે આખા ગામમાં એ પૈસાદાર ગણાતો. અરજણ પટેલની વહુનું નામ હતું કેસર પટલાણી. જાતની તો કણબણ, પણ બીચારી કેસર પટલાણી વ્યાવહારિક બાબતમાં કશું જાણે નહિ. માત્ર સવારમાં ભાત શીરામણ કરે, છોકરાંછૈયાં સાચવે અને મજા કરે. તેમને બે દીકરા હતા. ધનો અને ભોજો.



‘ અરજણ ભાભાજી ! તમારૂં સીધું એમને ભારે પડયું છે.’

એક વખતે ગામમાં એક બ્રાહ્મણ કથા વાંચવા આવ્યો. કેસર પટલાણીએ વાત સાંભળી કે બ્રાહ્મણ કથા સારી વાંચે છે. તેથી બીજે દિવસે કથા સાંભળવા જવાનું નક્કી કર્યું. બીજે દિવસે કેસર પટલાણી વહેલાં ઊઠયાં. રોટલા ઘડી રહ્યાં એટલે ભોજાને ભાત આપીને ખેતરે મોકલ્યો, અને પોતે ચોરે કથા સાંભળવા ગયાં.

સાંજે કેસર પટલાણી ઘેર આવ્યાં. અરજણ પટેલને વાત કરી, ‘આજ હું કથા સાંભળવા ગઇ’તી, અને ત્યાંથી બ્રાહ્મણને એક સીધું દેવાનું નીમ લઇ આવી છું.’

પણ અરજણ પટેલ તો હતા ભારે લોભી. નીમની વાત સાંભળતાં જ પટેલનો મિજાજ ગયો. ક્રોધના આવેશમાં બેચાર ગાળો દેવાનું પણ પટેલ ભૂલ્યા નહિ. આથી પટલાણીને તો લાગ્યું ખોટું. તેથી વાડીએ ચાલ્યાં ગયાં. પટેલે કહ્યું, ‘ અલ્યા, ધના, તારી માને કહી દેજે કે સીધુંબીધું ન આપે. એવા ભામટાને સીધાં આપ્યે શું થવાનું હતુ ?’

આ વાતને ત્રણચાર દિવસ વીત્યા. દૈવયોગે કેસર પટલાણીને તાવ આવ્યો. ઘણાં ઓસડવેસડ કર્યાં પણ તાવ આવતો બંધ ન થયો.

અરજણ પટેલ જેવા લોભી તેવા જ વહેમીલા હતા. પટેલને લાગ્યું કે પટલાણીએ નીમ લઇ આવીને સીધું ન આપ્યું એટલે જ તાવ આવ્યો. તેથી મનમાં સીધું આપવાનો વિચાર કરી પટેલ મોહન મા’રાજને ઘેર ગયા અને સીધું આપવામાં શી શી સામગ્રી જોઇએ તે પૂછ્યું. મા’રાજે તો ગણાવી દીધું, ‘ શેર ઘઉંનો લોટ, પાશેર ઘી, પાશેર ગોળ, પાશેર ચોખા અને પાશેર દાળ.’

અરજણ પટેલે હિસાબ ગણ્યો. આશરે દસબાર આના થશે. એટલા પૈસા પટેલની ગાંઠેથી કેમ છુટે ? મા’રાજને રામરામ કરી પટેલ પોતાને ઘેર પાછા ફર્યા.

સાંજે પટેલ નીકળ્યા વાડીએ જવા. રસ્તામાં મગન મા’રાજ મળ્યા. પટેલે તેમને પૂછ્યું, ‘મા’રાજ, સીધું આપવામાં શી શી સામગ્રી જોઇએ ?’

મગન મા’રાજ ઠગવિદ્યામાં પૂરેપૂરા નિપુણ હતા. ગામ આખામાં એ ધુતારાના નામથી જ મશહૂર હતા. લોભી પટેલ પાસે તેમણે એકદમ ઠગવિદ્યા ચલાવી. ‘શેર બાજરાનો લોટ ને પાશેર ગોળ.’

પટેલને આ સીધું ગમ્યું અને તરત મગન મા’રાજને પોતાના ઘેરથી સીધું લઈ જવાનું કહ્યું. પટેલે ઘેર આવી પટલાણીને કહ્યું, ‘ મગન મા’રાજ આવે ત્યારે સીધું આપી દેજે; મારે જવું છે વાડીએ.’

સીધું આપવાનું કહી પટેલ વાડીએ ગયા પછી મગન મા’રાજ આવ્યા સીધું લેવા. કેસર પટલાણી તો વાટ જ જોઇ રહ્યાં હતાં. મગન મા’રાજને સારો આવકાર આપ્યો ને સીધામાં શું શું દેવાનું હતું તે પૂછ્યું.

મગન મા’રાજે તો ચલાવ્યું, ‘એક મણ ઘઉં, એક મણ ઘી, એક મણ ગોળ, એક મણ ચોખા અને એક મણ દાળ.’ કેહર પટલાણીએ તો આ બધું લાવીને હાજર કર્યું અને મગન મા’રાજે એક પછી એક એમ સીધાની બધી સામગ્રી ઘેર પહોંચાડી !

હવે મગન મા'રાજે વિચાર કર્યો કે પટેલ છે લોભી. તેને ખબર પડશે એટલે તો બરાબર ધૂંવાં-પૂંવાં થશે. તેથી તેણે એક યુક્તિ શોધી કાઢી. ઘેર આવી પોતે આખા શરીરે ગોળનું પાણી ચોપડ્યું. ઓઢવા પાથરવાનાં લૂગડાંને પણ લગાડ્યું, અને પટેલને કેવી રીતે જવાબ આપવો તે તેની સ્ત્રીને શીખવ્યું. પછી, અતિશય માંદા હોવાનો ઢોંગ કરીને ખાટલા ઉપર સૂઇ ગયા.

રાત્રે અરજણ પટેલ ઘેર આવ્યા ત્યારે મગન મા'રાજને કેટલું સીધું આપ્યું હતું તેની વાત કેસર પટલાણીએ કરતાંવેંત જ પટેલ તો શ્વાસ ખાઇ ગયા! એમને રૂંવાડે રૂંવાડે ક્રોધ પ્રસરી ગયો. મગન મા'રાજ ઉપર ગાળોના વરસાદ વરસાવતા પટેલ મગન મા'રાજને ઘેર આવ્યા.

અરજણ પટેલને આવતા જાણી મગન મા'રાજની સ્ત્રીએ ખોટુંખોટું રડવા માંડયું. અને જેવા પટેલ આવ્યા કે તરત જ તેમને કહ્યું, 'અરજણ ભાભાજી, તમારૂં સીધું એમને ભારે પડયું છે ને તેથી માંદા પડ્યા છે. જો એમને કાંઇ થશે (મરી જશે) તો હું દરબારમાં જઇશ અને પટેલનું સીધું ભારે પડવાથી મરી ગયા છે એવી ફરિયાદ કરીશ.'

અરજણ પટેલ જેવા લોભી અને વહેમીલા હતા તેવા બીકણ પણ હતા. તેમને બ્રાહ્મણીનાં આ વચનો તો બાણ જેવાં લાગ્યાં. પોતે સીધું પાછું લેવા આવ્યા છે એ વાત તો ભૂલી જ ગયા; અને જો કદાચ મા'રાજ મરી જશે ને તેની સ્ત્રી દરબારમાં ફરિયાદ કરશે તો શું જવાબ આપીશ એનો જ વિચાર થઇ પડ્યો.

રાતના બાર વાગ્યા. મગન મા'રાજ ખાટલા ઉપરથી ઊઠીને ઓરડામાં ભરાયા. સંકેત પ્રમાણે મગન મા'રાજનાં સગાંસંબંધીઓ તેમને ઘેર આવવા લાગ્યાં અને મગન મા'રાજ મરી ગયા છે એવું જાહેર કરવા માટે રોવા લાગ્યાં. ઝોળીમાં ઘાસનો પૂળો બાંધ્યો અને સ્મશાનમાં જવા માટે સૌ રોતાંકકળતાં અરજણ પટેલના ઘર પાસેથી નીકળ્યાં.

પટેલે જાણ્યું કે મગન મા'રાજ મરી ગયા. એમના તો હોશકોશ બધા ઊડી ગયા. બેબાકળા બની તે એકદમ આવ્યા બ્રાહ્મણો પાસે, અને પોતાનું સીધું ભારે પડવાથી મગન મા'રાજ મરી ગયા છે એવી વાત દરબારમાં નહિ કહેવા માટે બ્રાહ્મણોને વિનવવા લાગ્યા.

પહેલાં તો બ્રાહ્મણો માન્યા નહિ. પણ છેવટે કહ્યું, 'મગન મા'રાજના દા'ડો પાણી કરવા માટે રૂપિયા સો આપો તો એ વાત દરબારમાં નહિ કરીએ.' બીચારા ભોળા પણ કંજુસ પટેલે એ જ વખતે રૂપિયા સો ગણી આપ્યા ને મગન મા'રાજ પોતાને ત્યાંથી સીધું જ નથી લઇ ગયા એવું તેની સ્ત્રી પાસેથી લખાવી લીધું!

બ્રાહ્મણોએ સ્મશાનમાં જઈ ઘાસના પૂળાને સળગાવી દીધો અને સ્નાન કરી ગામમાં પાછા ફર્યા.

બારમે દિવસે મગન મા'રાજના દા'ડા નિમિત્તે સૌ બ્રાહ્મણોએ પટેલના પૈસાનું જમણવાર કર્યું.

આ વાતને છએક મહિના વીત્યા પછી મગન મા'રાજ ઘરમાંથી બહાર નીકળ્યા. મા'રાજને જીવતા જોઇ પટેલના તો આશ્ચર્યનો પાર ન રહ્યો! તેમણે એકદમ પૂછ્યું, 'મગન મા'રાજ, તમે તો દેવલોક પામ્યા હતા ને?'

મગન મા'રાજે જવાબ આપ્યો, 'તમારૂં સીધું તો એવું ભારે પડ્યું કે મને પ્રભુએ દેવલોકમાં પણ ન રાખ્યો અને ફરીથી પાછો પૃથ્વી ઉપર મોકલ્યો છે. ખરેખર, તમારૂં સીધું તો બહુ ભારે.'

હવે પટેલને સમજણ પડી કે મગન મા'રાજે ઠગવિદ્યા કરી હતી. દસબાર આના ખરચતાં પટેલનો જીવ ન ચાલ્યો. પણ જ્યારે મગન મા'રાજ જેવો ઠગ સો-સવાસો રૂપિયાનું કાસળ કાઢી ગયો ત્યારે સાંખીને રહ્યા!

ખરેખર 'લોભીનો માલ ધુતારા ખાય.'

દેવજી ગ. ઝાંઝરૂકીઆ

ગાંડી

એક ગાંડી હતી એવી,
એની વાત શી કહેવી?
કોઈ છીંક જરી ખાય,
તો તો એવી ખીજાય!

એને પૂરેપૂરો વહેમ,
લોક છીંક ખાય કેમ?
મારૂં મટે હેમ ખેમ,
નથી કોઇને જ રહેમ!

એક ગાંડી હતી એવી,
એની વાત શી કહેવી?

વ્રજલાલ શાહ



માધુકરી

દિલડાના ડુંગરમાં દાવાનળ જાગ્યા,
જડતાની ઝાડીઓ સળગી : રણુબંકડા !
જાલિમનાં જૂથ હવે થરથરવા લાગ્યાં.

પોઢેલા પથ્થરોને લાધી રે પાંખો,
તૂટી સદીઓની સમાધિ : રણુબંકડા !
ભૈરવનાં ભૂત હવે થરથરવા લાગ્યાં.

ભારતને ચોક આજે બત્રીશો યજ્ઞ છે,
શોણિતનાં છાંટણાં છાંટો : રણુબંકડા !
પરદેશી રાજ હવે થરથરવા લાગ્યાં.

ડૉ. વી. આર. કોકટનુર

આજથી લગભગ વીસ વરસ પર પૂના કૉલેજમાં વિજ્ઞાન વિષય લઇને ગ્રૅજ્યુએટ થએલો એક દક્ષણી યુવાન વિદ્યા, જ્ઞાન અને સમૃદ્ધિમાં અગ્રગણ્ય દેશ અમેરિકાનાં સ્વપ્નાં સેવી રહેલ હતો. એની એક અભિલાષ હતી : અમેરિકામાં વસી નસીબ અજમાવવાની. એ યુવાનનું નામ વી. આર. કોકટનુર.

સ્વપ્નસૃષ્ટિમાં વિચરતાં આખરે સાક્ષાત્કાર પામવાની ધન્ય ક્ષણ આવી પહોંચી. કેલિફોર્નિયામાં પોતાની જમીનમાં બટેટાંનું વાવેતર કરી, તેમાંથી સમૃદ્ધ બનેલા એક શીખ ગૃહસ્થે હિંદી વિદ્યાર્થીઓ માટે ડઝનેક સ્કૉલરશિપ કાઢી હતી. જે 'પૉટેટો સ્કૉલરશિપ'ના નામથી ઓળખાતી. કોકટનુરે આ પૈકી એકના ઉમેદવાર બની પોતાનું નસીબ અજમાવવા રૂા. ૧૫૦૦) ગાંઠે બાંધી ૧૯૧૨માં હિંદનો કિનારો છોડયો. અને થોડા દિવસ પછી ન્યૂયૉર્ક–નવી દુનિયા પર એ અજાણ્યા મુસાફરે પગ મૂકયો. પણ ત્યાં નહિ રોકાતાં ઑકલૅંડ કેલિફોર્નિયા ગયા. આ વેળા કોકટનુર પાસે ગણીને માત્ર પાંચ ડૉલર —ભૂખને થીગડાં દેવા—રહ્યા હતા, તે પણ એક લુચ્ચા ટેક્ષી-ગાડીવાળાએ છીનવી લીધા. આ પ્રસંગનું વર્ણન કરતાં તે કહે છે કે 'મારા પાંચ ડૉલર ગયા તેની મને જરા યે પડી નહોતી; પણ મને બેવકૂફ બનાવી એક ટેક્ષીવાળો છટકી ગયો તે ઘણું નામોશીભર્યું લાગ્યું. પણ હું છેક એવો નહોતો. પસાર થતી ટેક્ષીનો નંબર મેં ટાંપી લીધો હતો. એટલે હું તો લાગલો જ પોલિસ અમલદાર પાસે ગયો અને બનેલી વાતથી વાકેફ કરી ફરિયાદ નોંધાવી. થોડા જ સમયમાં ગુનેહગાર પોલિસને હાથ લાગ્યો ને મને મારા પાંચ ડૉલર પાછા મળ્યા. મને શાબાશી આપતાં પોલિસ અમલદારે કહ્યું કે 'મેં તમારા જેવા ચાલાક પરદેશી ભાગ્યે જ જોયા છે.'

આટલે સુધી ઘસડી લાવનાર પેલી 'બટેટાં સ્કૉલરશિપ' વાળા શીખ ગૃહસ્થની શોધ કરતા તે સાન ફ્રાન્સિસ્કો પહોંચ્યા, પણ ત્યાં નસીબ ફરી વળ્યું હતું. તે સાલ બટેટાંનો પાક નિષ્ફળ ગયો હતો અને તે સાથે સ્કૉલરશિપ પણ ઊડી ગઇ હતી. તેમના જેવા જ બીજા ઉમેદવારો સાથે તેમને બટેટાંની એક વખારમાં ઉતારો મળ્યો. પાસે પૈસાનાં કંઇ ઠેકાણાં નહોતાં એટલે ત્રણ ટંક માત્ર બટેટાં ઉપર જ તેણે ગુજાર્યા. ઠંડીમાં બિછાના તરીકે પણ બટેટાંના કોથળા જ મળતા હતા. એટલે તેઓ ખરેખરા બટેટાંના જ સ્કૉલરો બન્યા હતા. આખરે ધીરજ ખૂટતાં તેણે એ સ્કૉલરશિપ જતી કરી અને ખુલ્લી સૃષ્ટિમાં બીજે નસીબ અજમાવવા ધાર્યું.

સીનેમાના પડદા પર જોઇએ છીએ એવું આજનું કેલિફોર્નિયા બે દસકા પહેલાં એક જંગી રાન હતું. જંગલમાં એક ખેતરમાં શાકપાન ઊચકવાં, ઘઉં ચૂંટવા એવી ૧૧ કલાકની કાળી મજૂરીની તેને નોકરી મળી. રાત પડયે શરીર થાકીને શબવત્ બની પથારીમાં પડતું ત્યાં બીજો આનંદ તે શો મળે.

'કૅનીંગ' એટલે વસ્તુઓ બગડે નહિ એવી રીતે સંગ્રહ કરી લેવાની ક્રિયા. એ તેને શીખવાની ઉત્કંઠા હતી અને તે માટે લગભગ ૧૫૦ જેટલી પ્રખ્યાત કૅનીંગ ફૅકટરીઓમાં કામ મેળવવા તેણે અરજીઓ કરી. પણ એકેમાં ફાવ્યા નહિ.

ઘણા લક્ષાધિપતિ ચીનાઓ આવી કૅનીંગ ફૅકટરીઓ ચલાવતા. તેઓ પૂર્વવાસી તરીકે પોતાને રાખી લે એમ માની તે આવી એક ફૅકટરીમાં સાથીઓની સલાહ પ્રમાણે અરજી નહિ કરતાં મેલાં લૂગડાં પહેરી, ઉમેદવારી માટે રાહ જોતા કેટલાક મજૂરોની સાથે લાઇનમાં ઊભા રહ્યા; અને નોકરીમાં દાખલ

થઈ ગયા. ત્યાં તેનું કામ ફળોનાં ખોખાં ઊંચકી સાફ કરવાના ટેબલ પર મૂકવાનું હતું. એકાદ અડવાડિયું એ કામ કર્યું અને આકરૂં લાગવાથી છોડી દીધું. આ વખતે તેના હાથમાં સાતેક ડૉલર આવ્યા હતા તે લઇ કૅલિફોર્નિયા યુનિવર્સિટીમાં ' કૅનીંગ 'નો શાસ્ત્રીય અભ્યાસ કર્યો. પણ તેથી બહુ વળે નહિ, એમ વિચાર કરી કોઈ પણ ફૅક્ટરીમાં એ ધંધાનો અનુભવ લેવા મનસૂબો કર્યો. એ કામ ઘણું કપરૂં હતું. કોઈ પણ અજાણ્યાને આવી ફૅક્ટરીમાં દાખલ કરવામાં આવતા નહિ. આથી તેણે એક યોજના ઘડી કાઢી અને એક પ્રોફેસરનો વિશ્વાસ મેળવી તેની મદદથી એ પાર ઉતારી. V. R. Kokatnur, B. Sc., Department of Industrial Zymology, University of California. આ રીતનાં પોતાના નામનાં વિઝિટીંગ કાર્ડ છપાવી લીધાં. અને તે જ પ્રોફેસરની મદદથી યુનિવર્સિટીના નામના થોડા કાગળ મેળવી તેના પર શોધનો ક્રમ ટાઇપ કરી લીધો. આટલી તૈયારી સાથે કૅલિફોર્નિયાના કૅનીંગ ધંધામાં મોટામાં મોટા ગણાતા અને દુનિયાની કૅનીંગ ફૅક્ટરીઓના મોટા વેપારીઓની એસોસીએશનના પ્રમુખ મિ. બેન્ટલી પાસે પહોંચ્યા. બેન્ટલી સાહેબના હાથમાં તેનું કાર્ડ પહોંચ્યું ત્યારે તેઓ ઝીમોલૉજી શબ્દથી વિચારમાં પડ્યા અને તુરત તેને અંદર બોલાવ્યા. ધંધાના મોટામાં મોટા સત્તાધારી અને ધનાઢ્ય આસામીને આ રીતે મોઢેમોઢ મળી શકાયું બેન્ટલીએ પણ ઝીમોલૉજી શબ્દ નહોતો સાંભળ્યો. તે શાસ્ત્રીય નામ છે. ઝીમોલૉજી એટલે આથો આણવો. ઝીમોલૉજી જેવા શાસ્ત્ર માટે ૧૦,૦૦૦ માઇલ દૂરથી આવનાર યુવાન સામે તેઓ આદરથી જોઈ રહ્યા અને તેના અભ્યાસ માટે બધી સગવડ આપવાની ભલામણ સાથે મુખ્ય મૅનેજર પાસે મોકલ્યા.

શેઠની ભલામણથી અને યુનિવર્સિટીના શોધક તરીકે આવેલા માણસને મૅનેજરે બહુ સન્માનથી ફૅક્ટરી બતાવી આવી ફૅક્ટરીમાં ખાલી નજર કરનારાને પણ કોઈ પેસવા દેતા નથી. મળેલી તકનો ખૂબ લાભ લેવાનો કોકટનુરે નિશ્ચય કર્યો. તેણે જોયું કે આટલી મોટી ફૅક્ટરીમાં કોઇ શાસ્ત્રીય ધોરણે કામ નથી કરતું. મૅનેજર પણ અનુભવથી જ ઘડાએલો હતો અને એક પણ લેબોરેટરી નહોતી.

એ વખતનો કૅનીંગનો ધંધો હિંદુસ્તાનનો કુંભાર ચીનાઇ વાસણનો ધંધો જેટલો જાણે એટલો જ મૂળ સ્થિતિમાં હતો. તેણે મૅનેજર પાસે પોતાને માટે એક બાજુએ ટેબલ વગેરે સાધનો બીજા દિવસે તૈયાર રાખવા માગણી કરી. મૅનેજરે તુરત ફોરમૅનને બોલાવી સૂચનાઓ આપી દીધી. મોટા શેઠની ભલામણ થઇ જ ગઈ હતી પછી શું પૂછવું?

'પણ મિ. કોકટનુર તમારા રોજનું શું?'

'રોજ ગમે તે.' કોકટનુરને તે વખતે પૈસાની જરૂર હતી પણ તેની ખબર પડવા દેવી નહોતી. ખીસામાં તળિયું દેખાતું



ડૉ. વી. આર. કોકટનુર

હતું. છતાં તેણે મજૂરના રોજ જેટલું માત્ર ૧૫ સૅંટ મળે તો ય ચાલશે એમ બેપરવાઇ બતાવી.

બીજે દિવસથી તેણે કારખાનામાં કામ શરૂ કર્યું. યુનિવર્સિટીમાંથી માઇક્રોસ્કોપ વગેરે જોઈતાં સાધનો ભાડે આણ્યાં. મરજી પ્રમાણે ફાવે તે ભાગમાં કામ કરવાની તેને છૂટ હતી. પ્રથમ તો તેને બે ડબા આપવામાં આવ્યા. એક સારો અને બીજો નકામો થઇ ગએલો. તેણે સડેલા ડબામાંથી જંતુઓનો ઉછેર કરી સૂક્ષ્મદર્શકની પ્લેટ પર રાખી તેમનાં સ્વરૂપો નક્કી કર્યાં. એક દિવસ તેણે મૅનેજરને આ માઇક્રોસ્કોપથી બતાવ્યું. મૅનેજર તો આભો જ બની ગયો. તેણે કદી આ યંત્ર જોયું નહોતું. તેણે ફૅક્ટરીના બીજાં માણસોને આ વાત કરી. કોકટનુરને બધા જાદુગર ધારવા લાગ્યા. પણ તેણે એ લોકોને રબરને તાણવાથી મોટું થાય છે તેમ સૂક્ષ્મદર્શકમાં પદાર્થ મોટો દેખાય છે એ બતાવ્યું. અને કઇ રીતે બેક્ટીરિયા-જંતુસૃષ્ટિ જન્મ પામે છે, કેવી રીતે એ જંતુઓ ગૅસ-આથો ઉત્પન્ન કરે છે ને તેને લઈને કૅન અમુક જગ્યાએથી ફૂલે છે તથા નકામું થઈ જાય છે. વળી તેને નાબૂદ કરવા શું કરવું વગેરે સવિસ્તર સમજાવ્યું. તેની આટલી શોધ મિ. બેન્ટલીને ખુશ કરવાને બસ હતી.

એક વાર તેણે બેન્ટલીને જણાવ્યું કે જો આપણે દૂધપાકને ડબામાં ભરી વેચ્યો હોય તો સારો ઉપાડ અને ફાયદો થાય. બેન્ટલી તો સ્તબ્ધ જ થઇ ગયા! તેને આ વાત ગળે ન ઊતરી. દૂધપાક ઘણા દિવસ રહે તો બગડી જ જાય; અને ધારો કે રહે તો બહુ ખર્ચાળ થાય અને તે ન પોષાય એમ તેને લાગ્યું. પણ કોકટનુરે તે સાબિત કરી બતાવ્યું. એક દિવસ તેણે દૂધપાક ભરેલા બે ડબા તેની પાસે મૂક્યા. જેવો ને તેવો દૂધપાક જોઇ બેન્ટલી નવાઇ પામ્યા, પછી તેણે કેટલા પ્રમાણમાં ગરમી આપીને ડબામાંથી બધી હવા બહાર કાઢી નાખવી વગેરે બધું તેણે બેન્ટલીને સમજાવ્યું.

આ પછી તો એ દૂધપાકના ડબાનો વેપાર જામતો ગયો. અને બેન્ટલીની કમાણી અનેકગણી વધી ગઇ. આ રીતે તેણે રાંધેલાં ફળો પર અખતરા શરૂ કર્યા. અને તેને કૅનમાં લાંબો વખત રાખવાને નવાનવા નુસખા શોધવા માંડ્યા.

આપણે તો વર્ષોથી જાણીએ છીએ કે મીઠાના પાણીમાં રાખેલ વસ્તુ–અથાણું વગેરે–ઘણો સમય સુધી જેમની તેમ રહે છે. પણ એ લોકો બધામાં મીઠું પાણી જ વાપરતા. કોકટનુરે ફળોને મીઠાના પાણીમાં ધોઇ તેનો ઉપયોગ કરવા માંડયો. યુરોપને કોકટનુરે જ શીખવ્યું કે મીઠાના પાણીમાં રાખેલી ખાવાની ચીજ લાંબો વખત ટકે છે!

આ પછી તો તેણે ફળો વગેરેમાં કેસર વગેરે તેજાનાનો ઉપયોગ કરવા માંડયો. આથી તેના સ્વાદમાં ઓર વધારો થયો અને તેનો જબરો ઉપાડ થવા લાગ્યો. ઇટાલિયન, ચાઈનીઝ, ગ્રીક વગેરે પ્રજાઓને કોકટનુરની વાનગીનો સ્વાદ બહુ જ પસંદ પડયો. અને તેનો ચસકો લાગ્યો. ડુંગળીને પણ તેણે છોડી નહિ, તેને પણ કૅનમાં સંઘરી વેચવા માંડી. આ બધી શોધોથી તેનું ગજવું ભરાયું. હજારો ડૉલર તેને મળવા લાગ્યા. અને તે જામી પડયા.

આ જાતકમાણીમાંથી તેણે ત્યાં એક મોટી લેબોરેટરી ઉઘાડી જે આજે અમેરિકામાં પ્રખ્યાત છે.

તેના અખતરા અને સંશોધનથી તેને રસાયનશાસ્ત્રમાં 'ફેલોશિપ' મળી. અને પી. એચ. ડી.ની ડિગ્રીનું માન પામ્યા.

આ ઉપરાંત તેણે બીજી બારિક મહાન શોધો કરી છે. અને તેની સર્વદેશીય 'પેટંટો' લીધી છે. તેની એક મહાન શોધ 'ઍરોપ્લેન ડોપ'–ઍરોપ્લેનનું વારનીસ–ના નામથી જાણીતી છે. આ શોધથી જલદ-સળગી ઊઠે તેવો પદાર્થ કાબુમાં આવ્યો છે. વળી એ પદાર્થ ઍરોપ્લેનના પંખાને લગાડવાથી તે મજબૂત બને છે. તેને અગ્નિ તેમજ પાણી અસર કરી શકતું નથી. એટલે કે તે 'ફાયર પ્રુફ' અને 'વૉટર પ્રુફ' છે! તેની બીજી એક શોધ ટર્કીરેડ અથવા કસુંબલ રંગ જે હિંદમાં રૂ અને ઊનના માલમાં વપરાય છે તેને લગતી છે. આ રંગ ઘણા જ મોટા પ્રમાણમાં વરસે લગભગ ૫ થી ૮ લાખ ડૉલરની કિંમતનો હિંદમાં આવે છે. તે માને છે કે આ રંગ હિંદમાં જર્મની કરતાં પણ સસ્તો પડે.

સાબુના ધંધામાં પણ તેણે અગત્યની શોધ કરી છે. એક સૈકા પહેલાં એક ફ્રેંચમેને સાબુની શોધ કરેલી. અને લગભગ ૨૫ વરસ થયાં તેમાંથી ગ્લીસરીન જૂદું પાડવાનું શોધાયું હતું. પણ તે મોટા કારખાનાં સિવાય થોડા જથ્થા માટે બહુ મોંઘું પડતું. કોકટનુરની પદ્ધતિ પ્રમાણે એક શેર સાબુની બનાવટમાં પણ એ ગ્લીસરીન બચાવી શકાય છે. આ શોધનું તેણે જર્મનીમાં 'માસ્ટર પેટંટ' મેળવેલ છે.

આ રીતે ડૉ. કોકટનુરે અનેક અડચણો વેઠી જાતમહેનત અને બુદ્ધિસામર્થ્યથી પારકા પ્રદેશમાં વસી જ્વલંત કીર્તિ પ્રાપ્ત કરી છે.

૨૦ વર્ષ પરદેશમાં વસી આજે એ માતૃભૂમિનાં દર્શન કરવા આવ્યા છે. હિંદ તેમની હાજરીનો લાભ ઉઠાવે અને તેમના ચારિત્ર્યમાંથી હિંદી યુવાનો ધડો લે. (સંચિત)

યુદ્ધમાં કબૂતરનો ઉપયોગ

કહેવાય છે કે કબૂતરની આંખે પાટા બાંધી તમે તેને માઇલોના માઇલ આઘે લઇ જઈ છોડી મૂકો તો પણ તે સીધું ઘેર જ આવવાનું. પાટા બાંધ્યા છતાં કબૂતર દિશાધ્યાન બરાબર રાખી શકે છે. વળી તમે તેને વાંકેચૂંકે રસ્તે લઇ ગયા હો છતાં એ રસ્તે જ પાછું ન આવતાં એ તો સીધું એક જ રેષામાં ઘેર પાછું વળે છે. કબૂતર જેટલું દિશાભાન અને ઘેર પાછા વળવાની પ્રબળ વૃત્તિ ભાગ્યે જ બીજા કોઈ જનાવરમાં જોવામાં આવે છે.

રજપૂત યુદ્ધોમાં અને જૂના કાળમાં હિંદમાં કબૂતરનો ઉપયોગ યુદ્ધમાં થતો હતો એનાં પ્રમાણ મળે છે. અકબર બાદશાહને કબૂતરનો શોખ હતો એમ કહેવાય છે. પણ કોઈ પણ કળા સાચવી રાખવાના અથવા તેને પૂરતું ઉત્તેજન આપવાના પ્રયાસો અંગ્રેજી રાજ પછી તો આપણે ત્યાં નથી જ થયા. પણ દરેક શાસ્ત્ર અને દરેક કળાનો ઝીણવટથી અભ્યાસ કરવા પાછળ લેવાતી અમેરિકનોની અથાગ મહેનત અને તેને લોકો તરફથી અપાતું ઉત્તેજન ખરેખર અનુકરણીય છે.

હિંદુસ્તાનને તો 'એ કળા મૂળ અમારી' એવું અભિમાન રાખવા સિવાય બીજું કાંઇ રહ્યું નથી. કીડીથી માંડીને તે હાથી સુધી સર્વ પ્રાણીઓનું અવલોકન કરવાનું, તેમની ખાસિયતો જાણવાનું, તે ઉપર પુસ્તકો લખવાનું વગેરે બધું કામ હિંદુસ્તાનના કુમાર વર્ગનું નહિ તો બીજા કોનું?

મનાતું હતું કે કબૂતરો રાતનાં નથી ઊડી શકતાં. પણ સ્વાર્થી માણસજાત ઉપર આધાર રાખવાને કારણે બીચારાંઓને હવે એ ટેવ પાડવી પડી છે. યુરોપમાં જે છેલ્લું મહાયુદ્ધ થયું તેમાં ખબરો લઈ જવાનું કાર્ય કબૂતરો કરતાં. વાયરલેસથી, ટેલિગ્રામથી, ટેલિફોનથી કે માણસો દ્વારા જેટલી ખબરો પહોંચાડાઇ તેનાં કરતાં વધારે ખબરો કબૂતરો મારફતે મોકલવામાં આવી હતી! યુદ્ધના સમય સુધી કબૂતરો રાત્રે ઊડી શકતાં નહિ; યુદ્ધના અનુભવ ઉપરથી લાગ્યું કે જો કબૂતરો રાત્રે ઊડી શકે તો સંદેશા લઇ જવાનું કાર્ય ઘણી સુલભ રીતે થઇ શકે. યુદ્ધ પછી અમેરિકામાં રાત્રે કબૂતરોને ઊડાડવાના પ્રયત્નો થવા લાગ્યા અને ખૂબ મહેનત તથા ખંતને અંતે હવે રાત્રે ઊડનારાં કેટલાં યે કબૂતરો તૈયાર થયાં છે.

આ રીતે તૈયાર કરેલાં છ કબૂતરો એક રાત્રે 'મનમાઉથ'ના કિલ્લા ઉપરથી છોડવામાં આવ્યાં. અંધારી રાતે તેર માઇલની મુસાફરી કરી એ બધાં પોતાના કબૂતરખાનામાં સુરક્ષિત જઈ પહોંચ્યાં. આમાંથી એક તો—જેને સૌથી ઓછો વખત લાગ્યો હતો—વીસ મિનિટમાં આવી પહોંચ્યું હતું! અમેરિકાના જર્સી કિલ્લાનાં કબૂતરો હજારો માઈલ દૂર પનામાં, ફિલિપાઇન વગેરે ભાગોમાં મોકલવામાં આવ્યાં હતાં. એમણે તો વળી રાત્રે ઊડવામાં એથી યે વધારે પ્રાવિણ્ય દેખાડયું.

રાત્રે ઊડનારાં સંદેશ-વાહક કબૂતરોનો મોટામાં મોટો

ફાયદો તો એ છે કે તેઓ રાત્રે દુશ્મનની નજરે ચડયા વગર આબાદ સંદેશા લઇ જઇ શકે છે. ગયા મહાયુદ્ધના વખતમાં—જ્યારે કબૂતરો દિવસે ઊડતાં ત્યારે શત્રુઓ પરસ્પરના કબૂતરને દેખે કે તરત જ ગોળીથી વીંધી નાખતા. જર્મનોએ તો કબુતરો મારવા માટે ખાસ બાજ અને શકરા પણ રાખેલા. પણ આ બાજ અને શકરા તો શત્રુ-મિત્રનો ભેદ રાખ્યા વગર અભેદ બુદ્ધિથી કામ કરતા અને પોતાનાં કબૂતરો પણ મારતા!

કબૂતરોનો રાત્રિનો ભય મટાડવા માટે રીતસર પ્રયોગો કરવામાં આવેલા. છેલ્લા યુદ્ધમાં જે કબૂતરો સાંજે મોડાં ઘેર પહોંચતાં એમનો ઇતિહાસ સંગ્રહિત કરવામાં આવ્યો. પછી એ બધાં પક્ષીઓ અને એમનાં સંતાનોની સાંજે ઊડવાની પરીક્ષા કરવામાં આવી. આ પરીક્ષામાં જે પક્ષીઓએ કાંઇક પણ પ્રાવિણ્ય દેખાડયું એમને ખાસ ઓલાદ પેદા કરવા માટે રાખવામાં આવ્યાં.

કેવળ સાંજે ઊડવાની પરીક્ષા જ બસ ન હતી. અમુક કબૂતરની પહેલી કેટલી પેઢીઓ સંદેશ-વાહક કબૂતરો ઉત્પન્ન કરતી હતી એ પણ જોવામાં આવતું આ બંનેના મિશ્ર વંશવાળાઓમાં બે ટેવો ખૂબ પ્રબળ થઇ ગઇ; એક તો અંધારામાં ઊડવું અને બીજી ઘરનું આકર્ષણ. શરીરે પણ આ વંશ ખૂબ રુષ્ટપુષ્ટ બન્યો. હવે સો માઇલ તો તેઓ અનાયાસે ઊડી શકે છે.

રાત્રે ઊડવાનું શિક્ષણ તદ્દન બચપણથી જ અપાય છે. અઢાર દિવસનું બચ્ચું થાય કે તરત જ તેને કબૂતરખાનામાંથી કાઢી અંધારામાં બેસાડવામાં આવે છે, જેથી બધી ચીજોને એ રાત્રે ઓળખી શકે. પણ આ જાતની સ્વતંત્રતા તો એને બહુ જ થોડો વખત આપવામાં આવે છે. પછી તો તરત જ તેઓને પાછાં કબૂતરખાનામાં ગોંધવામાં આવે છે. આ કબૂતરખાનાનું બારણું ચાર ઇંચ લાંબુ અને એક ઇંચ પહોળું હોય છે. એને લીધે એ ઉઘાડું રહે તો પણ કબૂતર બહાર નથી નીકળી શકતું. અંધારામાં બધી વસ્તુઓ ઓળખવાને માટે છ અઠવાડિયાંનો શિક્ષણક્રમ હોય છે.

ઊડવાની તાકાદ આવે એટલે એમને રોજ અરધોઅરધો કલાક ઉડાડવામાં આવે છે. અંધારૂં થાય એટલે દાણા ભરેલા ટીનના ડબા વગાડી એમને નીચે ઉતારી ખવડાવવામાં આવે છે.

ઊડવાનું શીખ્યા પછી બે અઠવાડિયે અરધો માઇલ દૂર ઝાડપાન કે મકાન વિનાના એક મેદાનમાં એમને છોડવામાં આવે છે. આ રીતે છોડવાથી એ પોતાની હમેશની રીત મુજબ અંધારામાં ચૂપચાપ બેસી જાય છે. પણ જો આકાશ તરફ એને જોરથી ઉડાડી મૂકવામાં આવે તો અંધારૂં હોવા છતાં ઊડીને તેઓ ઘેર પાછાં આવે છે. પછી આ અંતર ધીરેધીરે વધારવામાં આવે છે અને સો માઇલ સુધી પહોંચ્યે તેમનું શિક્ષણ સમાપ્ત થાય છે.



ઉપર : સંદેશવાહક કબૂતરના પગમાં ચિઠ્ઠી સંતાડવામાં આવે છે. વચમાં : અંધારી રાતે ઊડવામાં અસાધારણ ઝડપ ધરાવતું 'લીલી' નામનું કબૂતર. નીચે : છાતીમાં ગોળી ઝીલી, એક પગનો ભોગ આપી ૨૫૦ સૈનિકના પ્રાણ બચાવનાર 'શેર એમી'.

શિક્ષણકાળમાં જેમ કબૂતરની અંધારામાં ઊડવાની શક્તિ ખીલવવા તરફ ધ્યાન અપાય છે તેમ તેની ઘેર પાછા વળવાની વૃત્તિ પ્રબળ બનાવવા તરફ પણ પૂરતું લક્ષ અપાય છે. આ માટે એમને ઊડતાં પહેલાં ચોવીસ કલાકનો ઉપવાસ કરાવે છે અને ઘેર આવતાં જ ખાવાનું અપાય છે. વળી જ્યારે જોડું ઊડવાનું હોય છે ત્યારે નર અને માદાને અલગ કરવામાં આવે છે. આને લીધે પણ ઘર તરફનું તેમનું આકર્ષણ પ્રબળ બને છે.

આમ તાલીમ પામેલું કબૂતર કલાકના પચાસ માઇલ સુધી ઊડી શકે છે. ગયે વરસે અમેરિકાની પક્ષીઓની શરતમાં 'ડો વાય' નામનું કબૂતર કલાકના સાઠ માઈલ ઊડયું હતું. 'ટોપેકા હેન' નામનું કબૂતર 'સતત ઉડયન'ની શરતમાં સૌથી વધારે—પંદરસો માઇલ—ઊડયું હતું!

છેલ્લા મહાયુદ્ધના સંદેશવાહકોમાંથી હવે માત્ર બે કબૂતરો જીવે છે. એમાંના 'દી મકાર' નામના કબૂતરે એક આંખ ફૂટી જવા છતાં પણ સંદેશો યોગ્ય જગ્યાએ પહોંચાડયો હતો. જેના પરિણામે અનેક અમેરિકન સૈનિકોના પ્રાણ બચી ગયા

હતા. બીજું 'સ્પાઈક' છે. એણે બાવન અત્યંત મહત્ત્વની ખબરો પહોંચાડી હતી. પણ યુદ્ધના વખતમાં ખૂબ પ્રખ્યાત થએલું તો 'શેર એમી' નામનું કબૂતર હતું. એને છાતીમાં ગોળી વાગી અને એક પગ ઊડી ગયો, તો પણ પઠ્ઠાએ ખબર તો પહોંચાડી જ! અને પરિણામ શું આવ્યું? અઢીસો સૈનિકોના પ્રાણ બચ્યા.

[સંચિત] 'ભાઉ'

પગરખાં પહેરતાં પહેલાં—

આટલું ધ્યાનમાં રાખજો કે પગના રક્ષણ માટે તમે તે પહેરો છો, નહિ કે શોખને માટે. તો પછી નીચે આપેલાં સૂચનોથી ફાયદો થશે.

(૧) કદી ચપોચપ જોડા પહેરતા નહિ. કેમકે તેથી લોહી છેક આંગળાં સુધી સરળતાથી ફરી શકતું નથી અને પરિણામે પગ બેડોળ બની જાય છે. બૂટ દોરીવાળા હોય તો બહુ સખત દોરી બાંધતા નહિ.

(૨) પગનો પંજો આંગળાં કે એડી સંકોચાય નહિ તેવાં રમતાં પગરખાં પહેરજો.

(૩) જોડાની અંદરનું તળિયું બરાબર સપાટ, એડી બેઠા-ઘાટની ને પહોળી પસંદ કરજો.

(૪) પગને બંધબેસતા જોડા પસંદ કરજો; જોડાને બંધબેસતા પગ કરશો નહિ.

(૫) જ્યાં સુધી મન માને નહિ ત્યાં સુધી જોડા ખરીદશો નહિ. અને મોચી એવો પસંદ કરજો કે તમારી મનપસંદગી પર ચીડાય કે કંટાળે નહિ.

(૬) ઘણી વખત બંને પગમાં જરાતરા ફેર હોય છે; માટે જોડા ખરીદો ત્યારે બંને પગમાં તે પહેરીને ખાતરી કરજો. જરા પણ સંકોચ ચલાવશો નહિ. જો બંને પગને માફક જોડ ન મળે તો તૈયાર લેવા કરતાં બંને પગનું માપ આપી સીવડાવવા એ વધારે સલાહભર્યું છે.

(૭) જોડાની મજબૂતી, સિલાઇ વગેરેની ખાતરી કરવા માટે વારાફરતી બંને પગ પર આખા શરીરનો ભાર આવે તેમ બીજો પગ અદ્ધર કરી ઊભા રહેજો. તેમ કરવાથી જોડાની સિલાઇ અને ચામડાની જાતની ખાતરી થશે.

(૮) જોડા રમતા પહેરજો, પણ એવા નહિ કે વખત જતાં પહોળા ફાફડા થઇ જાય. પગ રાંટા પડતા હોય તો કાળજીથી પગ સીધા મૂકી ચાલવા સિવાય બીજો કંઇ ઇલાજ નથી. જોડા ખરીદ્યા પછી તેની પૂરતી કાળજી રાખવી આવશ્યક છે. બની શકે તો બે જોડ રાખીને એકએક દિવસને આંતરે પહેરવી. આથી દરેક જોડને એક દિવસનો આરામ મળશે અને તેથી પગનો પરસેવો, પાણીમાં પલળવાથી લાગેલી ભીનાશ વગેરે સુકાઈ પાછા ત્રીજે દિવસે તૈયાર થઇ રહેશે અને જોડાનું આયુષ્ય લંબાશે. થોડાથોડા દિવસે પૉલિસ કરતા રહેવાથી ચામડું કુમાશવાળું રહે છે અને તરડાઇ ફાટવાની બીક ઓછી રહે છે; પરિણામે જોડાનું આયુષ્ય વધે છે. (અંગ્રેજી ઉપરથી)

શરીરમાં પાણીની જરૂરિયાત

શરીરને બહારથી સ્વચ્છ કરવાને આપણે રોજ જલથી સ્નાન કરીએ છીએ. પરંતુ તે જ પ્રમાણે શરીરને અંદરથી પણ સ્વચ્છ રાખવાને પુષ્કળ પાણી પીવું જોઇએ એ વાત ઘણા જાણતા નહિ હોય. માટીના ઘડામાં જે રીતે પાણી બહાર ચૂવે એવાં છિદ્રો હોય છે તેવાં જ સૂક્ષ્મ છિદ્રો આપણી ચામડી ઉપર રૂંવેરૂંવે આવેલાં છે. ચામડીમાંથી પરસેવો નીતરે છે ત્યારે આ છિદ્રોની ક્રિયા સમજાય છે. જેમ એવા માટીના વાસણને લીધે જ પાણી ઠંડું રહે છે, તે જ પ્રમાણે શરીરનાં આ છિદ્રો જ શરીરને ઠંડું રાખે છે. ગરમ ઋતુમાં શરીરમાંથી પરસેવો બહુ નીકળે છે તેનું કારણ પણ એ જ. અને તેથી જ એ ઋતુમાં આપણને તરસ વધારે લાગે છે.

માત્ર પરસેવા વાટે જ શરીરમાંથી પાણી નીકળી જાય છે એમ નથી. મૂત્ર વાટે, ઝાડા સાથે અને શ્વાસ કાઢતી વખતે ઉચ્છ્વાસમાં પણ પાણી બહાર નીકળે છે. આ છેલ્લી વાત ન મનાતી હોય તો અરીસા ઉપર તમારો શ્વાસ કાઢી જોશો એટલે તેની ભીનાશની છાયા તેની પર પથરાએલી તરત દેખાશે. વળી આપણાં લોહી અને સ્નાયુગ્રંથીમાં પોણો ભાગ પાણી જ છે. આ બધા પરથી સ્પષ્ટ થશે કે આપણાં ખાનપાનમાં પાણીની કેટલી જરૂર છે, અને આપણે આમ જુદેજુદે માર્ગે પાણી બહાર કાઢીએ છીએ એટલે તેના પ્રમાણમાં કેટલું પાણી પીવું જોઇએ તે પણ નક્કી કરી શકાશે.

આપણે પૂરતું પાણી ન પીએ તો ચામડીનાં છિદ્રો બરોબર કામ કરતાં નથી અને પરસેવા વાટે શરીરનો જે બગાડ નીકળી જવો જોઇએ તે અંદર રહી જાય છે. એ જ રીતે પૂરતું પાણી ન મળવાથી આપણાં મૂત્રાશય (કિડની) બરોબર ધોવાતાં નથી અને તેમાં મેલ ચોંટ્યો રહે છે, તથા આંતરડાં પણ સૂકાં બની જઈ તેમાં મળ જામવાથી કબજિયત થવા માંડે છે. આમ જ્યાં જ્યાંથી શરીરનો મળ અને કચરો નીકળવાં જોઇએ ત્યાંથી તે નીકળવા પામતાં નથી અને અંતે આપણું લોહી જાડું તથા અશુદ્ધ થઈ રહે છે. પરિણામે ચામડી ઉપર ગડગૂમડ તથા ખસ ખરજવાં ફૂટી નીકળે છે. પેટના બગાડને લીધે ઊંઘનો નાશ થાય છે અને બધા રોગની અસર જલદી થાય એવું શરીર બની જાય છે.

ઉપલી હકીકત પછી એમ લાગશે કે આપણા શરીરને માટે બહાર પાણીની જરૂરત હોય તે કરતાં પણ અધિક જરૂરત અંદર છે. ઘણા માણસને તરસ લાગે છે ત્યારે જ પાણી પીએ છે, પણ ખરી રીતે તો સવારમાં ઉઠ્યા પછી દાતણ કરીને તરત અને રાત્રે સૂતાં પહેલાં એકાદ શેર જેટલું પાણી પેટમાં નાખવું જોઇએ. બાળકો ઘણી વાર પાણી માટે જ રડ્યા કરે છે; બધી વખત કંઇ ભૂખથી રડતાં નથી. ઘણી અજ્ઞાન માતાઓ તે વખતે પાણીને બદલે ધાવણથી તેમને શાંત કરે છે પણ તેથી બાળકને શાંતિ થતી નથી અને તેની

હોજરી ભારે થતી જાય છે. અમુક નિયત વખત સિવાય બાળકોને ઠંડું પાણી જ પાવું જોઇએ તેથી તેમને બહુ લાભ થશે. ગમે તે વયના નાનાં બાળકને દિવસમાં એક વાર તો પાણી અવશ્ય મળવું જ જોઇએ.

પણ બીજી વાત ખાસ યાદ રાખજો કે જે પાણી પીઓ તે ઘણું સ્વચ્છ હોવું જોઇએ. આપણા મુલકમાં ઘણાં પાણી મેલાં અને રોગવાળાં હોવાનો સંભવ છે. અજાણ્યાં તળાવ વીરડાનાં કે એવાં પાણી વાપરવાનો વખત આવે ત્યારે ઉકાળીને જ વાપરવાં. નહિ તો ટાઇફોઇડ જેવા ઝેરી તાવ કે કૉલેરા વગેરે રોગો સહજ થઇ જાય. જે તળાવમાં કે કુવામાં લોકો નહાતાં હોય કે કપડાં ધોતાં હોય ત્યાંનું પાણી શરીરને નુકસાનકારક છે.

સૌથી ઉત્તમ પાણી કુવાનું કે વહેતા ઝરણનું. પરંતુ તેની પણ ખાતરી કરી લેવી કે ગટર, ગળાણ કે સડતી વનસ્પતિથી તે બગડેલું ન હોય. ('લિટરરી ડાઇજેસ્ટ')

સહરાના રણમાં વનસ્પતિ !

સહરાના નિર્જીવ રણની ભયંકર શાંતિ અભેદ્ય છે અને તેથી તેના વિશાળ પેટાળમાં સંતાએલી ગૂઢતા કળી શકાતી નથી.

સહરાના મધ્ય રણની ઉત્તરે ડાનેઝરૂફ્ટનો પ્રદેશ લગભગ પાંચ લાખ ચોરસ માઇલ, અને દક્ષિણ તરફનો ૨,૦૦૦ માઈલ પ્રદેશ વિલક્ષણ મનાય છે. નવાઇ લાગશે. પણ એ પ્રદેશમાં પાંચ દસ વરસમાં એકાદ વાર કોઇ જાતની વનસ્પતિ દૃષ્ટિએ પડે છે!

આપણને તો ક્યાંથી ખબર પડે, પણ રણના રાજા જેવા ત્યાંના બુરખાવાળા તુઆરગિઝ Tuarges લોકોની નજરે તે પડે છે. એનું વર્ણન કરતાં તેઓ કહે છે કે કોઈક વાર આ અફાટ રેતાળ પ્રદેશમાં જાદુ થાય તેમ એકાએક આંખો ઠારે એવી લીલી ગીચ વનસ્પતિ ઊગી નીકળે છે, ને તેથી લિલોતરીની વિશાળ શેતરંજી બિછાવી હોય એવું સ્વર્ગીય દૃશ્ય ખડું થાય છે.

દસકે એકાદ વાર, એ શોષાતા રણમાં મેઘરાજા હેલી મચાવી મૂકે છે અને થોડા જ કલાકમાં એ શુષ્ક મરુભૂમિ લીલા લચી રહેલા ફૂલછોડવાઓનો એક વિશાળ બગીચો બની જાય છે! પણ અદેખો સૂર્ય દુશ્મન રણની આ નંદનવનશી શોભા ન સાંખી શકતો હોય તેમ પોતાનાં ઉગ્ર કિરણોથી એ ખીલતા છોડવાઓને બે ચાર દિવસમાં તો હતા ન હતા કરી નાખે છે. આથી ઘડીભર હાસ્ય કરી રહેલું સુક્કું રણ વધારે ભયંકર બને છે.

આ ખરી વાત વાર્તામાંની એકાદ કલ્પના જેવી લાગે છે, અથવા કોઇ તેને મૃગજળ જેવી ભ્રમણા માની નકારી કાઢશે. પણ હમણાં થોડા સમય પર Keu-ક્યુ શહેરના બે સાહસિક વતનીઓ એ રણ ખૂંદી વળ્યા. એ ગૂઢ ગણાતા ભાગની વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ શોધ ચલાવતાં પહેલાં તો તેમને ત્યાંથી કોઇ પણ જાતનું કોઇ પણ છોડને લગતું નામનિશાન મળ્યું નહિ. કાંઇ જીવન જેવું લાગ્યું હોય તો તે માત્ર એક જાતનાં નાનાં રેતીઆ રંગનાં રણના પક્ષી તેમની નજરે પડ્યાં એ જ. તે પણ એવાં કે જ્યાં સુધી ઊડે નહિ ત્યાં સુધી નજરે પણ ન ચડે, એવાં તે રેતી સાથે ભળી જાય છે. પણ આવા રણમાં એ પક્ષીઓનું જીવન શાના ઉપર અવલંબી રહેતું હશે? ઝીણવટથી તપાસ કરતાં ભૂરા રંગનાં ઝીણાં બી તેઓની દૃષ્ટિએ પડ્યાં. આ બી જ તેમનો ખોરાક; અને તે ઉપર જણાવેલા માઇલો સુધી પથરાએલાં હશે.

આ બી સાથે લઇ તે મુસાફર જોડી પોતાના દેશમાં પાછી ફરી. પોતાના બગીચામાં એ બી વાવતાં તેમાંથી સુંદર છોડ ફાલી નીકળ્યા. અને હવે તો તેના પર સુંદર પુષ્પો પણ શોભી રહ્યાં છે. એ એ જ છોડ છે કે જે આટલાં વરસ રણમાં ઊગતાંની સાથે કરમાઇ જઈ લોકોને તાજુબ કરતો. (અંગ્રેજી ઉપરથી)

વજ

સંસ્કૃતમાં જેને વચા અને મરાઠીમાં વેખંડ કહે છે તેને આપણે 'વજ' નામથી ઓળખીએ છીએ. ખાસ કરીને બ્રહ્મદેશ અને આસામમાં તેની પેદાશ થાય છે. તેનાં મૂળ લાંબાં ચપટાં અને ગાંઠોવાળાં હોય છે. ગાંધીને ત્યાંથી તે નજીવી કિંમતે મળે છે. તેની વાસ ઉગ્ર હોય છે. આ મૂળિયાંને આપણે ઘોડાવજ કે ગંધીલા વજના નામથી ઓળખીએ છીએ. તેનો સ્વાદ કડવો-તીખો લાગે છે.

વજની બીજી એક જાત ઇરાન તરફથી આવે છે. તેનો રંગ ધોળો હોવાથી તે ધોળા વજ અથવા તો ખોરાસાની વજથી પણ ઓળખાય છે. પણ ઘણુંખરું ગંધીલો વજ જ આપણે ત્યાં પ્રચલિત છે. એમ કહેવાય છે કે તૈમુર લંગડો હિંદ પર ચડી આવ્યો ત્યારે એનાં માણસો એક ખુશબો તરીકે વજ સાથે લાવેલા. ત્યારથી તેનું વાવેતર હિંદમાં થવા માંડ્યું.

વજ તથા જેઠીમધ સાથે ખાંડી તેની બનાવેલી ફાંકી મધ સાથે ચાટવાથી શરદીથી થએલી જ્વરસ મટે છે.

માથાના સખત દુખાવા વખતે ચોખાના આટામાં વજ મેળવી તેનો લેપ માથે ચોપડવાથી તરત જ દુ:ખતું માથું હળવું પડશે. ખાંડેલા વજની પોટલી કરી સૂંઘવાથી સળેખમ તથા શરદી મટે છે. ૧૦થી ૨૦ ઘઉંભાર વજનું નિયમિત સેવન દમના દરદ ઉપર અકસીર મનાય છે. દસેક ઘઉંભાર વજ દૂધમાં લેવાથી શરદીને લીધે ગળામાં આવેલો સોજો નરમ પડે છે. તથા ગડફી અને ખરેરી પણ નાબૂદ થાય છે.

શૂળ, આફરો, ઘેલછા, અતિસાર, અપસ્માર વગેરેને તે દૂર કરે છે. હીસ્ટીરિયા વાયુ માટે તો તે અકસીર ઔષધ મનાય છે. વધારે પ્રમાણમાં વજ લેવાથી તરત ઉલટી થાય છે. એટલે અબાલવૃદ્ધ અને અશક્ત કફથી પીડાતાં દરદીઓ કે જેઓ કફ કાઢી શકતાં નથી તેમને વધારે પ્રમાણમાં એટલે કે ૩૦થી ૬૦ ઘઉંભાર વજ આપવાથી ઉલટી દ્વારા તે કફ બહાર નીકળી આવે છે. — ડૉ. ટી. મોતીવાળા (બે ઘડી મોજ)

અનાવૃષ્ટિને લીધે પ્રજાને ભયંકર દુકાળમાં સપડાએલી જોઇ ગુજરાતના પ્રજાપ્રેમી કૃપાળુ બાદશાહ મુઝફ્ફરે ખુદાની બંદગી કરેલી કે 'પરવરદિગાર, હું સમજું છું કે પ્રજા હમેશાં રાજાના પાપે જ પીડાય છે. આ દુકાળની આફત મારા પાપનું પરિણામ હોય તો મારી રાંકડી પ્રજાને ન રીબાવતાં મને જ સજા રૂપે દુનિયામાંથી ઉઠાવી લે. મારાથી પ્રજાનું દુઃખ સહ્યું જતું નથી.' અને સાચ્ચે જ, સુલતાનની પ્રાર્થના ફળી હોય તેમ વરસાદ વરસ્યો, વરસ સુધર્યું; પણ તે દિવસથી જ મુઝફ્ફરની તબિયત લથડી ને થોડા જ દિવસમાં તે અવસાન પામ્યો.

અનેકાર્થી શબ્દ : **તારા** = તરનારા; આકાશી પદાર્થ; બીજા પુરુષ એકવચન સર્વનામનું છઠ્ઠી વિભક્તિનું રૂપ.

કોઇ પણ એકમ આંકડાને નવગણો કરીને તે વડે ૧૨૩૪૫૬૭૯ એ રકમને ગુણવાથી જવાબમાં જે સંખ્યા આવશે તે આખી એ એકમના જ આંકડાની બનેલી હશે. જેમકે ૭ લીધો; તેના નવગણા ૬૩; હવે ૧૨૩૪૫૬૭૯×૬૩=૭૭૭૭૭૭૭૭૭. ગમે તે એકમ અજમાવી જુઓ.

બ્રુચને તેલમાં પાંચેક મિનિટ રાખ્યા પછી વાપરવાથી તે હવા અને પાણી માટે દુર્ભેદ્ય તથા વધારે મજબુત બને છે.

છેલ્લા યૂરોપીય મહાયુદ્ધ વખતે ૧૪૦૧૩૫૦ હિંદી સિપાઇઓએ અંગ્રેજોને પડખે રહી પોતાનું લોહી રેડ્યું છે.

અમેરિકાની વિખ્યાત દવા બનાવનારી પાર્ક ડેવીસ કંપનીની લેબોરેટરીમાં એવો સૂક્ષ્મ કાંટો છે જે પર પ્રકાશના કિરણની શક્તિની પણ અસર થાય છે. એક ઔંસના ૧૨૮૦૦૦,૦૦૦મા ભાગનું વજન કરવાની તેનામાં શક્તિ છે!

લાલ ટમેટાંને અરધી મિનિટ ઉકળતા પાણીમાં રાખી પછી પાંચેક મિનિટ ઠંડા પાણીમાં રાખશો તો તેની છાલ સહેલાઇથી ઊતરી જશે.

ઢીલી પડી ગએલી બેઠકવાળી ખુરશીનાં નેતરને વૉશિંગ સોડા નાખેલા ગરમ પાણી વડે ખૂબ પલાળીને છાંયામાં હવાની આવજાવાળા સ્થળે સૂકાવા મૂકવાથી નેતર તંગ થઇ જશે. સોડાવાળું પાણી ખુરશીના લાકડાને લાગવા ન દેતા; નહિતર તેનો વારનિશ ખરાબ કરશે.

કરચલાનું હાડપીંજર બીજાં પ્રાણીની પેઠે શરીરની અંદર નથી હોતું, પણ બહાર હોય છે; અને માંસમાવો બધું અંદર!



પૅરૅફિનમાં બોળેલું રૂનું પોતું ઘડિયાળના અંદરના ભાગમાં મૂકી ઢાંકણું વાસી થોડા દહાડા રહેવા દેજો. પૅરૅફિનમાંથી ધુમાડા નીકળીને બધાં ચક્કરો પર ચડેલી ધૂળ છૂટી પાડી નીચે જમા કરશે.



અગિયાર વરસની આ મદ્રાસી બાળા બનકી અમ્મા કોઈપણ ટાઈપિસ્ટની હરીફાઈ કરી શકે એવો અચ્છો કાબુ ટાઇપરાઈટરો પર ધરાવે છે. થોડા માસ પર મદ્રાસમાં ભરાએલા ઔદ્યોગિક કલા પ્રદર્શનમાં તેણે જુદીજુદી બનાવટનાં ટાઈપરાઇટરો પર પોતાની અવિરત ઝડપ ને કુનેહ બતાવ્યાં હતાં. માતૃભાષા તેલુગુ હોવા છતાં આ ઉમરે અંગ્રેજી પર તે સરસ કાબુ ધરાવે છે ને સંગીતશાસ્ત્રમાં પણ નામના મેળવીછે.

બોરસલીના બીજનું ચૂર્ણ ગમે તેવા ઢીલા ને હાલતા દાંતને અચળ બનાવે છે.


તોળાઇ રહેલો બડક ની ચીરા (કોલોરાડો) અમેરીકા